# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

દિશા પટાણી સાથેના સંબંધના સમાચારો પર તલવિંદરની પ્રતિક્રિયા



પેજ-09

હર્ષિત રાણા ટી-20 વર્લ્ડ કપ 2026 માંથી બહાર થયો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 19.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5

JSW સિમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ 2026 માટેના નાણાકીય પરિણામો...

07 FEBRUARY-2026 SATURDAY



પેજ 10

ભારત-યુરોપ મુક્ત વ્યાપાર સમજૂતી બાદ મહત્વનો પ્રવાસ

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 83580.40 | ▲ 266.47 |
| નિફ્ટી | 25693.70 | ▲ 50.09 |
| સોનું | 153347.00 | ▲ 1276.00 |
| ચાંદી | 239565.00 | ▼ 4250.00 |


વર્ષ-15 I અંક-086 I વિક્રમ સંવત-2082 I મહા વદ-06 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ઈસ્લામાબાદમાં ઈમર્જન્સી | આતંકવાદ સામે ફરી એકવાર માનવતા હારી ગઈ, ઈમામબાડામાં ચારેકોર લાશોના ઢગલા

# પાકિસ્તાનમાં શિયા મસ્જિદમાં બ્લાસ્ટ, 69+ મોત, 169 ઘાયલ

(એજન્સી) ઇસ્લામાબાદ I તા. 06

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારનો દિવસ અત્યંત ગોઝારો સાબિત થયો છે. જ્યારે લોકો ખુદાની બંદગીમાં માથું નમાવી રહ્યા હતા, ત્યારે આત્મઘાતી હુમલાખોરે પવિત્ર મસ્જિદને રક્તરંજિત કરી દીધી. આ હુમલામાં અત્યાર સુધીમાં 69 લોકોના કરુણ મોત નીપજ્યા છે. ચારેબાજુ ગુંજતી એમ્બ્યુલન્સના સાયરન અને સ્વજનોની કીકિયારીઓથી ઈસ્લામાબાદની હવા પણ આજે રડી પડી છે. સ્થાનિક સૂત્રો અને મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ હુમલો ઈસ્લામાબાદના એક જાણીતા ઈમામબાડામાં થયો હતો. ધમાકો એટલો ભયાનક હતો કે મસ્જિદની છત અને દીવાલોના ટુકડા થઈ ગયા હતા. હોસ્પિટલોમાં હાલ ભયાનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે, જ્યાં 169થી વધુ ઘાયલો પોતાની અંતિમ શ્વાસ ગણી રહ્યા છે. સમગ્ર શહેરમાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે અને પોલીસ પ્રમુખે ઈમર્જન્સીના આદેશ આપ્યા છે.

### પાકિસ્તાન હવે આતંકવાદના મામલે વિશ્વમાં બીજા ક્રમે

### હુમલાખોર સુરક્ષા વ્યવસ્થામાં ગાબડું પાડીને મસ્જીદમાં ઘૂસ્યા

હુમલાખોર સુરક્ષા વ્યવસ્થામાં ગાબડું પાડીને અંદર ઘૂસી ગયો હતો. આ કોઈ પહેલી ઘટના નથી; ગત નવેમ્બરમાં પણ કોર્ટની બહાર આવા જ હુમલામાં નિર્દોષોએ જીવ ગુમાવ્યા હતા. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2025 મુજબ, પાકિસ્તાન હવે આતંકવાદના મામલે વિશ્વમાં બીજા ક્રમે આવી ગયું છે. ટીટીપી અને બલૂચ આર્મી જેવા સંગઠનોએ આખા દેશને બાનમાં લીધો હોય તેવું લાગે છે. ખૈબર પખ્તુનખ્વાથી લઈને ઈસ્લામાબાદ સુધી, ગંગા-યમુના જેવી શાંતિ હવે અહીં ક્યાંય દેખાતી નથી.



### પાક.ના રાષ્ટ્રપતિએ કહ્યું- આ હુમલો માનવતા વિરુદ્ધ

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. આ માહિતી પીપીપી તરફથી X પર જારી કરાયેલા એક નિવેદનમાં આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે નિર્દોષ લોકોને નિશાન બનાવવા એ માનવતા વિરુદ્ધનો ગુનો છે.

### 3 મહિના પહેલાં આત્મઘાતી હુમલામાં 12 માર્યા ગયા હતા

આ પહેલાં પણ 11 નવેમ્બર 2025ના રોજ ઈસ્લામાબાદના G-11 વિસ્તારમાં જિલ્લા અને સત્ર ન્યાયાલયની બહાર આત્મઘાતી હુમલો થયો હતો. એ હુમલામાં 12 લોકોનાં મોત થયાં હતાં અને 30થી વધુ લોકો ઘાયલ થયા હતા.

### ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સમાં પાકિસ્તાન બીજા ક્રમે

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2025 મુજબ, પાકિસ્તાન બુર્કિના ફાસો પછી વિશ્વમાં બીજો સૌથી વધુ આતંકવાદથી પ્રભાવિત દેશ બન્યો છે, જે 2024માં ચોથા ક્રમે હતો. TTPના હુમલાઓમાં 90%નો વધારો થયો છે. બલૂચ આર્મી (BLA)ના હુમલાઓમાં 60%નો વધારો થયો છે. ઈસ્લામિક સ્ટેટ-ખોરાસન (IS-K)એ હવે પાકિસ્તાની શહેરોને પણ નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે. રિપોર્ટ મુજબ, ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પાકિસ્તાનના સૌથી વધુ આતંકવાદથી અસરગ્રસ્ત વિસ્તારો છે, જે દેશમાં થતી તમામ આતંકવાદી ઘટનાઓમાં 90% હિસ્સો ધરાવે છે.

### લોકો લોહીલુહાણ હાલતમાં લોકોએ જીવ બચાવ્યા

વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કિલોમીટરો સુધી સંભળાયો હતો. વાયરલ થયેલા વીડિયો ફૂટેજમાં જોઈ શકાય છે કે ધમાકા બાદ મસ્જિદની અંદર ધુમાડાના ગોટેગોટા ઉડી રહ્યા છે અને લોકો લોહીલુહાણ હાલતમાં જીવ બચાવવા દોડી રહ્યા છે. જે મસ્જિદ થોડીવાર પહેલા અલ્લાહની ઈબાદતથી ગુંજતી હતી, ત્યાં હવે માત્ર કીકિયારીઓ અને એમ્બ્યુલન્સના સાયરન સંભળાય છે.

## માર્ક્સની બીમારી ફેલાઈ ગઈ છે, તમને છેલ્લા વર્ષના ટોપર્સનાં નામ યાદ છે?

# પરીક્ષા પે ચર્ચા'માં સ્ટુડન્ટને PMએ પાઠ ભણાવ્યા

### રાજ્યમાં જ્ઞાતિના આધારે ભેદભાવ વધારતા નિયમો દૂર કરવા જણાવ્યું, પોલીસને કાર્યવાહી કરવાનો આદેશ

(એજન્સી) નવીદિલ્હી I તા. 06

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે 10 વાગ્યે વાર્ષિક 'પરીક્ષા પે ચર્ચા' (PPC) કાર્યક્રમમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. 2026ની આ 9મી આવૃત્તિમાં પીએમ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવમુક્ત રહેવામાં મદદ કરવા અને લર્નિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ટિપ્સ આપી. આ વખતે પરીક્ષા પે ચર્ચા અવશ્ય જુઓ. આ વર્ષે ઘણા રસપ્રદ વિષયો છે, ખાસ કરીને તણાવમુક્ત રહેવાની જરૂરિયાત, શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરવું અને ઘણું બધું." 27 જાન્યુઆરીના રોજ 'પરીક્ષા પે ચર્ચા'ની 9મી આવૃત્તિનો વીડિયો રિલીઝ થયો હતો, જેમાં પીએમ અલગ-અલગ સ્થળોએ બાળકો સાથે સવાલ-જવાબ કરતા જોવા મળ્યા હતા. પીએમ મોદીએ 5 રાજ્ય- દિલ્હી, કોઈમ્બતુર (તામિલનાડુ), રાયપુર (છત્તીસગઢ), દેવ મોગરા (ગુજરાત) અને ગુવાહાટી (આસામ)માં વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરી છે. PPCની 9મી આવૃત્તિમાં 4.5 કરોડથી વધુ નોંધાયેલા સહભાગીઓ અને 2.26 કરોડ વધારાના લોકો હતા, જેમણે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ વર્ષે કુલ સહભાગિતા 6.76 કરોડથી વધુ છે.

### PM બોલ્યા-પંચતંત્ર-અભિમન્યુ પર ગેમ બનાવો

ગોવાના શ્રીજીત ગાડગિલે સવાલ કર્યો કે, મને ગેમિંગમાં ખૂબ જ રસ છે, પરંતુ વાલીઓ સમજતા નથી. હું શું કરું? વડાપ્રધાન મોદીએ જવાબ આપ્યો- ભારત દેશ કહાનીઓથી ભરેલો છે. તમે પોતાની ગેમ બનાવો. પંચતંત્રની કહાની પર ગેમ બનાવો.

### PM બોલ્યા- વિકસિત ભારતને પોતાનું સપનું બનાવો

જ્યારે આઝાદીના 100 વર્ષ પૂરા થશે ત્યારે તમે લોકો 39-40 વર્ષના હશો. તમારે અત્યારથી જ વિકસિત ભારતને પોતાનું સપનું બનાવવું જોઈએ. ભગત સિંહ આઝાદીનું સપનું દિલમાં રાખીને ફાંસી પર ચડી ગયા. જે લોકોએ આઝાદીના 25 વર્ષ પહેલા, 30 વર્ષ પહેલા બલિદાન આપ્યા, તેનાથી જ આઝાદી મળી. પોતાનું સપનું બનાવો કે વિકસિત ભારત માટે મારે શું કરવાનું છે.



### PM બોલ્યા- ગયા વર્ષના ટોપર્સના નામ પણ યાદ છે કે શું?

એક વિદ્યાર્થીના સવાલના જવાબમાં પીએમ મોદીએ કહ્યું- ખબર નથી કે આ માર્ક્સ-માર્ક્સની બીમારી કેવી રીતે ફેલાઈ ગઈ છે. શું તમને લોકોને ગયા વર્ષના ટોપ 1 થી 10ના નામ યાદ છે? આ સિદ્ધિ તો માત્ર થોડા સમય માટે જ હોય છે. આપણે એ જોવું જોઈએ કે ભણતરની આપણા જીવન પર શું અસર થઈ છે, નહીં કે એ કે આપણા માર્ક્સ કેટલા આવ્યા છે.

## 115 કિમી ટ્રેક પર AI દ્વારા રખાશે વોચ, વધુ 5 અંડરપાસ બનશે

# એશિયાટિક સિંહોની સુરક્ષા માટે રેલવેનું 'હાઈટેક' કવચ



(એજન્સી) નવીદિલ્હી I તા. 06

ગીરના જંગલમાં એશિયાટિક સિંહોના રેલવે અકસ્માતો રોકવા માટે કેન્દ્ર સરકાર હવે આધુનિક ટેકનોલોજીનો સહારો લઈ રહી છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સિંહોની સુરક્ષા માટે ગીરમાં વધુ 5 નવા અંડરપાસ બનાવવામાં આવશે અને 115 કિમી લાંબા રેલવે ટ્રેક પર AI આધારિત સિસ્ટમ લાગુ કરાશે.

રેલવે મંત્રીએ માહિતી આપી હતી કે પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન હેઠળના દામનગર-પીપાવાવ સેક્શનમાં 115 કિમીના વિસ્તારમાં ઈન્ટ્રુઝન ડિટેક્શન





સિસ્ટમ (IDS)ના અમલીકરણને મંજૂરી અપાઈ છે.

આ AI આધારિત સિસ્ટમ રેલવે ટ્રેકની આસપાસ સિંહોની ગતિવિધિ પર સતત નજર રાખશે. કોને મળશે જાણ? જો કોઈ સિંહ ટ્રેકની નજીક આવશે, તો સિસ્ટમ તુરંત જ લોકો પાઈલટ્સ, સ્ટેશન માસ્ટર્સ અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે. ફાયદો: સમયસર એલર્ટ મળવાથી ટ્રેનની ગતિ ઘટાડી શકાશે અને સંભવિત અકસ્માતોને અટકાવી શકાશે. ગીર જંગલમાં વન્યજીવોની અવરજવર માટે હાલમાં બે અંડરપાસ કાર્યરત છે. વન્યજીવોની સુરક્ષામાં વધારો કરવાના હેતુથી હવે વધુ 5 અંડરપાસનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે.

સાંસદ પરિમલ નથવાણીએ રાજ્યસભામાં ગીરના સિંહોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા એલિવેટેડ રેલ કોરિડોરની યોજના અને તેના ફન્ડિંગ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેના જવાબમાં સરકાર દ્વારા ટેકનોલોજી અને અંડરપાસ દ્વારા લેવામાં આવી રહેલા આ નક્કર પગલાંઓની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# કેરળમાં સ્પા સેન્ટરમાં માનવતા લજવાઈ

## મહિલા પર 6 નરાધમોનો ગેંગરેપ

### વેલનેસ સેન્ટરમાં 'બદમાશી'; છરીની અણીએ લૂંટ અને પછી સામૂહિક બળાત્કાર, તિરુવલ્લામાં હેવાનિયત

(એજન્સી) તિરુવલ્લા I તા.06

કેરળના તિરુવલ્લામાં વેલનેસ સેન્ટરમાં 'બદમાશી' એક એવી શરમજનક ઘટના સામે આવી છે, જેણે સ્ત્રી સુરક્ષાના તમામ દાવાઓના લીરેલીરા ઉડાડી દીધા છે. એક વેલનેસ સ્પા સેન્ટરમાં ઘૂસીને 6 નરાધમોએ માત્ર લૂંટ જ ન ચલાવી, પરંતુ એક મહિલા કર્મચારીને પોતાની હવસનો શિકાર બનાવી સામૂહિક બળાત્કાર ગુજાર્યો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે રોષ અને દહેશતનો માહોલ પેદા કર્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાળજું કંપાવનારી ઘટના 1 ફેબ્રુઆરીના રોજ બની હતી. મુખ્ય આરોપી સુબિન તેના પાંચ સાથીદારો સાથે સ્પા સેન્ટરમાં ત્રાટક્યો હતો. તેમણે ત્યાં હાજર મહિલા કર્મચારીને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી અને 50 હજાર રૂપિયાની માંગણી કરી. જ્યારે મહિલાએ પૈસા આપવાની અસમર્થતા દર્શાવી, ત્યારે આ નરાધમોએ માનવતાની તમામ હદો વટાવી દીધી હતી.



### 59 વર્ષની ઉંમરમાં ઉડાવ્યું તેજસ

પૈસા ન મળતા ઉશ્કેરાયેલા સુબિન અને તેના સાથીઓએ મહિલાને પરાણે ખેંચીને બીજા રૂમમાં લઈ ગયા હતા. ત્યાં એક પછી એક 6 યુવકોએ મહિલા પર ગેંગરેપ કર્યો હતો. આટલેથી ન અટકતા, આ હેવાનોએ પીડિતાને લાચાર બનાવી આખી ઘટનાનો વીડિયો પણ મોબાઈલમાં રેકોર્ડ કર્યો હતો, જેથી તે પોલીસ પાસે ન જાય. આરોપીઓએ ત્યાં હાજર એક ગ્રાહક સાથે પણ ગેરવર્તન કર્યું અને અન્ય કર્મચારી પાસેથી 2500 રૂપિયાની લૂંટ ચલાવી હતી. પોલીસ કાર્યવાહી અને આગળની સ્થિતિ બજારમાં આ વાત વાયુવેગે ફેલાતા જ સ્થાનિકોમાં ગુસ્સો ફાટી નીકળ્યો હતો.

## ફાઈનલમાં ઈંગ્લેન્ડને હરાવ્યું, વૈભવની 175 રનની ઐતિહાસિક ઈનિંગ

# U19 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા બની ચેમ્પિયન

(એજન્સી) રાંચી I તા. 06

અંડર-19 વર્લ્ડ કપ 2026ની ફાઈનલમાં ભારતીય ક્રિકેટ ટીમે ઈતિહાસ રચી દીધો છે. ઈંગ્લેન્ડસામેરમાયેલામહામુકાબલામાં ભારતે 100 રનથી ભવ્ય જીત મેળવી છે. ભારતે પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 9 વિકેટના નુકસાન પર 411 રન બનાવ્યા હતા. ભારતે ઈંગ્લેન્ડને જીત માટે 412 રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો. જ્યારે ઈંગ્લેન્ડની ટીમ 40.2 ઓવરમાં માત્ર 311 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતનો 411 રનનો સ્કોર, જે અત્યાર સુધીના અંડર-19 વર્લ્ડ કપના ઈતિહાસમાં ફાઈનલ મેચનો સૌથી મોટો સ્કોર બની ગયો છે.





### વૈભવની વિસ્ફોટક 175 રનની ઈનિંગ

આ ઐતિહાસિક સ્કોર પાછળ સૌથી મોટું યોગદાન યુવા બેટર વૈભવ સૂર્યવંશીનું રહ્યું છે. વૈભવે એકલા હાથે 175 રન ફટકારી દીધા હતા. તેની આ આક્રમક ઈનિંગને કારણે ઈંગ્લેન્ડના બોલરો લાચાર દેખાતા હતા. ફાઈનલ જેવી દબાણવાળી મેચમાં આટલી મોટી ઈનિંગ રમીને વૈભવે પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે અને ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. આમ, ભારતની જીત માટે વૈભવ સૂર્યવંશીની ઐતિહાસિક ઈનિંગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે.

**ભારતે 6ઠ્ઠી વખત જીત્યો ICC અન્ડર 19 વર્લ્ડ કપનો ખિતાબ**

ભારતે 2000, 2008, 2012, 2018 અને 2022માં ICC અન્ડર 19 વર્લ્ડ કપ ટ્રોફી જીતી હતી. આ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં ભારતનો દબદબો દર્શાવે છે. 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ માત્ર 80 બોલમાં શાનદાર 175 રન ફટકાર્યા. તેમણે અન્ડર 19 ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઝડપી 150 રન બનાવવાનો રેકોર્ડ સર્જ્યો.

## ઈન્ડિયન રેલવે 94 સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

# હોળી પર મુંબઈ-ગુજરાતથી વતન જનારા મુસાફરોને રાહતના સમાચાર

મુંબઈ | હોળીના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ગુજરાત, મુંબઈ અને દિલ્હી જેવા દેશના વિવિધ ભાગોમાં રહેતા લોકો માટે ભારતીય રેલવેએ ખુશીના સમાચાર આપ્યા છે. તહેવાર નિમિત્તે વતન જનારા મુસાફરોની ભારે ભીડને પહોંચી વળવા માટે રેલવે તંત્ર દ્વારા વિવિધ રૂટ પર કુલ 94 સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, હોળી દરમિયાન મુસાફરોને ટિકિટ માટે પડતી મુશ્કેલીઓ નિવારવા પૂર્વ રેલવે દ્વારા આ વિશેષ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે. રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોની માગને ધ્યાનમાં રાખીને આ સ્પેશિયલ સર્વિસ શરૂ કરવામાં આવી રહી છે અને જો જરૂર પડશે તો આગામી દિવસોમાં ચોક્કસ રૂટ પર વધુ ટ્રેનો પણ દોડાવવામાં આવશે. રેલવેની આ વિશેષ સેવાથી હોળીના તહેવારમાં વતન જતા લાખો મુસાફરોને મોટી રાહત મળશે.

# ધર્મશાળામાં ફાંસો ખાધેલી હાલતમાં મળ્યા 4 જૈન પ્રવાસી

### 2 ફેબ્રુઆરીથી રૂમ બંધ હતો; 4 ખૂણામાં મૃતદેહ મળ્યા, બધાના હાથ બાંધેલા હતા, રૂમમાંથી હજુ પણ દુર્ગંધ

(એજન્સી) નાલંદા I તા. 06

બિહારના નાલંદાના રાજગીરમાં દિગંબર જૈન ધર્મશાળામાં શંકાસ્પદ હાલતમાં 4 પ્રવાસીઓના મૃતદેહ મળી આવ્યા છે. પોલીસે ધર્મશાળાના રૂમ નંબર 6 ABમાંથી આ મૃતદેહોને શોધી કાઢ્યા છે.રૂમ અંદરથી બંધ હતો. દુર્ગંધ આવતા પોલીસને જાણ કરવામાં આવી. ત્યારબાદ રૂમ ખોલવામાં આવ્યો, તો 4 મૃતદેહ રૂમના 4ખૂણામાં ફાંસીથી લટકતા મળ્યા. મૃતકોમાં 3 મહિલા,1 પુરુષ છે. બધા એક જ પરિવારના સભ્યો હતા. ત્રણેય મહિલાઓના હાથ દોરડાથી પાછળની તરફ બાંધેલા છે, જ્યારે પુરુષનો હાથ આગળની તરફ બાંધેલો છે. મહિલાના મોં પર રેડ ટેપ લગાવેલી છે. વૃદ્ધ મહિલા પગથી દિવ્યાંગ પણ છે. બધા ધાર્મિક યાત્રા પર 31 જાન્યુઆરીએ રાજગીર પહોંચ્યા.2 ફેબ્રુઆરી સુધી ધર્મશાળાના લોકોએ તેમને જોયા હતા, ત્યારબાદથી રૂમ ખુલ્યો ન હતો. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે. મૃતદેહો હાલ રૂમમાં જ છે. રૂમમાંથી હજુ પણ દુર્ગંધ આવી રહી છે. તપાસ માટે ડોગ સ્ક્વોડ અને FSLની ટીમ પહોંચી ગઈ છે.



### રૂમને સીલ કરવામાં આવ્યો

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ-પ્રશાસને રૂમને સંપૂર્ણપણે સીલ કરી દીધો છે. કોઈને પણ અંદર જવાની મંજૂરી નથી. ઘટનાસ્થળે રાજગીર DSP, પોલીસ સ્ટેશનના પ્રભારી સાથે મોટી સંખ્યામાં પોલીસ દળ હાજર છે.

### રૂમમાંથી ઊંઘની ગોળીઓ મળી

નાલંદા SPએ જણાવ્યું કે, રૂમની તલાશી લેતાં ઘટનાસ્થળેથી લગભગ 25 સ્ટ્રીપ ઊંઘની ગોળીઓ, થોડી રોકડ અને અન્ય સામાન મળી આવ્યો છે. ફોરેન્સિક ટીમની પ્રાથમિક રિપોર્ટ અનુસાર, આ આત્મહત્યાનો મામલો હોવાનું જણાય છે.

## ગુજરાતભરમાં 280 જેટલા એસિડ એટેકના કેસો ચાલી રહ્યા છે, સમગ્ર ભારતમાં ગુજરાત છઠ્ઠા નંબરે: જિગીષા પટેલ

અમદાવાદ

આમ આદમી પાર્ટીના મહિલા નેતા જીગીશા પટેલે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતભરમાં 280 જેટલા એસિડ એટેકના કેસો ચાલી રહ્યા છે અને એસિડ એટેકના કેસોમાં સમગ્ર ભારતમાં ગુજરાત છઠ્ઠા નંબરે છે. થોડા સમય પહેલા ગાંધીનગરની બાજુમાં એક મહિલા પોલીસ કર્મચારી પર એક માથાભારે શખ્સે એસિડ એટેક કર્યો હતો. કોઈપણ વ્યક્તિ દ્વારા મહિલા પર જ્યારે એસિડ એટેક કરવામાં આવતો હોય છે તો તે કોઈ ક્ષણિક ગુસ્સો નથી હોતો, હકીકતમાં એ કાવતરાપૂર્વકનો હુમલો હોય છે. તો આવા લોકોને ક્યારેય પણ છોડવા ન જોઈએ. જ્યારે એક મહિલા પર એસિડ એટેક કરવામાં આવે છે તો ફક્ત એનો ચહેરો નથી બાળતા પરંતુ તેનું આત્મસન્માન બાળી દેવામાં આવે છે કારણ કે એ મહિલાએ એવા જ બળેલા ચહેરા સાથે આખી જિંદગી વિતાવી પડે છે અને લોકોની દયાનો ભોગ બને છે પરંતુ આવી મહિલાઓને દયાની નહીં પરંતુ સાથની જરૂરત હોય છે. વધુમાં AAP નેતા જિગીશા પટેલે જણાવ્યું હતું કે એકબાજુ 280 જેટલા કેસ ચાલી રહ્યા છે અને બીજી બાજુ ભાજપની સરકાર "બેટી બચાવો બેટી પઢાઓ"ના નારાનો ઉપયોગ કરે છે અને કરોડો રૂપિયા પ્રચારમાં વાપરી રહી છે તો મારો સવાલ છે કે શું આપણી દીકરીઓ હકીકતમાં સલામત છે? ગુજરાતના તમામ લોકોને અને ખાસ કરીને મહિલાઓને કહેવા માંગું છું કે જો તમારે તમારું આત્મસન્માન જાળવવું હોય તો તમારી આ સરકારને જાકારો આપવો પડશે. કારણ કે આવી ઘટનાઓમાં જ્યારે કેસ થતા હોય છે તો ગુનેગારો અધિકારીઓ અને નેતાઓને પૈસા આપીને રાહત મેળવી લેતા હોય છે. હું અપીલ કરું છું કે આવી કોઈ પણ ઘટના સામે આવે તો એ મહિલા સાથે તમામ લોકો ઊભા રહે કારણ કે એ આપણી ફરજમાં આવે છે. હું એસિડ એટેક કરવાવાળા લોકોને પૂછવા માંગુ છું કે કોઈ મહિલા દ્વારા તમને "ના" પાડવામાં આવે તો તેને સહન કેમ નથી કરી શકતા? એસિડ ફેંકીને તમે કોઈ મર્દાનગી નથી બતાવતા પરંતુ આ તમારી કાયરતા છે નપુંસકતા છે અને હવે જે લોકોને એવું લાગતું હોય કે આવું કામ કર્યા પછી પૈસાના જોરે સરકાર અને અધિકારીઓ તેમને સપોર્ટ કરશે તો તેઓ સાંભળી લે કે આવું અમે થવા દઈશું નહીં.

## "ભાજપ હટાવો શિક્ષણ બચાવો" ના નારા સાથે AAP મોટું આંદોલન શરૂ કરશે


અમદાવાદ

આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધાર્મિક માલુકિયાએ એક ગંભીર મુદ્દા પર વિડીયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા બે દિવસથી આપણે મીડિયા-સોશિયલ મીડિયામાં જોયું કે સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે કે દેશમાં 90,000 કરતાં વધારે સરકારી શાળાઓને બંધ કરી દેવામાં આવી, આ સમગ્ર દેશ માટે દુઃખદ અને ઘાતક સમાચાર છે. ગુજરાતમાં પણ હજારો શાળાઓમાં તાળા મારી દેવામાં આવ્યા છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ દ્વારા સમગ્ર ગુજરાતમાંથી માહિતી એકઠી કરવામાં આવી રહી હતી એમાં અમને જાણવા મળ્યું હતું કે સૌથી પહેલા શિક્ષકોની જ અછત છે. તો જ્યાં સુધી સારા શિક્ષકો શાળામાં નહીં હોય તો વાલીઓ પણ પોતાના બાળકોને સરકારી શાળામાં નહીં મોકલે એ સ્વાભાવિક છે. તો સરકાર જ ઈચ્છી રહી છે કે વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળામાં ન મોકલે. હકીકતમાં ભાજપના નેતાઓ પ્રાઈવેટ શાળાઓ સાથે જોડાયેલા છે તેઓ પ્રાઈવેટ સ્કૂલો,



પ્રાઈવેટ કોલેજો અને પ્રાઈવેટ કોચિંગના ધંધા ચલાવે છે અને ખૂબ જ મોટી ફી વસૂલે છે અને એમાંથી અમુક ભાગ એવો ભાજપને આપતા હશે એવું લાગે છે અને જેના કારણે જ આ પ્રાઈવેટિકરણનો રાફડો ફાટ્યો છે. અને આ પ્રાઈવેટિકરણના રાફડાના કારણે સરકારી શાળાઓનું પતન થયું છે. હાલ સામાન્ય ઘરના લોકો પણ પોતાના બાળકને સરકારી શાળામાં નથી મોકલવા માંગતા, તેઓ લાખો રૂપિયાની ફી પણ નથી ભરી શકતા પરંતુ મજબૂરીમાં તેઓ પ્રાઈવેટ શાળાઓમાં પોતાના બાળકોને ભણાવે છે. કારણ કે સરકારી શાળાઓમાં તો શિક્ષકો જ નથી. વધુમાં AAP નેતા ધાર્મિક માલુકિયાએ જણાવ્યું હતું કે, બીજી ગંભીર બાબત એ છે કે ગુજરાતની અનેક શાળાઓમાં તો ઓરડા જ નથી અને બે-બે ક્લાસ ભેગા કરીને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે. કરોડો રૂપિયા રેલીઓમાં, સભાઓમાં અને તાયફાઓમાં વાપરવામાં આવે છે પરંતુ સરકારી શાળાઓ પાછળ રૂપિયા વાપરવામાં આવતા નથી. કરોડો રૂપિયાના એવા પુલ બનાવવામાં આવે છે જે ઉપયોગમાં પણ આવતા નથી.

## AAP નેતા પ્રવીણ રામ અને રમેશ મેર ખેડૂતની માનતા પૂરી કરવા પહોંચ્યા



અમદાવાદ

AAP નેતા પ્રવિણ રામ ,રાજુ કરપડા, રમેશ મેર તયસહિત અનેક ખેડૂતો જ્યારથી જેલ ગયા, એ સમયથી બોટાદ જિલ્લાના ઓધાભાઈ નામના ખેડૂતે ચપ્પલ અને ચાનો ત્યાગ કર્યો હતો અને માનતા રાખી હતી કે પ્રવિણ રામ, રાજુ કરપડા,રમેશ મેર તેમજ અન્ય ખેડૂતો જેલની બહાર આવી એમના ગામે માતાજીના દર્શન કરે ત્યારબાદ જ ચપ્પલ પહેરશે, તેમજ ત્યારબાદ જ ચા પીશે. આ વાતની AAP નેતા પ્રવિણ રામને ખબર પડતા પ્રવિણ રામ તેમજ રમેશભાઈ મેર ઓધાભાઈના ઘરે પહોંચ્યા અને માતાજીના દર્શન કરી એ ખેડૂતની ટેક પૂર્ણ કરી. આ મુદ્દે ખેડૂત નેતા અને AAP ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવિણ રામે જણાવ્યું હતું કે, હડદડ ગામે જે ઘટના ઘટી અને મારા સહિત અનેક લોકોને જેલમાં પૂરવામાં આવ્યા ત્યારે સાયલા તાલુકાના લિંબાળા ગામે ઓધાભાઈએ એક માનતા રાખી હતી કે જ્યાં સુધી નિર્દોષ ખેડૂતોને જેલમાંથી છોડવામાં નહીં આવે ત્યાં સુધી તે પોતે ચપ્પલ નહીં પહેરે અને ચા પણ નહીં પીએ. એમનું માનવું હતું કે નિર્દોષ ખેડૂતો સાથે અત્યાચાર થયો છે. આના પરથી આપણે સમજી શકીએ છીએ કે આંદોલન અને ખેડૂતના અવાજને દબાવવાનો પ્રયાસ થઈ શકે પરંતુ ખેડૂતોના અંદર રહેલી લાગણી જે છે એને ક્યારે તોડી શકાતી નથી. તો અમને આ વિશે જાણકારી મળી, ત્યારે હું અને રમેશભાઈ મેર ઓધાભાઈને મળવા આવ્યા અને તેમની માનતા હતી કે તમામ લોકો સાથે મળીને માતાજીના દર્શન કરીને પછી એમની માનતા પૂરી થશે તો અમે તમામ લોકો અહીંયા પધાર્યા અને માતાજીના દર્શન કર્યા અને હવે ઓધાભાઈ પોતાની માનતા પૂર્ણ કરશે અને આ ગુજરાતના ખેડૂતોનો અવાજ છે, લાગણી છે.

## Railway News

## અમદાવાદ મંડળનું જાન્યુઆરી 2026 માં ઉત્કૃષ્ટ પ્રદર્શન-યાત્રી સુવિધા, સુરક્ષા અને આવક વૃદ્ધિ પ્રત્યે સતત પ્રતિબદ્ધ



પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રીઓને સુરક્ષિત, સુગમ અને ઉત્તમ સેવાઓ આપવા માટે તથા આવક વૃદ્ધિ પ્રત્યે સતત પ્રતિબદ્ધ છે. આ જ ક્રમમાં જાન્યુઆરી 2026 દરમિયાન યાત્રી અને માલભાડા આવક, ટિકિટ તપાસ, બીન-ભાડા આવક તથા વ્યવસાય વિકાસના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું.

**આવક અને યાત્રી સિદ્ધિઓ :** અમદાવાદ મંડળે જાન્યુઆરી 2026 માં કુલ રૂ. 806.86 કરોડની આવક પ્રાપ્ત કરી, જે પાછલા વર્ષની સરખામણીમાં 14.43% વધારે છે. રૂ. 150.57 કરોડની યાત્રી આવક પ્રાપ્ત કરી, જે પાછલા વર્ષથી 8% વધારે છે. રૂ. 642.29 કરોડની માલભાડા આવક મેળવી, જે પાછલા વર્ષથી 18% વધારે છે. જાન્યુઆરી 2026 માં 33.80 લાખ યાત્રીઓને પરિવહન સેવા આપવામાં આવી, જે પાછલા વર્ષથી 9.28% વધારે છે. ટિકીટ તપાસ અભિયાનોથી રૂ. 2.25 કરોડની આવક પ્રાપ્ત થઈ, જે પાછલા વર્ષથી 26.40% વધારે છે.

**સર્વશ્રેષ્ઠ સિદ્ધિઓ (Best Ever) :** કન્ટેનર કોમોડિટીથી રૂ. 215.73 કરોડની સર્વકાલિન સર્વશ્રેષ્ઠ માસિક માલભાડા આવક પ્રાપ્ત થઈ, જે ડિસેમ્બર 2025 ના રૂ. 211.45 કરોડથી વધારે છે. IFFCO સાઈડિંગ, ખોડિયારથી રૂ. 9.44 કરોડની સર્વશ્રેષ્ઠ માસિક આવક પ્રાપ્ત થઈ, જે ઓક્ટોબર 2025 ના રૂ. 9.21 કરોડથી વધારે છે. LPG સાઈડિંગથી રૂ. 12.92 કરોડની સર્વશ્રેષ્ઠ આવક પ્રાપ્ત થઈ તથા LPG કોમોડિટીએ પણ નવો સર્વકાલિન વિક્રમ સ્થાપ્યો, જે ડિસેમ્બર 2025 ના રૂ. 10.73 કરોડતી વધારે છે. સામાખિયાલી ફ્રેઈટ ટર્મિનલથી રૂ. 8.32 કરોડની સર્વશ્રેષ્ઠ માસિક આવક પ્રાપ્ત થઈ. સ્વચ્છતા અભિયાન હેઠળ 2,700 મામલાઓથી રૂ. 5.05 લાખનો રેકોર્ડ દંડ વસૂલ કરવામાં આવ્યો. રૂ. 12.07 કરોડની બીન-ભાડા આવક પ્રાપ્ત કરીને નવો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો. વેઈટીંગ લિસ્ટ યાત્રીઓની સુવિધા માટે 32 વિશેષ ટ્રેન ટ્રિપ ચલાવવામાં આવી, જેનાથી રૂ. 5.92 કરોડની આવક પ્રાપ્ત થઈ.

**પાર્સલ અને લીઝિંગ :** ઈ-હરાજી મારફતે ત્રણ પાર્સલ સંપત્તિ માટે ત્રણ વર્ષની લીઝ આપીને રૂ. 7.96 કરોડની આવક સુનિશ્ચિત કરવામાં આવી, ઓવરલોડિંગ પ્રત્યે શૂન્ય સહનશીલતા અપનાવતાં ચાર એસએલઆરમાં આકસ્મિક તપાસ કરવામાં આવી, જેમાં 15.21 ક્વિન્ટલ વધારાનું વજન જોવામાં આવ્યું. આના માટે દંડ સહિત રૂ. 29 લાખ લીઝ ભાડું વસૂલ કરીને રેલવેના ખાતામાં જમા કરાવવામાં આવ્યું. પાર્સલ વ્યવસ્થાપનમાં સ્માર્ટ ટ્રેકિંગ અને ઓળખ સિસ્ટમ લાગુ કરવામાં આવી.

**બીન-ભાડા આવક (NFR) :** વીડિયો વૉલ, ડિજિટલ લૉકર અને જાહેરાત કોન્ટ્રાક્ટથી વધારાની આવક મેળવવામાં આવી. પાર્કિગ ક્ષેત્રમાં રૂ. 3.11 કરોડ પ્રાપ્ત કરી વાર્ષિક લક્ષ્યથી 16.48% વધુની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી. વિવિધ સંચાલન સેવાઓના કોન્ટ્રાક્ટ્સથી પણ આવકમાં વૃદ્ધિ નોંધવામાં આવી.

**ટિકિટ તપાસ અભિયાન :** વિશેષ અને ફોર્ટ્રેસ તપાસ અભિયાનો મારફતે હજારો અનિયમિત યાત્રીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી. જાન્યુઆરી 2026 માં ટિકિટ તપાસ આવક લક્ષ્યથી 7.14% વધારે થઈ. "મારી ટિકિટી મારી શાન" અબિયાન મારફતે માન્ય ટિકિટ ધારણ પ્રત્યે જાગૃતિ વધારવામાં આવી રહી છે.

## સુરતમાં કચરાના પહાડ હોવા છતાં સુરતને સ્વચ્છતા સર્વેક્ષણમાં ટોચનું સ્થાન કઈ રીતે આપ્યું?: MCD નેતા વિપક્ષ અંકુશ નારંગ

અમદાવાદ

સુરતનો 'ખજોદ કચરા કાંડ' આજકાલ ખૂબ જ ચર્ચામાં ચાલી રહ્યો છે. સમગ્ર દેશમાં સ્વચ્છતામાં નંબર વનનું સ્થાન પ્રાપ્ત કરનાર સુરત મહાનગરપાલિકા નું નામ સુરતના ખજોદ 'કચરા કાંડ' માં વગોવાયુ છે. આ બહુ ચર્ચિત 'કાંડ' ને લીધે સમગ્ર મામલો હવે આમ આદમી પાર્ટીના દિલ્હી મુખ્યાલય સુધી પહોંચ્યો છે. આમ આદમી પાર્ટીના દિલ્હીના નેતા અને MCDના વિપક્ષી નેતા અંકુશ નારંગ, MCD પૂર્વ મેયર શૈલી ઓબરોય અને MCD પૂર્વ મેયર મહેશ ખીચી દ્વારા દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. AAP નેતા અંકુશ નારંગે આ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ભાજપ હંમેશા એવું દર્શાવતી હોય છે કે ગુજરાત ધરતી પરનું એક સ્વર્ગ છે અને ગુજરાતમાં એવા શહેર છે જે સૌથી સ્વચ્છ અને સૌથી સાફ છે. પરંતુ હકીકત એકદમ વિપરીત છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતને પ્રથમ નંબર આપવામાં આવ્યો અને દેખાડવામાં આવ્યું કે ત્યાં તમામ સો ટકા ઘરોમાં ડોર ટુ ડોર વેસ્ટ(કચરો) કલેક્શન થાય છે અને તમામ કચરાનું ડિસ્પોઝલ પણ કરી દેવામાં આવે છે. પરંતુ આ એકદમ ખોટી જાણકારી છે. હકીકતમાં સુરતમાં કચરાઓના પહાડ બનેલા છે, તો જો સો ટકા કચરાનું ડિસ્પોઝલ થઈ ગયું છે તો આ કચરાના પહાડ ક્યાંથી આવ્યા? મીડિયાના માધ્યમથી જાણવા મળ્યું હતું કે આ કચરાના પહાડ પર થોડા દિવસ અગાઉ આગ લાગી હતી અને 60 કલાક સુધી આ આગ સળગતી રહી હતી. બીજી એક ગંભીર બાબત એ પણ સામે આવી રહી છે કે કચરાનો નિકાલ કરવા માટે જે પણ એજન્સીઓને કામ આપવામાં આવ્યું છે એજન્સીઓ, કોર્પોરેશન અને ભાજપના નેતાઓ સાથે મળીને ભ્રષ્ટાચાર કરી રહી છે. તો કચરાનું નિવારણ આ એજન્સીઓ કરી નથી રહી છતાં પણ છેલ્લા અનેક વર્ષોથી સુરત સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ નંબરે આવે છે હકીકતમાં તો ભાજપને શરમ આવી જોઈએ. તો આ મુદ્દે તપાસ થવી જોઈએ અને સાથે સાથે કોન્ટ્રાક્ટરો જે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેની પણ અલગ અલગ એજન્સીઓ દ્વારા તપાસ થવી જોઈએ. અને જે લોકોએ ભ્રષ્ટાચાર કર્યો છે એ તમામ લોકોને સજા મળવી જોઈએ, એવી અમારી માંગ છે.

## સુરતમાં પોલીસકર્મી પર થયેલ હુમલા મુદ્દે AAP નેતા યોગેશ જાદવાણીએ આપી કડક પ્રતિક્રિયા

અમદાવાદ

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ એક ગંભીર મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સુરતમાં એક ચોંકાવનારી ઘટના ઘટી છે. સુરતના નાના વરાછા પાસે લક્ઝરી બસોના કારણે ટ્રાફિક સર્જાયો હતો. તો એક પોલીસકર્મી જે પોતે પોલીસ કમિશનરના પી.એ પણ છે એવા અક્ષયભાઈ આહીરે પોતાની જવાબદારી સમજીને ટ્રાફિકનું નિયમન અને સંકલન કરવાનું શરૂ કર્યું. એ જ સમયે એક લક્ઝરી કારમાં ત્રણ ઈસમો આવે છે અને અક્ષયભાઈ સાથે મારામારી અને ગાળાગાળી કરે છે. અક્ષયભાઈએ એ લોકોને જણાવ્યું કે તેઓ પોલીસકર્મી છે અને કમિશનરના પી.એ. છે તેમ છતાં પણ એ લોકોએ લોખંડના સળિયા લઈને અક્ષયભાઈને માર માર્યો અને મોઢા પર પણ મુક્કા માર્યા, જેના કારણે અક્ષયભાઈ ને નાકના ભાગે ફ્રેક્ચર પણ થઈ ગયું હતું. આ ઈસમો જે કારમાં આવ્યા હતા એ કારમાં ભાજપનો ખેસ સહિતના સાહિત્ય પડ્યા હતા. AAP નેતા યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે આખા ગુજરાતમાં જોતા આવ્યા છીએ કે ભાજપના ખેસવાળી અને ભાજપના લેબલવાળી અને ભાજપની નંબર પ્લેટવાળી ગાડીઓમાં નીકળીને ભાજપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સમગ્ર ગુજરાતમાં ગુંડાગીરી, દાદાગીરી કરીને જનતાને બેફામ રીતે હેરાન પરેશાન કરતા હોય છે. પરંતુ સુરતમાં જે ઘટના ઘટી એ વધારે ગંભીર એટલા માટે છે કારણ કે આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે ભાજપના લોકોને હવે પોલીસનો પણ ડર નથી. એ લોકોને જાણે એવું છે કે સરકાર એમની છે તો એ લોકો ધારે એ એ રીતે તાનાશાહી અને દમન કરી શકે છે. આ ઘટનાથી સમગ્ર ગુજરાત પોલીસને એક મેસેજ જાય છે કે ભાજપના લોકો જે નાના માણસોને પરેશાન કરતા હતા, હવે વાત આગળ વધીને પોલીસ સુધી આવી ગઈ છે. અક્ષયભાઈ પોતાની ફરજ સમજીને પ્રજાની સેવાનું કામ કરતા હતા પરંતુ ભાજપના લોકોએ સત્તાના મદમાં ખોવાઈને તેમના સાથે પણ મારામારી કરી. વધુમાં AAP પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે, અક્ષયભાઈએ મારામારી કરવાવાળા લોકોને જણાવ્યું કે તેઓ પોલીસ કર્મી છે તેમ છતાં પણ એ લોકોએ તેમને માર માર્યો તો જરા વિચાર કરો કે ભાજપના નેતાઓએ પોતાના લોકોને કેટલી હદે પ્રોત્સાહન આપ્યું હશે.

## ડાંગરવા સ્ટેશન યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ |પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મહેસાણા-જગુદન સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. 972 તથા ડાંગરવા સ્ટેશન યાર્ડમાં બ્રિજ નં.1013 ના પુનર્નિર્માણ સંબંધિત એન્જિનિયરિંગ કાર્ય માટે 08.02.2026ના રોજ બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. આંશિક રદ્દ ટ્રેનો: તા. 08.02.2026ની ટ્રેન સંખ્યા 20959/20960 વલસાડ-વડનગર-વલસાડ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ-વડનગર વચ્ચે આંશિક રદ્દ રહેશે.માર્ગ પરિવર્તિત ટ્રેનો: તા. 07.02.2026ની 19032 યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-આંબલિયાસણ-કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-કટોસણ રોડ-કલોલના રસ્તે ચાલશે. તા. 07.02.2026ની 19412 દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-આંબલિયાસણ-કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-કટોસણ રોડ-કલોલના રસ્તે ચાલશે. રેલ મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે. મુસાફરો ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in પર માહિતી મેળવી શકે છે.

## AMCનો 25 કરોડનો ખર્ચ બચ્યો : એસ.જી હાઈવેને ડસ્ટ ફ્રી અને આઈકોનિક બનાવવા UN મહેતા ફાઉન્ડેશન ખર્ચ કરશે

અમદાવાદ | અમદાવાદના એસ.જી હાઈવે રોડને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવીનીકરણ કરવામાં આવી રહ્યો છે. એસ જી હાઈવેની આજુબાજુના સર્વિસ રોડ પર ટ્રી પ્લાન્ટેશન અને વોક વે સહિતની સુવિધા સાથે બ્યુટિફિકેશન કરવાનું છે. જેમાં પ્રથમ તબક્કામાં ઈસ્કોનથી પકવાન સુધીનો રોડ ડેવલોપ કરવામાં આવ્યો છે. આ રોડની ડિઝાઈનથી લઈ બ્યુટીફિકેશન સહિતની કામગીરી યુ.એન મહેતા ફાઉન્ડેશનને સોંપવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટી દ્વારા લેવામાં આવ્યો છે. એસજી હાઈવેના આઈકોનિક રોડના ડિઝાઈનથી લઈ તમામ કન્સલ્ટિંગ વગેરે યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા ખર્ચ કરવામાં આવશે જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનને 20થી 25 કરોડ રૂપિયાની બચત થશે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, એસ.જી હાઈવેને સનાથલ સર્કલથી શરૂ કરી ગાંધીનગરના જી-7 સર્કલ સુધીનો આખો રોડ ડેવલોપ કરવા માટેનો લગભગ 30 કિમીનો રોડ છે, જેને એરપોર્ટથી ઈન્દિરાબ્રિજ જે રીતે આઈકોનિક રોડ બનાવવામાં આવ્યો એવી જ રીતે સનાથલથી ગાંધીનગર સુધીનો એસ.જી હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઔડા, ગુડા, ગાંધીનગર મહાનગરપાલિકાએ માટે આજના તાકીદના કામની અંદર યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા ડેવલોપ કરવામાં આવશે અને કન્સલટન્સીનો તમામ ખર્ચ યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે.

એસ જી હાઈવે પર આઈકોનિક રોડમાં લેન્ડસ્કેપિંગ, ગજેબો, ઈસ્કોનથી પકવાન સુધીનો રોડ ડેવલોપ કરવામાં આવ્યો એવો નવતર 30 કિમીનો રોડ એસ.જી હાઈવે બ્યુટિફિકેશન સાથે તૈયાર થશે. કન્સલટન્ટ, લેન્ડ સ્કેપ કન્સલ્ટન્ટ, આર્ટ કન્સલ્ટન્ટ, એડવટાઈઝમેન્ટ કન્સલ્ટન્ટ, લાઈટીંગ કન્સલ્ટન્ટ એમ.ઈ.પી. કન્સલટન્ટ, સર્વે એજન્સીઓ વિગેરેની નિમણુંક, પ્લાનીંગ અને ડિઝાઈનીંગ માટે યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા નિમણુંક કરવામાં આવનાર તમામ કન્સલ્ટન્ટની સમગ્ર કન્સલ્ટન્સી ફીનું ચુકવણુ સંપુર્ણ રીતે યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. ડિઝાઈન એપ્રુવલ, મોડિફિકેશન અને ડિઝાઈનના ઈમ્પ્લિમેન્ટેશનની કામગીરી GUIDCL અને યુ.એન. એમ. ફાઉન્ડેશન દ્વારા એપોઈન્ટ કરેલ કન્સલટન્ટો સાથે સંકલન કરવામાં આવશે. પેવમેન્ટ ડીઝાઈન, રોડ જીઓમેટ્રીક ડિઝાઈન, પેડેસ્ટ્રીયન ફૂટઓવર બ્રિજની ફિઝિબિલિટી, રોડ સેફ્ટી ઓડિટ તથા બ્લેક સ્પોટ સર્વે, ટ્રાફિક સીગ્નલ અને ટ્રાફિક સાઈનેઝીસ વગેરે ટ્રાફિકને સંલગ્ન કામગીરી કરવા માટે SVNIT સંસ્થાને ગુજરાત અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમીટેડ (GUIDCL) કંપની અંતર્ગત રાષ્ટ્રીય ધોરી માર્ગમાં ટ્રાફિક કન્સલટન્ટ તરીકે નિમણૂંક કરવાની થાય છે. વધુમાં સદરહું રોડ ઉપર જુદા જુદા સ્ટ્રક્ચર કે જે સ્ટ્રક્ચરલ કન્સલટન્ટ દ્વારા કરવામાં આવે તેનું થર્ડ પાર્ટી પ્રુફ ચેકિંગ કરાવા માટે થર્ડ પાર્ટી ઓડિટ કન્સલટન્ટની પણ નિમણૂંક કરવામાં આવશે.

## અમદાવાદ મંડળ પર 'મારી ટિકિટ મારી શાન' હેઠળ ચલાવવામાં આવ્યું જન-જાગૃતિ અભિયાન



યાત્રીઓમાં માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાની ટેવને પ્રોત્સાહિત કરવા તથા રાષ્ટ્ર નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી વધારવાના ઉદ્દેશથી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 'મારી ટિકિટ મારી શાન, વિકસિત ભારત માટે મારું યોગદાન' થીમ હેઠળ 28 જાન્યુઆરી 2026 થી 06 ફેબ્રુઆરી 2026 (10 દિવસ) સુધી એક વિશેષ જન-જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. આ અભિયાન અમદાવાદ મંડળના પાંચ મુખ્ય સ્ટેશનો-અમદાવાદ, સાબરમતી, મહેસાણા, પાલનપુર અને ગાંધીધામ પર સંચાલિત કરવામાં આવ્યું. અભિયાન દરમિયાન યાત્રીઓને માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાના મહત્વ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. સાથે જ, કોમર્શિયલ વિભાગ દ્વારા વિવિધ રેલવે સેક્શન્સ અને ટ્રેનોમાં વિશેષ ડ્રાઈવ ચલાવીને વગર ટિકિટ યાત્રા કરનારા યાત્રીઓને સમજાવટ આપવામાં આવી.

### 10-દિવસના અભિયાન હેઠળ મુખ્ય જન-જાગૃતિ પ્રવૃત્તિઓ આ મુજબ થઈ:

**સેલ્ફી પોઈન્ટ :**
યાત્રીઓની ભાગીદારી વધારવા માટે ઉપરોક્ત સ્ટેશનો પર વિશેષ સેલ્ફી પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા, જ્યાં યાત્રીઓએ ફોટો લઈને અભિયાનનો સંદેશો શેર કર્યો.

**વાર્તાલાપ :**
રેલવે અધિકારીઓએ સીધા યાત્રીઓ અને યુવાન પેઢીથી વાર્તાલાપ કરીને અભિયાનના ઉદ્દેશોથી માહિતગાર કરાવ્યા.

**ટિકિટ તપાસ દરમિયાન સમજાવટ :**
ટિકિટ તપાસ વખતે યાત્રીઓને અભિયાનની માહિતી આપવામાં આવી અને માન્ય ટિકિટ લઈને યાત્રા કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

**વીડિયો સંદેશ :**
સ્ટેશનો પર જાગૃતિ વીડિયોનું પ્રસારણ કરીને યોગ્ય ટિકિટ લઈને યાત્રા કરવાનો સંદેશ આપવામાં આવ્યો.

**સોશિયલ મીડિયા કેમ્પેઈન :**
સોશિયલ મીડિયા મારફતે પણ અભિયાનનું વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું.
અભિયાન મારફતે એ સંદેશ આપવામાં આવ્યો કે માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાથી રેલવેની આવકમાં વૃદ્ધિ થાય છે, જેનાથી યાત્રી સુવિધાઓના વિસ્તાર અને રેલવેના આધુનિકીકરણમાં સહાયતા મળે છે. ટિકિટ લેવી ફક્ત કાયદાકીય જવાબદારી જ નહીં, પરંતુ દેશના વિકાસમાં એક જવાબદાર નાગરિકનું યોગદાન પણ છે.આ સમયગાળામાં વિવિધ ટિકિટ તપાસ અભિયાનોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળ કોમર્શિયલ મેનેજર, આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર અને ટિકિટ તપાસ સ્ટાફ સક્રિયરૂપે ઉપસ્થિત રહ્યા. રેલવે પ્રશાસને તમામ યાત્રીઓને અપીલ કરી છે કે તેઓ હંમેશા માન્ય ટિકિટ લઈને યાત્રા કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપે.

## લખપતનો શિકાર કાંડ: સીમમાં સસલાનો શિકાર કરતા 6 શિકારીઓ રંગેહાથ ઝડપાયા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.06

કચ્છના સરહદી લખપત તાલુકામાં વન્યજીવોના શિકારની બદીને ડામવા માટે વન વિભાગે કમર કસી છે. લખપત તાલુકાના ભાડુરા નાના ગામના રેવન્યુ વિસ્તારમાં મધરાતના સમયે નિર્દોષ સસલાનો શિકાર કરી રહેલા છ શિકારીઓને પશ્ચિમ કચ્છ વન વિભાગની ટીમે રંગેહાથ ઝડપી પાડી જેલના સળિયા ગણતા કરી દીધા છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972 હેઠળ આ તમામ સામે ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આવી રીતે ગોઠવાઈ ટ્રેપ મુખ્ય વન સંરક્ષક ધીરજ મિત્તલ અને નાયબ વન સંરક્ષક હર્ષ ઠક્કરના માર્ગદર્શન હેઠળ વન્યજીવ શિકાર અટકાવવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. આ દરમિયાન દયાપર રેન્જના આર. એફ.ઓ. એ.જી. ઝાબારી અને તેમની ટીમને ખાનગી બાતમી મળી હતી કે ભાડુરા નાના વિસ્તારમાં



કેટલાક શખ્સો શિકારની ફિરાકમાં છે. બાતમીના આધારે વનપાલ એચ.ઈ. ચૌધરી અને વનરક્ષક શ્રીમતી એચ.આર. જેરવાળિયાએ સ્ટાફ સાથે વોચ ગોઠવી હતી. રંગેહાથ ઝડપાયેલા આરોપીઓના નામ: ૧. અબ્દુલ સત્તાર જુમા પુંયાર ૨. ઈબ્રાહીમ મામદ પુંયાર ૩. મોસીન ઈબ્રાહીમ પુંયાર ૪. આમદ અબબકર રાયમા ૫. ઉમર મુબારક રાયમા ૬. અબુ અબબકર જુમા પુંયાર (તમામ રહેવાસી: કોટડા મઢ) લાખોનો દંડ અને મુદ્દામાલ જપ્ત વન વિભાગે ઝડપાયેલા આ શિકારીઓ પાસેથી સ્થળ પર જ રૂપિયા 3,60,000 (ત્રણ લાખ સાઠ હજાર) નો દંડ વસૂલ કર્યો છે. આ ઉપરાંત, શિકારમાં ઉપયોગમાં લેવાયેલું ચપ્પુ અને અંદાજે 1 લાખની કિંમતની 3 મોટરસાયકલ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, શિકારીઓ રાત્રિના અંધકારનો લાભ લઈ નિર્દોષ વન્યજીવોનો સોથ વાળી રહ્યા હતા, પરંતુ વન વિભાગની સતર્કતાને કારણે તેમનો આખો ખેલ ઊંધો પડ્યો છે. વન વિભાગની આ આકરી કાર્યવાહીથી પંથકના ફાંટિયા અને શિકારી તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## અમદાવાદના શેલામાં હાઈરાઈઝ બિલ્ડિંગના 13મા માળેથી પટકાતા આધેડનું મોત

અમદાવાદ : અમદાવાદ શહેરના શેલા વિસ્તારમાં શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં આવેલી એક રહેણાંક સોસાયટીના 13મા માળેથી પટકાતા એક 49 વર્ષીય વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના આત્મહત્યા હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. શેલા વિસ્તારમાં આવેલી 'સન એટમોસ્ફિયર' સોસાયટીના ડી-બ્લોકમાં આ ઘટના બની હતી. મૃતકની ઓળખ નિલેશ બાબુલાલ મહેતા (ઉંમર 49 વર્ષ) તરીકે થઈ છે. આજે શુક્રવારે સાંજે તેઓ અચાનક 13મા માળેથી નીચે પટકાયા હતા. જોરદાર અવાજ આવતા સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા અને તાત્કાલિક તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતક નિલેશભાઈ છેલ્લા ઘણા સમયથી લાંબી બીમારીથી પીડાતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, 'પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પોતાની સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓને કારણે માનસિક તણાવમાં હતા. બીમારીથી કંટાળીને તેમણે આ પગલું ભર્યું હોવાની આશંકા છે.' ઘટનાસ્થળેથી પોલીસને કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. આથી, આ ઘટના આકસ્મિક રીતે પટકાવવાની છે કે આત્મહત્યા, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસ હવે પરિવારના સભ્યો અને સોસાયટીના અન્ય રહીશોના નિવેદન નોંધશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ફાયર NOC વગર ધમધમતું હતું કોમ્પ્લેક્સ

# વેરાવળમાં મુરલીધર કોમ્પ્લેક્સમાં ભીષણ આગ, 40 દુકાનો અને વાહનો બળીને ખાખ થયા

(એજન્સી) વેરાવળ । તા. 06

યાત્રાધામ સોમનાથના પ્રવેશદ્વાર સમા વેરાવળ શહેરમાં આજે સવારે એક ભયાનક અગ્નિકાંડ સર્જાયો હતો. જૂનાગઢ બાયપાસ રોડ પર આવેલા ચાર માળના 'મુરલીધર કોમ્પ્લેક્સ'માં લાગેલી ભીષણ આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં કોમ્પ્લેક્સમાં આવેલી અંદાજે ૪૦ જેટલી દુકાનો બળીને ખાખ થઈ ગઈ છે, જેના કારણે સ્થાનિક વેપારીઓએ પોતાની જીવનભરની કમાણી ગુમાવવાનો વારો આવ્યો છે. સદનસીબે, આટલી મોટી આગ હોવા છતાં કોઈ જાનહાનિના સમાચાર નથી, જે એક મોટી રાહતની વાત છે.

### ડીઝલ પંપની દુકાનથી શરૂ થયો મોતના તાંડવ જેવો નજારો

ઘટનાની વિગતો મુજબ, આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી એક ડીઝલ પંપ સર્વિસની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જ્વલનશીલ પદાર્થોની હાજરીને કારણે આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને આખું ચાર માળનું બિલ્ડિંગ અગનગોળામાં ફેરવાઈ ગયું હતું. આગ એટલી તીવ્ર હતી કે કોમ્પ્લેક્સના પાર્કિંગમાં પડેલી ૪ મોટર સાયકલ અને ૧ કાર પણ જોતજોતામાં ભસ્મીભૂત થઈ ગયા હતા. ધુમાડાના કાળા ગોટેગોટા આકાશમાં દૂર-દૂર સુધી દેખાતા હતા, જેનાથી સ્થાનિકોમાં ફાળ પડી હતી.

### ફાયર બ્રિગેડની કલાકોની જહેમત બાદ આગ કાબૂમાં

આગની જાણ થતા જ વેરાવળ ફાયર બ્રિગેડના જવાનો બે વાહનો સાથે તાત્કાલિક દોડી આવ્યા હતા. જોકે, આગની ગંભીરતા જોતા આસપાસની



ખાનગી ઈન્ડસ્ટ્રીઝના ફાયર ફાઈટરોની પણ મદદ લેવામાં આવી હતી. કુલ પાંચ ફાયર ફાઈટરોએ સતત કલાકો સુધી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગ ઓલવવાના સાધનોના અભાવે બિલ્ડિંગમાં અંદર જવું મુશ્કેલ બન્યું હતું, પરંતુ જવાનોએ સાહસ બતાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી.

### તંત્રની લાલ આંખ: ફાયર NOC ના અભાવે કાર્યવાહીની તૈયારી

આ દુર્ઘટનામાં સૌથી આઘાતજનક બાબત એ સામે આવી છે કે મુરલીધર કોમ્પ્લેક્સ પાસે અનિવાર્ય એવું 'ફાયર એનઓસી' (NOC) હતું જ નહીં. ફાયર ઓફિસર રવિરાજસિંહ ચાવડાના જણાવ્યા મુજબ, અગાઉ આ મામલે કોમ્પ્લેક્સના સંચાલકોને નોટિસ પણ આપવામાં આવી હતી, જેની તેમણે અવગણના કરી હતી. ઘટના બાદ કલેક્ટર અને પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, કલેક્ટરે નગરપાલિકા પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો છે અને બેદરકારી દાખવનાર જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

## વડોદરા બિલ ગામમાં ટીપી રસ્તાના દબાણોનો સફાયો, પ્રકૃતિ હાર્મોનીથી વાણી વિલા સુધીના રસ્તા ખુલ્લા કરાયા

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના છેવાડે આવેલા બિલ ગામ વિસ્તારમાં ટીપી રસ્તાઓ પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવાની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શુક્રવારે સવારથી જ પાલિકાની દબાણ શાખાની ટીમ ૪ બુલડોઝર અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ત્રાટકી હતી અને પ્રકૃતિ હાર્મોનીથી વાણી વિલા તરફના રસ્તા પરના દબાણોનો સફાયો કર્યો હતો. જોકે, આ કાર્યવાહીને લઈને સ્થાનિકોમાં એવી ચર્ચા જાગી છે કે પાલિકા બિલ્ડર લોબીના ઈશારે આ કામગીરી કરી રહી છે.

૪ બુલડોઝર અને એસઆરપીના કાફલા સાથે કાર્યવાહી સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, બિલ ગામમાં પ્રકૃતિ હાર્મોનીથી વાણી વિલા તરફના કેનાલ રોડ પર ૧૨, ૧૮ અને ૨૪ મીટરના ટીપી રસ્તાઓ પર આસપાસના ખેતર માલિકોએ ફેન્સિંગ કરી લીધું હોવાની ફરિયાદો મળી હતી. આ ઉપરાંત રસ્તા પર મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા હતા. આ રસ્તાઓ ખુલ્લા કરવા માટે પાલિકાની ટીમ સાથે ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમ, એસઆરપી (SRP) ના જવાનો અને અટલાદરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ખડેપગે રહ્યો હતો. ટીપી સ્ટાફની હાજરીમાં તમામ ગેરકાયદે ફેન્સિંગ તોડી પાડી રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા હતા.

બિલ્ડર લોબીના ઈશારે કાર્યવાહીની લોકચર્ચા મીડિયા અહેવાલ મુજબ, એક તરફ વડોદરા શહેરના મુખ્ય વિસ્તારોમાં દબાણોનો રાફડો ફાટ્યો છે, ત્યારે પાલિકા તંત્ર છેવાડાના વિસ્તારોમાં ટીપી રસ્તાઓ ખુલ્લા કરવા આટલી સક્રિયતા દાખવી રહ્યું છે તેને લઈને અનેક સવાલો ઉઠ્યા છે. સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે આ વિસ્તારમાં બની રહેલા નવા બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ અને બિલ્ડર લોબીને ફાયદો કરાવવા માટે તંત્રએ આ આયોજનબદ્ધ કામગીરી કરી છે. જોકે, પાલિકાએ આક્ષેપોને નકારીને જણાવ્યું છે કે રસ્તાના દબાણો દૂર કરવા એ નિયમિત પ્રક્રિયાનો ભાગ છે.



## વડોદરા આગના બનાવ: હરણી તળાવ પાસે ચાલુ કારમાં આગ

(એજન્સી) વડોદરા । તા. 06

વડોદરા શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં આગ લાગવાની બે મોટી ઘટનાઓ સામે આવી છે. હરણી વિસ્તારમાં ચાલુ કારમાં આગ લાગતા નાસભાગ મચી હતી, જ્યારે ગોરવા વિસ્તારમાં એક મકાનમાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ માલમિલકતને મોટું નુકસાન પહોંચ્યું છે.

હરણી તળાવ પાસે કાર સળગી ઉઠી ગઈકાલે રાત્રે હરણી તળાવ નજીકથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક આગ ફાટી નીકળી હતી. કારમાંથી ધુમાડા નીકળતા જોઈ ચાલકે સમયસૂચકતા વાપરીને તુરંત જ કાર નીચે ઉતરી ગયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આખી કાર આગની લપેટમાં આવી ગઈ હતી. રસ્તા પર ચાલુ કાર સળગતા અન્ય વાહનચાલકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં કારને ભારે નુકસાન થયું હતું.

ગોરવામાં મકાનમાં આગથી અફરાતફરી આગનો બીજો બનાવ ગોરવા વિસ્તારમાં આવેલા આદર્શ ડુપ્લેક્સમાં બન્યો હતો. આજે સવારે એક મકાનમાં અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે જોતજોતામાં ઘરની મોંઘીદાટ ઘરવખરી બળીને રાખ થઈ ગઈ હતી.

## રાજકોટ તાંત્રિક વિધિ ઠગાઈ: 19 લાખની કાર જપ્ત, ભક્તિનગર પોલીસે આરોપી સતિષ ધામીની કરી ધરપકડ

(એજન્સી) રાજકોટ । તા. 06

લોકોની શ્રદ્ધા અને મજબૂરીનો ફાયદો ઉઠાવી તાંત્રિક વિધિના નામે લાખો રૂપિયા ખંખેરતા શખ્સોનો વધુ એક કિસ્સો રાજકોટમાં પ્રકાશમાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયામાં રહેતા યુવક અને તેના પરિવારને પ્રેમલગ્ન તેમજ PR (પરમેનેન્ટ રેસિડન્સ) ની સમસ્યાઓ ઉકેલવાની લાલચ આપી ૨૪ લાખ રૂપિયા પડાવનાર આરોપી સતિષ રામજી ધામીની ભક્તિનગર પોલીસે ધરપકડ કરી છે. આ ગઠિયાએ ઠગાઈના પૈસાથી મોંઘીદાટ ક્રેટા કાર અને આઈફોન ખરીદીને 'પારકે પૈસે તાગડધિન્ના' કર્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

અંડરવેરનો કલર જણાવી પ્રભાવિત કર્યો સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા રહેતા અંકિત પરમાર નામના યુવકને પ્રેમલગ્ન અને વિઝાની સમસ્યા હતી. તે તેના મિત્ર મારફતે ગુંદાવાડીમાં રહેતા સતિષ ધામીના સંપર્કમાં આવ્યો હતો. આરોપીએ વીડિયો કોલ દરમિયાન અંકિતને તે સમયે પહેરેલા અંડરવેરનો કલર, ઘરની બહાર પાર્ક કરેલી કારનો રંગ અને ખિસ્સામાં રહેલી નોટોના નંબર જણાવીને પોતાની પાસે દૈવી શક્તિ હોવાનો દાવો કર્યો હતો. આ કરામતથી અંકિત અને તેનો પરિવાર પ્રભાવિત થઈ ગયો હતો અને કટકે-કટકે ૨૪.૨૩ લાખ રૂપિયા તાંત્રિક વિધિ માટે આપી દીધા હતા.

ઠગાઈના પૈસામાંથી ૧૯ લાખની કાર અને આઈફોન ખરીદ્યો પીએસઆઈ ગોહિલની તપાસમાં ચોંકાવનારી વિગતો ખુલી છે કે, આરોપીએ આ રકમમાંથી ૧૯ લાખ રૂપિયાની રોકડેથી હુંડઈ ક્રેટા કાર ખરીદી હતી. આ ઉપરાંત, તે ૧ લાખ રૂપિયાની કિંમતનો આઈફોન વાપરતો હતો. પોલીસે આ બંને વસ્તુઓ કબજે કરી છે. આરોપીનું બેંક એકાઉન્ટ પણ સીઝ કરવામાં આવ્યું છે, જેમાં હાલ ૧.૯૫ લાખ રૂપિયા જમા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે કોઈ સમસ્યા ઉકેલાઈ નહીં, ત્યારે અંકિતને પોતે છેતરાયો હોવાનો અહેસાસ થયો અને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બીજા ભોગ બનનારાઓને પોલીસનો અનુરોધ ભક્તિનગર પોલીસે આરોપી સતિષ ધામીને જેલહવાલે કર્યો છે.

## સાવલી તાલુકામાં દીપડાનું મોત: ખેતરમાંથી ચાર દિવસ જૂનો મૃતદેહ મળ્યો



વડોદરા | વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં વન્યજીવોના મોતનો સિલસિલો યથાવત રહ્યો છે. સાવલીના પ્રથમપુરા ગામની સીમમાં એક દીપડાનો ડી-કમ્પોઝ થયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા વન વિભાગમાં દોડધામ મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ દીપડાનું મોત ચાર-પાંચ દિવસ પહેલા થયું હોવાનું જણાય છે, જેના કારણે મૃતદેહ કોહવાયેલી હાલતમાં જોવા મળ્યો હતો. ગ્રામજનોએ વન વિભાગને કરી જાણ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, પ્રથમપુરા ગામના અજીતભાઈના ખેતરમાંથી દીપડાનો મૃતદેહ મળી આવ્યો હતો. આજે જ્યારે ગ્રામજનોનું ધ્યાન ગયું ત્યારે તેમણે તાત્કાલિક સાવલી ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી. આરએફઓ (RFO) અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દીપડાના મૃતદેહનો કબજો લીધો હતો. દીપડાનું શરીર ડી-કમ્પોઝ થઈ ગયું હોવાથી સ્થળ પર જ પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## આંગણવાડી કર્મચારી હડતાલ: ૧૨ ફેબ્રુઆરીએ એલાન, વેતન વધારો માટે બહેનો મેદાનમાં



વડોદરા | ગુજરાત રાજ્યના આંગણવાડી કર્મચારી સંગઠનોએ તેમના વર્ષોથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે સરકાર સામે મોરચો માંડ્યો છે. વડોદરાની નવી કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયેલી આંગણવાડી બહેનો અને ભાઈઓએ વેતન વધારા અને કામનું ભારણ ઘટાડવા જેવી માંગણીઓ સાથે ઉગ્ર રજૂઆત કરી હતી. કર્મચારીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી બજેટમાં તેમના હિતમાં નિર્ણય લેવામાં નહીં આવે, તો ૧૨ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાલ પાડવામાં આવશે. મોંઘવારીમાં અપૂરતા વેતનનો મુદ્દો સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, આંગણવાડી કર્મચારીઓએ કલેક્ટર કચેરીના ચીટનીશને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. તેમની મુખ્ય માંગણી છે કે હાલમાં મળતું માનદ વેતન આ મોંઘવારીમાં અત્યંત અપૂરતું છે. આથી, સરકારે તાત્કાલિક અસરથી વેતનમાં વધારો કરવો જોઈએ. આ ઉપરાંત નિયમિત પગાર, પેન્શનની સુવિધા અને સામાજિક સુરક્ષા જેવી માગણીઓ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

## વડોદરા પીસીબી પોલીસ દારૂ કેસ: કારમાં 3 ગુપ્ત ટાંકી, રાજસ્થાનમાં ખાસ ટાંકીઓ બનાવડાવી



વડોદરા | વડોદરા PCB પોલીસે દારૂની હેરાફેરી કરવાની એક અનોખી અને શાતિર રીતનો પર્દાફાશ કર્યો છે. ગોવાથી કારમાં ખાસ પ્રકારની ત્રણ ટાંકીઓ બનાવીને વિદેશી દારૂનો જથ્થો લાવનારા દંતેશ્વરના શખ્સને પોલીસે તરસાલી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીએ પોલીસની નજરમાંથી બચવા માટે કારની લાઈટો અને સીટમાં ગુપ્ત ખાના અને ઢાંકણા બનાવડાવ્યા હતા. રાજસ્થાનથી કારમાં કરાવી હતી સ્પેશિયલ ડિઝાઈન સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, પીસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે દંતેશ્વરની ચિત્રાનગર સોસાયટીમાં રહેતો અમિત મણિલાલ સોલંકી પોતાની કારમાં ગોવાથી વિદેશી દારૂ ભરીને તરસાલી તરફ આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવીને તેને આંતર્યો હતો. તપાસ દરમિયાન બહાર આવ્યું કે આરોપીએ રાજસ્થાનમાં જઈને કારમાં દારૂ છુપાવવા માટે ખાસ ત્રણ લોખંડની ટાંકીઓ ફિટ કરાવી હતી. આ ટાંકીઓના ઢાંકણા એવી રીતે છુપાવ્યા હતા કે કારની પાછળની લાઈટો અથવા સીટ ખોલ્યા વગર તે જોઈ શકાય તેમ નહોતા.

### રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવેલી 'WCD કવરેજ ડ્રાઈવ' અત્યંત સફળ

## ગુજરાત WCD કવરેજ ડ્રાઈવ: ૫.૧૪ લાખ નવા લાભાર્થી, આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધુ નોંધણી

(એજન્સી) ગાંધીનગર । તા. 06

ગુજરાતના છેવાડાના વિસ્તારો સુધી પોષણ અને આરોગ્યની સેવાઓ પહોંચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવેલી 'WCD કવરેજ ડ્રાઈવ' અત્યંત સફળ રહી છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષા વકીલના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ વિશેષ ઝુંબેશ દ્વારા રાજ્યમાં ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની વિવિધ યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના કોઈ પણ બાળક કે માતા પોષણયુક્ત આહાર અને આરોગ્ય સેવાઓથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

આદિવાસી અને ગ્રામીણ વિસ્તારો પર વિશેષ ધ્યાન સત્તાવાર માહિતી અનુસાર, નવેમ્બર ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ચલાવવામાં આવેલી આ ઝુંબેશમાં આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં અભૂતપૂર્વ સફળતા મળી છે. માઈક્રો-પ્લાનિંગના પરિણામે આદિવાસી વિસ્તારોના ૨.૫૫ લાખથી વધુ અને ગ્રામીણ વિસ્તારોના ૨.૦૭ લાખથી વધુ લાભાર્થીઓ યોજના હેઠળ આવરી લેવાયા છે. શહેરી વિસ્તારોમાં પણ ૫૧,૦૦૦ જેટલા નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી છે, જે સરકારની અંતરિયાળ વિસ્તારો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

ટેકનોલોજી અને ફિલ્ડવર્કનો અદભૂત સમન્વય આ ઝુંબેશની વિશેષતા એ રહી કે વિભાગ દ્વારા ડેટાની સચોટતા જાળવવા માટે 'TECHO સોફ્ટવેર' અને પ્રત્યક્ષ ફિલ્ડ વેરિફિકેશનનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો. આંગણવાડી કાર્યકરો અને તેડાગરોએ છેવાડાના ઘર સુધી પહોંચીને જરૂરિયાતમંદ સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૦ થી ૬ વર્ષના બાળકોની ઓળખ કરી હતી. ટેકનોલોજીના માધ્યમથી ડેટા એન્ટ્રીમાં સુધારો થવાથી યોજનાનો લાભ ખરા અર્થમાં પાત્રતા ધરાવતા લોકો સુધી પહોંચ્યો છે.

સુશાસન અને પોષણક્ષમ ગુજરાતનો સંકલ્પ મુખ્યમંત્રીશ્રીના વિઝનને સાકાર કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા માઈક્રો-પ્લાનિંગથી આ નોંધપાત્ર પરિણામો મળ્યા છે. આ ડ્રાઈવ સાબિત કરે છે કે જો મક્કમ ઈરાદો અને ટેકનોલોજીનો સાથ હોય, તો સરકારી સેવાઓ દરેક ઘર સુધી પહોંચી શકે છે. રાજ્ય સરકાર આગામી સમયમાં પણ આ પ્રકારની ઝુંબેશો દ્વારા પોષણલક્ષી માળખાને વધુ મજબૂત કરવા માટે કટિબદ્ધ છે.

### ૪૦૦૦ આપો તો ૨ કલાકમાં કાર્ડ એપ્રુવ, નહીંતર મહિનાઓનો વેઈટિંગ

## સુરત આયુષ્માન કાર્ડ કૌભાંડ ૨૦૨૬: હજારોના ઉઘરાણા

(એજન્સી) સુરત । તા. 06

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આરોગ્યલક્ષી સૌથી મહત્વની યોજના ગણાતી 'આયુષ્માન ભારત' યોજનામાં ભ્રષ્ટાચારનું ગ્રહણ લાગ્યું હોવાના ગંભીર આક્ષેપો વિપક્ષ દ્વારા કરવામાં આવ્યા છે. વિપક્ષી કોર્પોરેટરોએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને જણાવ્યું છે કે, કાર્ડ રિન્યુ કરવા અને અપડેટ કરવા માટે આવતા જરૂરિયાતમંદ નાગરિકો પાસેથી વચેટિયાઓ અને એજન્ટો દ્વારા ૪૦૦૦ રૂપિયા જેટલી મોટી રકમ પડાવાઈ રહી છે.

આયુષ્માન કાર્ડ અપડેટ કરવાની પ્રક્રિયામાં એક મોટું નેટવર્ક સક્રિય થયું છે. જે અરજદારો એજન્ટોને લાંચ આપે છે, તેમના કાર્ડ માત્ર ૨ કલાકમાં એપ્રુવ કરી દેવામાં આવે છે. જ્યારે સામાન્ય પ્રક્રિયા મુજબ ફોર્મ ભરનારા નાગરિકોની અરજીઓ ૨-૨ મહિના સુધી પેન્ડિંગ રાખવામાં આવે છે અથવા તેમને અનેક ધક્કા ખવડાવવામાં આવે છે. વિપક્ષે આક્ષેપ કર્યો છે કે સરકારી વિભાગના અમુક કર્મચારીઓ અને વચેટિયાઓની મિલીભગત વગર આ પ્રકારનું કામ શક્ય નથી.

ગરીબ જનતાની મજબૂરીનો ફાયદો મીડિયા અહેવાલ મુજબ, આયુષ્માન કાર્ડ ગંભીર બીમારીઓના ઓપરેશન અને સારવાર માટે અત્યંત જરૂરી છે. ઘણીવાર દર્દી હોસ્પિટલમાં દાખલ હોય ત્યારે જ કાર્ડ રિન્યુ કરવાની જરૂર પડતી હોય છે. આવી કટોકટીની સ્થિતિમાં લોકો મજબૂરીવશ એજન્ટોને માગેલી રકમ આપી રહ્યા છે. વિપક્ષી નેતાઓએ આ મુદ્દે રોષ વ્યક્ત કરતા કહ્યું કે, સંવેદનશીલ યોજનામાં આ પ્રકારનો ભ્રષ્ટાચાર સરકારની છબી ખરડી રહ્યો છે અને સાચા જરૂરિયાતમંદો સારવારથી વંચિત રહી રહ્યા છે. કડક તપાસ અને કાર્યવાહીની માંગ સુરત પાલિકાના વિપક્ષે માંગ કરી છે કે આ કૌભાંડમાં સામેલ જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને તેમને તાત્કાલિક ફરજ મુક્ત કરવામાં આવે.

### દક્ષિણ ગુજરાતના કાપડ, રસાયણ અને સીફૂડ નિકાસને યુરોપિયન યુનિયનની શૂન્ય-ડ્યુટી ઍક્સેસથી મોટો લાભ

# ભારત અને યુરોપ વચ્ચે ઐતિહાસિક સમજૂતી

(એજન્સી) ગાંધીનગર । તા. 06

ભારતની વૈશ્વિક આર્થિક સત્તા બનવાની દિશામાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલો મુક્ત વેપાર કરાર (FTA) દેશની આર્થિક ભાગીદારીમાં એક ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થવા જઈ રહ્યો છે. આ કરારથી ભારતીય ઉત્પાદનો માટે યુરોપના વિશાળ બજારોમાં શૂન્ય-ડ્યુટી ઍક્સેસનો માર્ગ મોકળો થયો છે, જે નિકાસ, રોકાણ અને ઔદ્યોગિક વૃદ્ધિ માટે અનંત સંભવનાઓ જન્માવશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં આ કરાર પાયાનો પથ્થર સાબિત થશે, જે ભારતીય નિકાસકારોને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે.

શૂન્ય-ડ્યુટી ઍક્સેસથી નિકાસકારોને બખ્ખાં વર્તમાન આંકડાઓ મુજબ, ભારતની યુરોપિયન યુનિયન ખાતેની નિકાસ આશરે રૂ. ૧.૪૪ લાખ કરોડ (૧૬.૬ બિલિયન ડોલર) છે. આ ઐતિહાસિક કરાર હેઠળ ભારતે ૯૭% ટેરિફ લાઈન પર પસંદગીની ઍક્સેસ મેળવી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતની કુલ નિકાસના ૯૦.૭% ભાગને આવરી લેતી ૭૦.૪% ટેરિફ લાઈન પર તાત્કાલિક અસરથી ડ્યુટી નાબૂદ કરવામાં આવશે. આ નિર્ણયનો સીધો લાભ કાપડ, ચામડાં, મસાલા, રત્ન-ઝવેરાત, ફાર્માસ્યુટિકલ્સ અને રસાયણો જેવા ઉચ્ચ-વૃદ્ધિ ધરાવતા ક્ષેત્રોને મળશે. ખાસ કરીને ગુજરાત માટે આ સમાચાર ઉત્સાહવર્ધક છે, કારણ કે રાજ્યની કુલ નિકાસમાં આ ક્ષેત્રોનો હિસ્સો ૨૫% જેટલો મોટો છે.

### દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે સોનાનો સૂરજ

મુક્ત વેપાર કરારના કારણે દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરતના ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. યુરોપમાં કાપડ અને વસ્ત્રોના ૨૬૩.૫ બિલિયન ડોલરના વિશાળ બજારમાં હવે ભારતીય નિકાસકારોને ૧૨% સુધીના ટેરિફ ઘટાડાનો લાભ મળશે. સુરત જે મેન-મેડ ફાઈબર (MMF) અને સિન્થેટિક ટેક્સટાઈલનું વૈશ્વિક હબ છે, તેને આ કરારથી નવી પાંખો મળશે. તેવી જ રીતે, રત્ન અને ઝવેરાત ક્ષેત્રમાં પણ યુરોપના ૭૯.૨ બિલિયન ડોલરના આયાત બજારમાં ભારતની પકડ મજબૂત બનશે. સુરત સેઝ (SEZ) માં કાર્યરત ૨૫૦થી વધુ એકમો હવે ઉચ્ચ-મૂલ્ય ધરાવતી નિકાસ માટે સજ્જ બન્યા છે.

### સીફૂડ અને કેમિકલ સેક્ટરમાં નવો આયામ

દરિયાઈ ઉત્પાદનો અને રાસાયણિક ક્ષેત્રમાં પણ ગુજરાતનો દબદબો વધશે. ભારતની દરિયાઈ નિકાસ પર ૨૬% સુધીના ટેરિફમાં ઘટાડો થતા મૂલ્યવર્ધિત સીફૂડની નિકાસમાં મોટો ઉછાળો આવશે. બીજી તરફ, ૨૦૪૭ સુધીમાં ભારત ૧ ટ્રિલિયન ડોલરનું કેમિકલ ઉત્પાદન કેન્દ્ર બનવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં દક્ષિણ ગુજરાત ૭૦% ફાળો આપે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, રાસાયણિક નિકાસના ૯૭.૫% મૂલ્ય પર શૂન્ય ડ્યુટી લાગુ થવાથી અકાર્બનિક અને કૃષિ રસાયણોના વેપારમાં ભારત વિશ્વગુરુ બની શકશે. એપ્રિલ ૨૦૨૬માં સુરત ખાતે યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ' આ તકોને વાસ્તવિકતામાં બદલવા માટેનું મુખ્ય વ્યૂહાત્મક મંચ બની રહેશે.

### મદાર મોહલ્લાના રહીશોએ પાલિકા કચેરી ગજવી

## વડોદરા યાકુતપુરામાં દૂષિત પાણી મુદ્દે ભારે રોષ

(એજન્સી) વડોદરા । તા. 06

સ્માર્ટ સિટી વડોદરાના વોર્ડ નંબર 6 માં આવેલા યાકુતપુરા વિસ્તારમાં દૂષિત પાણીની સમસ્યા હવે સીમા વટાવી ગઈ છે. યાકુતપુરાના મદાર મોહલ્લામાં છેલ્લા 8 વર્ષથી ગટરમિશ્રિત ગંદુ પાણી આવતું હોવાની રજૂઆત સાથે આજે રહીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશનની વડી કચેરી ખંડેરાવ માર્કેટ ખાતે હલ્લાબોલ કર્યો હતો. વારંવારની મૌખિક રજૂઆતો છતાં તંત્રના બહેરા કાને અથડાઈને પાછી આવતી ફરિયાદોને પગલે આજે રહીશોનો પિત્તો ગયો હતો.

૮ વર્ષથી ૩ હજાર લોકો નર્કાગાર સ્થિતિમાં સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, મદાર મોહલ્લા અને આસપાસના વિસ્તારોમાં આશરે 3 હજારથી વધુ લોકો રહે છે. અહીં છેલ્લા આઠ વર્ષથી પીવાના પાણીમાં ગટરનું ગંદુ પાણી ભળી રહ્યું છે. દૂષિત પાણી પીવાને કારણે બાળકો અને વૃદ્ધોમાં રોગચાળો ફેલાવાનો ભય સતત સતાવી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને અનેકવાર જાણ કરવા છતાં તેઓ માત્ર આશ્વાસન જ આપી રહ્યા છે.નવી લાઈન તૈયાર, પણ ઉપયોગ શૂન્ય ચોંકાવનારી બાબત એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વિસ્તારમાં નવી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમ છતાં, કોઈ અકળ કારણોસર આ નવી લાઈન હજી સુધી કાર્યરત કરવામાં આવી નથી. અત્યારે પણ રહીશોને જૂની અને જર્જરિત લાઈનમાંથી જ પાણી પૂરું પાડવામાં આવે છે, જે દૂષિત પાણી આવવાનું મુખ્ય કારણ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. સંબંધીઓ તમારી તરફ મદદનો હાથ લંબાવવા ઈચ્છુક હશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**મિથુન : ક. છ. ઘ.**

દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.

**કર્ક : ડ. હ.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે.

**સિંહ : મ. ટ.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

**તુલા : ર. ત.**

ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**મકર : ખ. જ.**

જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો. મહત્વપૂર્ણ કાર્યો ને સમય ન આપવો અને વ્યર્થ કાર્યો માં સમય પસાર કરવો તમારા માટે આજે જીવલેણ સાબિત થઈ શકે છે. તમારા લગ્નજીવનની બાબતમાં પરિસ્થિતિ આજે ખરેખર સુંદર જણાઈ રહી છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશો ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાયા જ્યારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

સીટી એ. ડિવિઝન પોલીસે નેત્રમની ટીમની મદદથી તમામને શોધી કાઢી પોલીસ મથકે બોલાવ્યા

# જૂનાગઢ ખાતે આગામી 11થી 14 ફેબ્રુઆરી દરમ્યાન દરરોજ રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાયક્રમનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ, તા.06

જામનગરમાં પરમદીને મોડી રાત્રે બેફામ ડ્રાઈવિંગ કરતી ધૂમ ગેંગ સક્રીય થઈ હોવાનું ચિત્ર ઉપસ્યું હતું, અને રાત્રે ૧ વાગ્યા પછી કેટલાક શખ્સો ટુ-વ્હીલર પર બેફામ ડ્રાઈવિંગ કરતા તથા દેકારો બોલાવતા વિવિધ રસ્તાઓ પરથી પસાર થયા હતા, અને શહેરીજનોને ભયમાં મૂકાયા હતાં. પંચેશ્વર ટાવર, સત્યનારાયણ મંદિર રોડ, હવાઈ ચોક વગેરે વિસ્તારોમાંથી સંખ્યાબંધ ટુ-વ્હીલર પર નીકળેલી ટોળકી ચિચિયારી પાડતો અને બેફામ ડ્રાઈવિંગ કરી ને સ્પીડ બ્રેકર પણ ઠેકાડતા હોય તે પ્રકારના વિડીયો શહેર ભરમાં વાયરલ થયો હતો, જેની પોલીસ તંત્રએ તુરતજ નોંધ લીધી હતી. સૌપ્રથમ જામનગર પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટ્રલ (નેત્રમ) ની ટીમ હરકતમાં આવી ગઈ હતી, અને પીએસઆઈ બી.બી. સિંગલ અને તેઓની ટીમ દ્વારા બેડીગેઈટ થી લઈને હવાઈ ચોક સુધીના અલગ અલગ સીસીટીવી કેમેરાઓના ફૂટેજ મેળવ્યા હતા, અને તેમાંથી પસાર થનારા વાહન ચાલકોના નંબરો તથા વાહનોની ઓળખ કરવા માટેનો પ્રયત્ન કર્યો હતો. જે અંગેના ફૂટેજ અને વાહનો ના નંબર સાથેની તમામ વિગતો સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધી હતી. જે તમામ વિગતો એકત્ર કરીને સમગ્ર ગેંગ ને પકડવા માટે સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન. એ. ચાવડા અને તેઓની ટીમ પણ હરકતમાં આવી ગઈ હતી, અને સીસીટીવી કેમેરામાં દેખાયેલા તમામ વાહનોને શોધી કાઢવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગણતરી ના સમયગાળામાજ સમગ્ર ટોળકીને શોધી કાઢી પોલીસ મથકે બોલાવી લેવામાં આવ્યા હતા. પોલીસની તપાસ દરમિયાન ૩ ટાબરીયા સહિત ૧૩ વ્યક્તિ વાહન ચલાવતા હતા, જ્યારે બે ટાબરીયા સહિત ૧૩ શખ્સો વાહનની પાછળ બેઠેલા હતા, અને પોલીસ દ્વારા કુલ પાંચ ટાબરિયા સહિત ૨૪ વ્યક્તિની ઓળખ કરી લેવામાં આવી હતી. વાહનોની તપાસ દરમિયાન એક ઓટો રીક્ષા, ઉપરાંત બે મોટરસાયકલ, એક બુલેટ મોટરસાયકલ, તેમજ એકટીવા સ્કૂટર અને એક્સેસ સ્કૂટર સહિત કુલ ૧૩ વાહનો પોલીસ દ્વારા કબજે કરી લેવામાં આવ્યા હતા અને સિટી એ. ડિવિઝન પોલીસ મથકે જમા કરાવી દેવાયા છે. પોલીસે બેફામ ગતીએ વાહન ચલાવનારા રિતમામને ફરી આવું નહીં કરવા સમજ આપી હતી. જે તમામે આવું કૃત્ય નહીં કરવા કબુલાત પણ આપી હતી, આમ સોશિયલ મીડિયામાં ધૂમ સ્ટાઈલમાં બાઈક ચલાવનાર ટોળકીને સિટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન ની પોલીસ ટીમે નેત્રમની ટીમની મદદથી ગણતરીના કલાકોમાં તમામને શોધી કાઢ્યા છે, અને બોધપાઠ પણ આપ્યો છે.

## ભુજ ખાતે દ્વારકાધીશ મંદિરે ૧૪મી ફેબ્રુઆરના સિનિયર સિટી ચેન ક્લબ બ્રહ્મ સમાજ(વડીલો શ્રી) દ્વાર ધજા આરોહણ કરાશે

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.06

સિનિયરસિટીઝન ક્લબ, બ્રહ્મસમાજ,ભુજ દ્વારા ચાલુ માસે 14મી ફેબ્રુઆરી શનિવારના રોજ વડીલોના હાથે "દ્વારકાધીશ મંદિર" ભુજ ઉપલીપાડ રોડ ખાતે ધ્વજા આરોહણનો કાર્યક્રમનુ આયોજન કરેલ છે જે કાર્યક્રમ નીચે મુજબ રહશે.સવારે 10 વાગે " દ્વારકાધીશ મંદિર"સૌની ઉપસ્થિતિ માં સવાર 10:15 વાગે ધ્વજા આરોહણનું વેદમંત્રોચાર સાથે વિધિવીધાન પૂર્વક પૂજન થશે.પૂજન વિધિ પુનિત મહારાજ ગુગલી બ્રાહ્મણ દ્વારા સવારે 11:15 ધ્વજાનું મંદિર શિખરે આરોહણ કરાશે ધ્વજાજીના પૂજન વિધિ માં કોઈ પણ વડીલ ભાઈ બહેન ભાગ લઈ શકશે. જેવોને મંદિરે સમયસર હાજરી આપવા અનુરોધ કરાયો છે .તેમજ શકય હોય તો પોતાના નામ અગાઉ થી નોંધાવવા હિતાવહ રહશેત્યાર બાદ બપોરે 12 વાગે દ્વારકાધીશને પ્રસાદ ભોગ, થાળ ઈત્યાદી બાદ આપણે સૌ શોભાયાત્રા સ્વરૂપે પારેશ્વર ચોક થઈ ને મોઢજ્ઞાતિની સમાજ વાડીમાં જઈશું. ત્યારબાદ ભક્તિ સંગીત જરૂરી વિશેષ સભાનો કાર્યક્રમ થશે અને બપોરે 1:30 વાગે સમૂહ પ્રસાદ નું આયોજન કરેલ છે આ શુભ પ્રસંગે દરમિયાન આવેલ ડોનેશન (દાન)રૂપે રકમ સમાજની ગંગાસ્વરૂપ બહેનોને રાશનકીટના ખર્ચ માટે ઉપયોગ લેવાશે આપ સૌના વિનમ્ર સહકાર અને સહયોગથી આપણે કાર્યક્રમના આયોજન વડીલો માટે કરીએ છીએ ત્યારે સૌ આ કાર્યક્રમ પોતાનો જ છે તે રીતે જોડાશે તેવી વિનંતી કરતા સિનિયર સિટીઝન ક્લબ બ્રહ્મ સમાજના એડવોકેટ શ્રી એચ.એલ.અજાણી સાહેબે જણાવ્યું હતુ

પ.પૂ.શ્રી ધણીમાતંગદેવ જન્મ જયંતી નિમિતે

## મુરૂ ગામે યોજાયો પાંચમો શૈક્ષણિક સન્માન કાર્યક્રમ

**ગામની પ્રથમ મહીલા ગુજરાત પોલીસમાં પસંદગી થતા સમાજે હર્ષ ઉલ્લાસ સાથે કર્યુ સન્માન**



જગદીશ દવે |દેશલપર (ગુંતલી) તા.06

નખત્રાણા તાલુકાના ઐતિહાસિક ગામ મુરૂ મધ્યે પ.પૂ.શ્રી ધણીમાતંગદેવ જન્મ જયંતી નિમિતે તારીખ 05/02/2026 ગુરુવારના મુરૂ મહેશ્વરી યુવા ગ્રુપ દ્વારા પાંચમો શૈક્ષણિક સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતોજેમાં માધ્યમિક શાળાના આચાર્યા બેન સહીત સ્ટાફ,વિદ્યાર્થીઓ તથા સમાજના યુવાનો અને શિક્ષણમાં રસ ધરાવતા લોકો હાજર રહ્યાં હતાં. મુરૂ મહેશ્વરી સમાજની પ્રથમ દીકરી જ્યોતિ બેન કાનજી ભાઈ મહેશ્વરી ગુજરાત પોલીસ મા પસંદગી થતા તેવોનું યુવા ગ્રૂપ દ્વારા વિશેષ સન્માન કરવા મા આવ્યુ હતું હર્ષની લાગણી વ્યક્ત કરાઈ હતી તેવુ મુરૂ ગામના સામાજિક યુવા આગેવાન અનિલભાઈ મહેશ્વરી જણાવ્યું હતું.

## ભવનાથ તળેટીમાં સેવા કાર્ય અને લેઉવા પટેલ સમાજની અનોખી પહેલ

મહાશિવરાત્રી મહોત્સવ- મીની કુંભ ૨૦૨૬ નિમિત્તે શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા તા. ૧૧-૦૨-૨૦૨૬ થી તા. ૧૫-૦૨-૨૦૨૬ સુધી દત ચોક, ભવનાથ, જૂનાગઢ ખાતે સાર્વજનિક ચા-પાણી અને અલ્પાહાર, અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવ્યું છે તો આ પવિત્ર અવસર પર આપ સહુએ પધારીને પ્રસાદનો લાભ લેવા અને સેવા કાર્યમાં સહભાગી બનવા વિનંતી છે, વધુ માહિતી માટે સંપર્ક: 9093390934

સ્ટેટ હાઈ-વે ઉપર સામટા

## 11 સિંહ આવી ચડતાં વાહનો થોભાવાયાં



કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.06

દિવસના સમયે ૧૧ જેટલા સિંહોનું એક વિશાળ ટોળું જંગલ વિસ્તારમાંથી નીકળીને રોડ ક્રોસ કરવા માટે સ્ટેટ હાઈવે પર આવી પર આવી પહોંચ્યું હતું. સામાન્ય રીતે આ હાઈવે પર દિવસ દરમિયાન વાહનોની સતત અવરજવર રહેતી હોય છે. જોકે, વનવિભાગના કર્મચારીઓ આ બાબતે સતર્ક હતા. વનરાજો ને જીવલેણ અકસ્માતના બનાવો નડ્યા બાદ વનતંત્ર સતર્ક ધારી ગીર વનવિભાગ હેઠળના વિસ્તારમાં આજે

રાજપીપળા નગરપાલિકામાં

## રેગ્યુલર ચીફ ઓફિસર સહિત કેટલાક રસ્તાઓને લઈને સાંસદની રજૂઆત



ભરત શાહ | નર્મદા તા.06

સાંસદ મનસુખ વસાવા હાલ લોક સભાના બજેટ સત્રમાં હોય તેમને પાલિકામાં ચીફ ઑફિસર વગર જે તકલફી લોકોને પડી રહી જેની લેખિત માં રજૂઆત કરી છે. સાંસદ મનસુખ વસાવા એ લખ્યું છે કે છેલ્લા આઠ મહિનાથી રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસરની ખોટી રીતે બદલી કરાવી રાજપીપલા નગરપાલિકામાં ચીફ ઓફિસર ચાર્જમાં વહીવટ કરે છે. તાજેતરમાં ગુજરાતની તમામ નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરઓની બદલી થઈ પરંતુ રાજપીપલામાં નવા ચીફ ઓફિસર મુકાયા નથી, કાયમી ચીફ ઓફિસર નહીં હોવાના કારણે રાજપીપલા નગરના વિકાસના કામો અટકી પડ્યા છે. નવા રોડ રસ્તા મંજૂર થયા છે પરંતુ ચીફ ઓફિસરની સહી વગર કામો થઈ શકતા નથી. આ ઉપરાંત રાજપીપલાના ઘણા અગત્યના પ્રાણ પ્રશ્નો અટવાઈ પડ્યા છે. હિન્દુ દેવસ્થાન કમિટીની રચના પણ નથી થતી. આ ઉપરાંત ડેડીયાપાડા તાલુકાના ૩ નવા બ્રિજ ૨૯ કરોડના ખર્ચે મંજૂર થયા છે. જેનું ખાતમુહૂર્ત માનનીય પ્રધાનમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ બ્રિજ ઉપરાંત ૫-૬ રોડ રસ્તા કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર થયેલા છે. આ કામો ડી.એફ.ઓ વન વિભાગના અધિકારી ફોરેસ્ટના કાયદા કાનૂના બહાને કામો અટકાવી દીધા છે અને કોન્ટ્રાક્ટરોના સાધનો મશીનો જપ્ત કરી લીધા છે. તો આ તમામ કામો સરકારમાં આ મહાનુભાવીએ રજૂઆત કરીને સોલ્વ કરવા જોઈએ. સંગઠનમાં આપ માહિર છો તે બહુ સારી બાબત છે. પરંતુ પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવશે તો જ સંગઠન મજબૂત બનવાનું છે. હાલમાં જ પ્રદેશ ભાજપના મહામંત્રી ડૉ. પ્રશાંતભાઈ કોરાટજી નર્મદા જિલ્લામાં પધારેલા હતા ત્યારે તેઓનું આ બાબતે ધ્યાન દોર્યું હોત તો પણ ઘણું સારું કહેવાત. નગરપાલિકાના ચીફ ઓફિસરની ખોટી રીતે બદલી કરીને તેમની ખાલી જગ્યામાં બીજા ચીફ ઓફિસર કાયમી મૂકતા નથી તો પ્રજા મુખે એવું ચર્ચાઈ રહ્યું છે કે, રાજપીપલા નગરપાલિકાના મહિલા પ્રમુખનો વહીવટ ખરાબ દેખાય તે ઈરાદાથી ચીફ ઓફિસર નવા મુકતા નથી. તો આપ બહોસ પદાધિકારીઓને મારી નમ્ર વિનંતી છે કે તાત્કાલિક નગરપાલિકાના ચીફ ઓફિસર ચૂંટણી પહેલા મૂકો તો નગરજનોને ફાયદો થશે.

# ગુજરાત એસટી બસોમાં બારીના લોક, તૂટેલા કાચ અને અસ્વચ્છતા મુસાફરો માટે માથાનુ દુખાવો

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.06

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) દ્વારા રાજ્યભરમાં લાખો મુસાફરો દૈનિક મુસાફરી કરે છે, પરંતુ બસોની અંદરની મૂળભૂત સુવિધાઓ પ્રત્યેની બેદરકારી હવે મુસાફરો માટે ગંભીર સમસ્યા બની રહી છે.ઘણી એસટી બસોમાં બારીના (વિન્ડો ક્લીપ) લોક ખરાબ હોવાના કારણે બારીઓ બંધ થતી નથી. કેટલીક બસોમાં તો બારીનું કાચ તૂટેલું હોવાના કારણે બારી બંધ કરવાની કોઈ શક્યતા રહેતી નથી, જેના કારણે મુસાફરોને ઠંડી હવા સહન કરવી પડે છે. હાલની કડક ઠંડીની મૌસમમાં ખાસ કરીને રાત્રિ દરમિયાન ચાલતી લાંબા રૂટની બસોમાં મુસાફરોને ઠંડી ખાવાની ફરજ પડે છે, જે આરોગ્ય માટે પણ નુકસાનકારક સાબિત થઈ શકે છે. વૃદ્ધો, બાળકો અને મહિલાઓને આ પરિસ્થિતિમાં વધુ તકલીફ સહન કરવી પડે છે.આ ઉપરાંત, ઘણી એસટી બસોની અંદર કચરો પડેલો જોવા મળે છે તેમજ પાન મસાલાની થૂંકથી બસની આંતરિક જગ્યાઓ ગંદી બનેલી હોય છે. આવી અસ્વચ્છ સ્થિતિમાં મુસાફરી કરવી મુસાફરો માટે કંટાળાજનક બની જાય છે. કેટલીક બસોમાં લાઈટોની વ્યવસ્થા પણ યોગ્ય ન હોવાને કારણે રાત્રિ મુસાફરી દરમિયાન અંધકાર જેવી સ્થિતિ સર્જાય છે.મુસાફરોની માંગ છે કે એસટી તંત્ર દ્વારા નિયમિત રીતે બારીના લોક (વિન્ડો ક્લીપ) ની રીપેરીંગ કરવામાં આવે, તૂટેલા કાચ તરત બદલવામાં આવે તેમજ બસની અંદર સ્વચ્છતા જાળવવા કડક પગલાં લેવાય. સાથે જ લાઈટ, બારીઓ અને અન્ય મૂળભૂત સુવિધાઓની સમયાંતરે તપાસ કરવામાં આવે તો એસટી બસ મુસાફરી વધુ સલામત, આરામદાયક અને વિશ્વસનીય બની શકે.



## માતૃત્વની અમૂલ્ય ક્ષણ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી) તા.06

કચ્છના રસ્તા પર નજરે પડેલું કુદરતનું સૌથી સુંદર દ્દશ્ય.મુસાફરી દરમિયાન કચ્છની ખુલ્લી ધરતી પર ઊભી ઊંટડી અને તેનું નાનું બચ્ચું - જીવન, પ્રેમ અને સંરક્ષણની અદભૂત ઝલક. આવી પળો જ મુસાફરીને યાદગાર બનાવે છે.

ઘોઘા પોલીસ મથકમાં ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો

# ઘોઘાના ગોરિયાળી ગામે વીજ ચેકિંગ કરવા ગયેલી પીજીવીસીએલની ટીમ પર હુમલો

ભાવનગર: ઘોઘા તાલુકાના ગોરિયાળી (રામપર) ગામે આજે વીજ ચેકિંગ કરવા ગયેલી પીજીવીસીએલની ટીમ પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો છે. ત્રણેય શખ્સોએ વીજચેકિંગ કરવા ગયેલી ટીમના સભ્યોને અપશબ્દો કહી પ્લાસ્ટીકના પાઈપ, ઢીંકાપાટું અને લાફા વડે માર મારી હુમલો કર્યો હતો. બનાવ અંગે ઘોઘા પોલીસ મથકમાં ત્રણ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.અમરેલી પીજીવીસીએલમાં ફરજ બજાવતા નાયબ ઈજનેર હેમાંગભાઈ રમેશચંદ્ર મહેતાએ ઘોઘા પોલીસ મથકમાં રૈયા મોહનભાઈ, ગોરધન મોહનભાઈ પરમાર અને અશ્વિન જીવાભાઈ બાંભણીયા (ત્રણેય રહે. ગોરિયાળી રામપર, તા.ઘોઘા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આજે વહેલી સવારથી મામસા પેટા વિભાગિય કચેરી અંતર્ગત આવતા ઘોઘા તાલુકાના ગામડાઓમાં વીજ ચેકિંગમા હતા અને આ ચેકિંગમાં અલગ-અલગ ૧૩ ટીમો હતી. જેમાં તેમની ટીમમાં તેઓ તથા લાઈનમેન હિમાંશુભાઈ જાની અને ડ્રાઈવર હતા અને તેમની ટીમને ઘોઘા તાલુકાના ગોરિયાળી (રામપર) ગામે વીજ ચેકિંગ કરવાનું હતું. જ્યાં એક મકાનમાં ગેરકાયદે વીજ કનેક્શન જણાતા તે મકાનમાં તપાસ કરતા મકાન માલિક રૈયાભાઈ મોહનભાઈ આવી તેમના ઘરનો મેઈન દરવાજો બંધ કરી અહીં ચેકિંગ કરવાનું નથી મારા ઘરમાંથી બહાર નિકળી જાવ તેમ કહી તેમને પ્લાસ્ટિકનો પાઈપ માર્યો તથા ઉક્ત ગોરધનભાઈ અને અશ્વિનભાઈએ આવીએ તેમની સાથે બોલાચાલી કરી લાફા અને ઢીકા પાટુંનો માર માર્યો હતા.

પરિવર્તન

## જૂનાગઢ જિલ્લામાં તા.19 ફેબ્રુઆરી સુધી મંજુરી વગર સભાસરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.06

જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભાસરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂઈએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભાસરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાય હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તાત્કાલીક અસર થી તા. ૧૯/૨/૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં. કોઈ લગ્નના વરઘોડો, સ્મશાન યાત્રા કે તેમાં જોડાનાર વ્યક્તિઓને, કે સક્ષમ અધિકારીએ કાયદેસર પરવાનગી આપી હોય તેવા વ્યક્તિઓને આ પ્રતિબંધાત્મક આદેશ લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ખંડનો કોઈપણ ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૯૫૧ ની કલમ ૧૩૫(૩) મુજબ દંડને પાત્ર થશે.

### રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા તા. ૭ ફેબ્રુઆરીના જૂનાગઢના પ્રવાસે

જૂનાગઢ | રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા જૂનાગઢ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજા તા.૭ ફેબ્રુઆરીના રોજ જૂનાગઢના પ્રવાસે પધારનાર છે. આ દરમિયાન પ્રભારી મંત્રીશ્રી ના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી ખાતે શિવરાત્રી મેળા- ૨૦૨૬ સંદર્ભે તા.૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૬ કલાકે સમીક્ષા બેઠક યોજાશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## સુખસર તાલુકાની ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળા ખાતે ટી.બી. તથા HIV/AIDS વિષયક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક જાગૃતિ વધારવાના હેતુસર તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ટી.બી. વિષયક IEC કાર્યક્રમનું આયોજન**

દિપક રાવલ | દાહોદ લીમખેડા તા.06

સુખસર તાલુકામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સ્વામિનારાયણ ઉત્તર બૂનિયાદી આશ્રમ શાળા, આફવા ખાતે વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક જાગૃતિ વધારવાના હેતુસર તાલુકા આરોગ્ય કચેરી દ્વારા ટી.બી. વિષયક IEC કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ટી. બી.ના લક્ષણો, સમયસર સારવાર લેવાની આવશ્યકતા, નિયમિત દવા લેવાના ફાયદા તેમજ રોગથી બચાવના ઉપાયો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ICTC કાઉન્સેલર દ્વારા HIV/AIDS વિષયક મહત્વપૂર્ણ અને ઉપયોગી માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં PHC આફવાના મેડિકલ ઓફિસર ડૉ. હેમાનીબેન, STS નટવરભાઈ પારગી, STLS હિતેન્દ્રભાઈ, પિરામલ ફાઉન્ડેશન તરફથી કોમ્યુનિટી કોઓર્ડિનેટર ફરહાજ ખાન તેમજ ICTC કાઉન્સેલર નયનાબેન ઉપસ્થિત રહ્યા હતા. તમામ વક્તાઓએ સરળ અને સમજાય તેવી ભાષામાં વિદ્યાર્થીઓને આરોગ્યવિષયકમાર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. યોગ્ય જવાબ આપનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ માટે વિચારવિમર્શ અને નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા તા.06

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકામાં વિવિધ ગામોમાં ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાસટિયા, કેળકુવા સહિત અન્ય ગામોમાં ખેડૂત માટે તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમમાં પ્રગતીશીલ ખેડૂતો દ્વારા દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ, લાભો તથા પદ્ધતિઓ વિશે માહિતી આપી હતી. રાસાયણિક ખેતીથી જમીન, આરોગ્ય અને પર્યાવરણને થતી નુકસાની અંગે સમજ આપી તેમજ પ્રાકૃતિક ખેતી દ્વારા ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને લાંબા ગાળે જમીનની ગુણવતા જાળવી શકાય તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક ખાતર, જીવામૃત, ઘનજીવામૃત, બીજ સારવાર તથા જીવાત નિયંત્રણ માટેની કુદરતી પદ્ધતિઓ અંગે ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

## બુજેઠા ચેક પોસ્ટ પર અંગ્રેજી દારૂ લઈ જતી ક્રેટા ગાડી કન્ટેનર સાથે અથાડાતા પોલીસને મળ્યો દારૂ



ભરત શાહ, નર્મદા તા.06

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાની બુજેઠા ચેક પોસ્ટ પર અંગ્રેજી દારૂ લઈ જતી ક્રેટા ગાડી કન્ટેનર સાથે અથાડાતા પોલીસે દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. મળતી માહિતી અનુસાર તિલકવાડા પોલીસે ચેકીંગ દરમિયાન બુજેઠા ચેક પોસ્ટ પર એક ક્રેટા ફોર વ્હીલ ગાડી નંબર GJ-06-PK-1547 ના ચાલકે પોતાના કબ્જા ભોગવટાની ક્રેટા ગાડીમાં શીટની નીચે તથા પાછળની શીટમાં તથા ડીકીમાં ગે.કા અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂના કુલ બીયર ટીન/કવાટરીયા નંગ-૧,૪૮૦ કિ.રૂ.૩,૨૧,૯૬૦/- ના પ્રોહી. મુદ્દામાલ તથા ક્રેટા ફોર વ્હીલ ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦/-તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂ.૫,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૮,૨૬,૯૬૦/- ની હેરાફેરી કરી બુજેઠા ચેક પોસ્ટ પર નાકાબંધી જોઈ ફોર વ્હીલ ગાડી લઈ વાળવા જતા એક કંટેનર સાથે અથડાવી સ્થળ પર ગાડી મુકી નાશી જતા પોલીસે દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે .

મહીસાગર જિલ્લા ભાજપ દ્વારા

## કેન્દ્રીય બજેટ 2026-27 અંગે પત્રકાર પરિષદ યોજાઈ



જગદીશ ત્રિવેદી મહીસાગર તા.06

મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાના અધ્યક્ષસ્થાને લુણાવાડા વિશ્રામગૃહ ખાતે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ સંદર્ભે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં સંયોજકો અજયસિંહ, ભરત પટેલ, મહેશભાઈ, મીડિયા સંયોજક અને પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતા. પત્રકાર પરિષદને સંબોધતા જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દુરદેશી નેતૃત્વ હેઠળ કર્તવ્ય ભવનમાં રજૂ થયેલું રૂ. ૫૩.૫ લાખ કરોડનું આ બજેટ 'વિકસિત ભારત @ 2047'ના પાયાને સશક્ત કરનારું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણજીએ સતત ૯મી વખત બજેટ રજૂ કરીને દેશની નારીશક્તિનું ગૌરવ વધાર્યું છે. આ બજેટ યુવા, નારી, કિસાન, શ્રમિક અને ઉદ્યમી શક્તિને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલું પંચશક્તિ પર આધારિત 'યુવાશક્તિ ડ્રિવન' બજેટ છે. આ બજેટ આર્થિક વિકાસને વેગ, નાગરિકોની આકાંક્ષાઓની પૂર્તિ અને છેવાડાના માનવી સુધી લાભો પહોંચાડવાના ત્રણ મુખ્ય કર્તવ્યોના સંકલ્પ પર આધારિત છે. બજેટમાં આરોગ્ય, મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષણ, સ્પોર્ટ્સ, MSME અને AIના સકારાત્મક ઉપયોગ જેવા વિષયો સર્વગ્રાહી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.આ બજેટમાં લોથલ-ધોળાવીરાનો વિકાસ, MSME ક્લસ્ટર પાર્ક અને ગિફ્ટ સિટી માટેની નવી જોગવાઈઓથી ગુજરાતના ખેડૂતો, યુવાનો અને ઉદ્યોગકારોને સીધો ફાયદો થશે. આ બજેટ માત્ર આંકડાકીય દસ્તાવેજ નથી, પરંતુ આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં એક ઐતિહાસિક કદમ છે તેમ જણાવી કેન્દ્ર સરકારને સર્વસ્પર્શી સર્વ સમાવેશક વિકાસલક્ષી બજેટ માટે અભિનંદન પાઠવ્યા હતા.

### કિંમતી ધાતુઓનો મહિમા અને અતુલ્ય વારસો

# દુનિયામાં અનેક પ્રકારની ધાતુઓ છતાં લોકોને સોના-ચાંદી જ કેમ પસંદ?



અમદાવાદ: સમગ્ર વિશ્વમાં અંદાજે ૯૫ જેટલી વિવિધ ધાતુઓ ઉપલબ્ધ હોવા છતાં, હજારો વર્ષોથી માનવ જાતિનો સોનું અને ચાંદી પ્રત્યેનો મોહ અકબંધ રહ્યો છે. ઈજિપ્તની પ્રાચીન સંસ્કૃતિ હોય કે ભારતીય પરંપરા, આ બે ધાતુઓ માત્ર આભૂષણ નહીં પણ સામાજિક પ્રતિષ્ઠા અને આર્થિક સુરક્ષાનો મુખ્ય આધાર ગણાય છે. જ્યારે અન્ય ધાતુઓ સમય જતાં પોતાનો ગુણ અને ચમક ગુમાવે છે, ત્યારે સોનું અને ચાંદી પોતાની વિશિષ્ટ રાસાયણિક સંરચનાને કારણે સદીઓ સુધી અણનમ રહે છે, જે તેને અન્ય ધાતુઓ કરતાં શ્રેષ્ઠ અને મૂલ્યવાન બનાવે છે.

વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો સોનું અને ચાંદી 'નોબલ મેટલ્સ' એટલે કે ખાનદાન ધાતુઓની શ્રેણીમાં આવે છે. સામાન્ય રીતે લોખંડને ભેજ લાગે તો કાટ ચઢે છે અને તાંબુ હવામાં રહેલા વાયુઓ સાથે પ્રક્રિયા કરીને લીલું પડી જાય છે, પરંતુ સોનું ક્યારેય હવા, પાણી કે ભેજ સાથે રાસાયણિક પ્રતિક્રિયા આપતું નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હજારો વર્ષો પૂર્વે જમીનમાં દટાયેલા સોનાના સિક્કા કે ઘરેણાં આજે પણ એટલી જ ચમક સાથે મળી આવે છે. આ રાસાયણિક સ્થિરતા જ તેને પેઢી દર પેઢી જાળવી રાખવા લાયક સંપત્તિ બનાવે છે.

પ્રાચીન સમયમાં જ્યારે ધાતુ વિજ્ઞાનનો એટલો વિકાસ થયો નહોતો, ત્યારે પણ સોનું અને ચાંદી નદીઓના પટમાં કે ખડકોમાં શુદ્ધ સ્વરૂપે મળી આવતા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ ધાતુઓની નરમાશ એટલી અદભૂત છે કે તેને ઓગાળ્યા વગર પણ ટીપીને પાતળા પતરા કે તાર બનાવી શકાતા હતા. માત્ર એક ગ્રામ સોનામાંથી એક ચોરસ મીટર જેટલી અત્યંત પાતળી શીટ બનાવી શકાય છે. આ જ ગુણધર્મને કારણે પ્રાચીન કસબીઓ જટિલ અને બારીક નકશીકામ વાળા દાગીના બનાવી શકતા હતા, જેણે રાજા-મહારાજાઓના વૈભવમાં વધારો કર્યો હતો.સોનું અને ચાંદી દુર્લભ હોવા છતાં પણ એટલી માત્રામાં ઉપલબ્ધ છે કે તેનું સંચાલન કરી શકાય. આ સંતુલનને કારણે જ તે વિશ્વભરમાં ચલણ તરીકે સ્વીકાર્ય બન્યા હતા. ઈતિહાસના પાના ઉથલાવીએ તો માલૂમ પડે છે કે ઈ.સ. પૂર્વે 600માં આધુનિક તૂર્કીયેમાં સોના-ચાંદીના પ્રથમ સિક્કા પ્રચલિત થયા હતા. ભારતીય સંસ્કૃતિમાં 'રૂપ્ય' અને 'હિરણ્ય' નો ઉલ્લેખ પણ આ ધાતુઓના આર્થિક મહત્વને દર્શાવે છે. આજે પણ જ્યારે શેરબજારમાં અસ્થિરતા આવે છે, ત્યારે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત આશ્રયસ્થાન માને છે. વર્તમાન સમયમાં સોનું અને ચાંદી માત્ર તિજોરીઓની શોભા નથી, પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજી માટે પણ કરોડરજ્જુ સમાન છે. ચાંદીમાં વીજળીનું વહન કરવાની ક્ષમતા સૌથી વધુ હોવાથી તે સોલર પેનલ અને હાઈ-ટેક બેટરીમાં વપરાય છે. બીજી તરફ, સોનું તેની વિશ્વસનીયતાને કારણે સ્પેસક્રાફ્ટના કનેક્ટર્સ અને આધુનિક ટેલિફોન ઉપકરણોમાં અનિવાર્ય છે. આમ, સોનું અને ચાંદી એ માત્ર ધાતુના ટુકડા નથી, પરંતુ તે કુદરતની એક અણમોલ ભેટ છે જેનો મહિમા માનવ ઈતિહાસમાં ક્યારેય ઓછો થશે નહીં.

## યુકેના વિકાસમાં પ્રવાસીઓનો ફાળો અને ઐતિહાસિક અહેવાલ

લંડન: યુનાઈટેડ કિંગડમમાં વસતો ભારતીય સમુદાય દેશનો સૌથી વધુ આર્થિક રીતે સફળ પ્રવાસી સમુદાય તરીકે ઉભરી આવ્યો છે. એસ્ટન યુનિવર્સિટી અને બ્રિટનની અગ્રણી એડવર્ટાઈઝિંગ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલા તાજેતરના અહેવાલ મુજબ, પેઢી દર પેઢી ભારતીયોએ બ્રિટનની આર્થિક શક્તિ, જાહેર સેવાઓ અને વૈશ્વિક પ્રભાવને આકાર આપવામાં પાયાની ભૂમિકા ભજવી છે. આ સંશોધન દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણ, રોજગારીનો ઊંચો દર અને રગેરગમાં વસેલી સાહસિકતાને કારણે ભારતીય સમુદાય અને બ્રિટન વચ્ચેનો સંબંધ અતૂટ બન્યો છે, જે યુકેના વિકાસની ગાથામાં વણાઈ ગયો છે.બ્રિટન હાલમાં અમેરિકા અને ચીન પછી વિશ્વનું ત્રીજું સૌથી મોટું ટેકનોલોજી હબ છે અને આ સિદ્ધિમાં ભારતીય મૂળના લોકોનો સિંહફાળો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બ્રિટનના ટેકનોલોજી વર્કફોર્સમાં ૧૫ ટકા હિસ્સો ભારતીય મૂળના વ્યાવસાયિકોનો છે.

## News Brief

### જાહેર ખરીદીમાં નવો વિક્રમ અને ડિજિટલ પ્રગતિ




અમદાવાદ: ભારત સરકારના મહત્વાકાંક્ષી ડિજિટલ અભિયાન 'ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ' (GeM) એ વર્તમાન નાણાકીય વર્ષમાં આર્થિક મોરચે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં વિવિધ સરકારી મંત્રાલયો અને વિભાગો દ્વારા કરવામાં આવેલી માલ અને સેવાઓની ખરીદી રૂ. ૪ લાખ કરોડના ઐતિહાસિક આંકડાને વટાવી ગઈ છે. આ સમયગાળામાં ૫૦ લાખથી વધુ ખરીદી અને વેચાણના ઓર્ડર ઓનલાઈન પોર્ટલ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે, જે સરકારી વહીવટમાં વધતી જતી પારદર્શિતા અને કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે. જાણકારો અને નિષ્ણાતોના મતે, આ પોર્ટલની સૌથી મોટી સફળતા નાના ઉદ્યોગોના ઉત્થાનમાં રહેલી છે. કુલ જાહેર ખરીદીના ઓર્ડર પૈકી અંદાજે ૪૫ ટકા ઓર્ડર સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) ને આપવામાં આવ્યા છે.

### એમક્યોર ફાર્માસ્યુટિકલ્સે 20 ટકા આવક વૃદ્ધિ અને 48 ટકા ચોખ્ખા નફા વૃદ્ધિ સાથે નાણાંકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળાની મજબૂત કામગીરી નોંધાવી

પૂણે : એમક્યોર ફાર્માસ્યુટિકલ્સે (BSE:544210, NSE: EMCURE) 31 ડિસેમ્બર, 2025ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે તેના કન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો જાહેર કર્યા છે. આ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય વ્યવસાયોમાં મજબૂત કામગીરી જોવા મળી હતી. સ્થાનિક વ્યવસાયમાં 15.4 ટકાનો વધારો થયો હતો, જેમાં તમામ મુખ્ય થેરાપીઝ, ખાસ કરીને કાર્ડિયો/ડાયાબિટીસ સહિત ક્રોનિક સેગમેન્ટ્સમાં મજબૂત પ્રદર્શન અને નવી પહેલોનો સમાવેશ થાય છે. ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીએ ભારતમાં સેમાગ્લુટાઇડનું બાયોલોજિકલ ઈન્જેક્ટેબલ સ્વરૂપ Poviztra® લોન્ચ કર્યું હતું. આ નોવો નોર્ડિસ્ક સાથે ભાગીદારીમાં છે. Poviztra® (એક ગ્લોબલ ઓરિજિનલ ઈનોવેટર પ્રોડક્ટ) સાથે, એમક્યોર ઝડપથી ઉભરતા વેઈટ મેનેજમેન્ટ સેગમેન્ટમાં મુખ્ય કંપની બનવા માટે સારી સ્થિતિમાં છે. આંતરરાષ્ટ્રીય વ્યવસાયમાં 24.5 ટકાનો મજબૂત વિકાસ થયો હતો, જેમાં તમામ ભૌગોલિક ક્ષેત્રોએ મજબૂત પ્રદર્શન નોંધાવ્યું હતું. બાકીના વિશ્વ વ્યવસાયમાં 30.7 ટકાનો વધારો થયો હતો, જેના કારણે નોન-એઆરવી અને એઆરવી બંને સેગમેન્ટમાં મજબૂત પ્રદર્શન જોવા મળ્યું હતું. યુરોપમાં Manx અને Amphotericin B ના રોલઆઉટના કારણે મજબૂત વિકાસ જોવા મળ્યો હતો. કેનેડા વ્યવસાયમાં 12.8 ટકાનો મજબૂત વિકાસ જોવા મળ્યો હતો. પરિણામો અંગે એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર સતીશ મહેતાએ જણાવ્યું હતું કે, "ત્રીજા ત્રિમાસિક ગાળામાં મજબૂત પ્રદર્શન જોવા મળ્યું છે અને અમારા બધા વ્યવસાયોએ ઉદ્યોગના વિકાસને પાછળ છોડી દીધો છે.

### અદાણી ફાઉન્ડેશને એસીસી ગાગલ ખાતે સિંચાઈ માટે પાણીની સુલભતામાં સુધારો કરતાં શાકભાજીની ખેતીને પ્રોત્સાહન આપ્યું

હિમાચલ પ્રદેશ : અદાણી ગ્રૂપના ડાયવર્સિફાઈડ પોર્ટફોલિયોમાં સામેલ સિમેન્ટ એન્ડ બિલ્ડિંગ મટિરિયલ્સ કંપની એસીસીએ અદાણી ફાઉન્ડેશનની મદદથી ધૌનકોઠી વોટરશેડ પ્રોજેક્ટ હેઠળ રોપા ગામના ખેડૂત સંદીપ કુમાર માટે સિંચાઈની સુલભતામાં વધારો કર્યો છે. પરંપરાગત 'નહેરો'ને



335 મીટર સિમેન્ટવાળી આરસીસીની નહેરોમાં તબદીલ કરી તેની કાર્યક્ષમતા વધારી છે. આ પહેલને લીધે ખેતીમાં સુસંગતતા આવી છે, શ્રમ ઘટ્યો છે તથા પાણીના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો થયો છે. આ પહેલના અમલીકરણ પહેલાં સંદીપ અને તેનો પરિવાર પાણીના નબળા પ્રવાહ તેમજ વારંવાર જાળવણીના કારણે ખેતરોમાં સિંચાઈના પડકારોનો સામનો કરી રહ્યા હતાં. પરંતુ પહેલ બાદ તેઓ ભીંડા, રીંગણ, હળદર, લસણ જેવા વિવિધ પ્રકારના રોકડિયા પાકના વાવેતર કરવા સક્ષમ બન્યા છે. તેમની કુલ કૃષિ આવક રૂ. 31,600થી વધી 40,100 થઈ છે. આ હસ્તક્ષેપથી સમય અને પરિશ્રમની બચત થઈ છે. જેના કારણે પરિવારો પશુપાલન જેવી આજીવિકા આપતી અન્ય પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બન્યા છે.આવા માળખાગત હસ્તક્ષેપો દ્વારા એસીસી અને અદાણી ફાઉન્ડેશન કૃષિ ઉત્પાદકતા મજબૂત બનાવવાની સાથે ગ્રામીણ જીવનમાં પરિવર્તન લાવી રહ્યા છે. સ્થાનિક સમુદાયો, પંચાયતો અને પાયાના સંગઠનો સાથે નજીકથી કામ કરી તેઓ આજીવિકામાં સુધારો, સંસાધનોની સારી પહોંચ અને લાંબા ગાળાના ટકાઉ વિકાસ સાથે સ્થિતિસ્થાપક ગામડાઓનું નિર્માણ કરી રહ્યા છે.

## Motorica India એ 29મી OPAI નેશનલ કોન્ફરન્સમાં અદ્યતન પ્રોસ્થેટિક ઈનોવેશનનું પ્રદર્શન કર્યું




અમદાવાદ : આસિસ્ટિવ ટેક્નોલૉજી અને મેડિકલ સાયબરનેટિક્સમાં વિશેષતા ધરાવતી અગ્રણી મેડટેક કંપની Motorica એ, અમદાવાદના પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આયોજિત ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (OPAI) ની 29મી નેશનલ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. આ કોન્ફરન્સમાં ભારત અને વિદેશના પ્રોસ્થેટિસ્ટ, ઓર્થોટિસ્ટ, ક્લિનિશિયન, રિહેબિલિટેશન સ્પેશિયાલિસ્ટ, સંશોધકો અને ટેકનોલોજી પ્રદાતાઓને ઓર્થોટિક અને પ્રોસ્થેટિક સંભાળના ભાવિ વિશે ચર્ચા કરવા માટે એકત્ર કરવામાં આવ્યા હતા, જેમાં ડિજિટલ ટેકનોલોજી, ક્લિનિકલ પરિણામો અને વિવિધ હેલ્થકેર સેટિંગ્સમાં સુલભતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેની સહભાગીતાના ભાગ રૂપે, Motorica India એ અંગ ગુમાવનાર વ્યક્તિઓ માટે ગતિશીલતા, સ્વતંત્રતા અને જીવનની ગુણવત્તા સુધારવા માટેના તેના અદ્યતન પ્રોસ્થેટિક સોલ્યુશન્સના પોર્ટફોલિયોનું પ્રદર્શન કર્યું હતું. કંપનીએ મેટ્રો, ટાયર-ટુ અને ટાયર-થ્રી પ્રદેશોના વાસ્તવિક દુનિયાના કેસ સ્ટડીઝ રજૂ કર્યા હતા, જે દર્શાવે છે કે કેવી રીતે વિશ્વસનીય પ્રોસ્થેટિક સોલ્યુશન્સ દૈનિક કાર્યક્ષમતા અને લાંબા ગાળાના પુનર્વસન પરિણામોમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. Motorica એ તેના બૂથ પર તેના પ્રીમિયમ એજ્યુકેશનલ પ્રોગ્રામની રૂપરેખા પણ રજૂ કરી હતી, જે રશિયામાં ઉપરના અને નીચેના અંગોના સોલ્યુશન્સ માટે વિશિષ્ટ પ્રોસ્થેટિક્સ એન્જિનિયરો વિકસાવવા માટે શરૂ કરાયેલ એક સંરચિત વ્યાવસાયિક તાલીમ પહેલ છે. આ પ્રોગ્રામ ઓનલાઈન સૈદ્ધાંતિક શિક્ષણને સઘન પ્રેક્ટિકલ ક્લિનિકલ અને મેન્યુફેક્ચરિંગ એક્સપોઝર સાથે સાંકળે છે, જે વૈશ્વિક સ્તરે ક્લિનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસને મજબૂત કરવા માટે Motorica ની લાંબા ગાળાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.સહભાગીતા અંગે ટિપ્પણી કરતા, Motorica India ના ચીફ ઓપરેટિંગ ઓફિસર Mr. Kavinder Beniwal જણાવ્યું હતું કે, 'OPAI નેશનલ કોન્ફરન્સમાં અમારી હાજરી નવીનતા અને ક્લિનિકલ સહયોગ દ્વારા પ્રોસ્થેટિક સંભાળને આગળ વધારવા માટેની Motorica India ની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## સોના-ચાંદી બાદ અચાનક જ શેરબજારમાં પણ કડાકો

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ દરમિયાન શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 350 પોઈન્ટ તૂટીને 83,000ની સપાટી નીચે કારોબાર કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી 150 પોઈન્ટ ગબડીને 25,500ની નીચે સરકી ગયો છે. BSE ના ટોપ 30 શેરોમાંથી 21 શેરો ઘટાડા સાથે લાલ નિશાનમાં છે, જ્યારે માત્ર 9 શેરોમાં તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને IT શેરોમાં ભારે વેચવાલી જોવા મળી છે. ટેક મહિન્દ્રા, TCS, ઈન્ફોસિસ અને વિપ્રો જેવા શેરોમાં મોટો કડાકો જોવાયો છે. આ ઉપરાંત NTPC, HDFC અને



### સોના અને ચાંદીના ભાવમાં પણ ગાબડું

શેરબજારની સાથે સોના અને ચાંદીના ભાવમાં પણ ધરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાંદી: મલ્ટી કોમોડિટી માર્કેટ (MCX) પર ચાંદી 12,000 રૂપિયા તૂટીને 2.29 લાખ રૂપિયા પર આવી ગઈ છે. સોનું: સોનાના ભાવમાં પણ આશરે 2,000 રૂપિયાનો ઘટાડો થયો છે અને તે 1.49 લાખ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે. ETF: ગોલ્ડ ETF માં 2% અને સિલ્વર ETF માં આશરે 6% નો ઘટાડો નોંધાયો છે.

**ઘટાડાનું કારણ:** આ ઘટાડાનું મુખ્ય કારણ વૈશ્વિક બજાર છે. આંતરરાષ્ટ્રીય બજાર (COMEX) પર ગુરુવારે ચાંદી 20% સુધી તૂટી હતી, જેની અસર શુક્રવારે ભારતીય બજાર (MCX) પર જોવા મળી રહી છે.

**બજારની સ્થિતિ: 63 શેરોમાં લોઅર સર્કિટ :** BSE પર લિસ્ટેડ 3,348 શેરોમાંથી 1,170 શેર તેજીમાં છે, જ્યારે 2,017 શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. 41 શેરો તેમની 52-અઠવાડિયાની ઊંચી સપાટીએ છે, જ્યારે 45 શેરો નીચી સપાટીએ છે. 82 શેરોમાં અપર સર્કિટ અને 63 શેરોમાં લોઅર સર્કિટ લાગી છે.

**શા માટે ઘટ્યું શેરબજાર? :** ગુરુવારે અમેરિકી બજાર (વોલ સ્ટ્રીટ) માં ભારે વેચવાલીને કારણે એશિયન બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જેની સીધી અસર ભારતીય બજાર પર પડી છે. Dow Jones આશરે 600 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો. S&P 500 માં પણ 1% થી વધુનો ઘટાડો નોંધાયો, જેના કારણે IT શેરોમાં સૌથી વધુ નુકસાન થયું છે.

## કોસ્મો ફર્સ્ટ પ્લાસ્ટઈન્ડિયા 2026 ખાતે વિવિધ વ્યવસાયો માટે અનેક નવી પ્રોડક્ટ લોન્ચિંગનું પ્રદર્શન કરશે

નવી દિલ્હી | ફિલ્મ્સ, શીટ્સ અને કન્ટેનર, પાલતુ પ્રાણીઓની સંભાળ, ઉપભોક્તા માટેના ઉત્પાદનો અને સ્પેશ્યાલિટી કેમિકલ સહિતના અનેક ક્ષેત્રોમાં વેપાર હિતો ધરાવતી કોસ્મો ફર્સ્ટ, 5થી 10 ફેબ્રુઆરી 2026 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારા પ્લાસ્ટઈન્ડિયા 2026માં તેના એડવાન્સ્ડ પેકેજિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ, સખ્ત પેકેજિંગ અને સરફેસ પ્રોટેક્શન સોલ્યુશનના સંકલિત પોર્ટફોલિયોનું પ્રદર્શન કરશે. કંપની સ્ટેન્ડ નંબર 14 (H3G) ખાતે ગોલ્ડ સ્પોન્સર અને લેનયાર્ડ સ્પોન્સર તરીકે ભાગ લેશે. પ્લાસ્ટિક અને પેકેજિંગમાં નવીનતા અને ટકાઉપણા માટે ઉદ્યોગ-માન્ય પ્લેટફોર્મ, પ્લાસ્ટઈન્ડિયા 2026, હાઈ પર્ફોમન્સ અને ટકાઉ ઉકેલોને આગળ ધપાવવાના કોસ્મો ફર્સ્ટના વિઝન સાથે ગાઢ રીતે સુસંગત છે. કંપનીની ભાગીદારી સ્પેશ્યાલિટી ફિલ્મો, સખ્ત પેકેજિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ અને ઉભરતા ગ્રાહકોન્મુખ એપ્લિકેશન્સમાં તેની મજબૂતીને પ્રતિબિંબિત કરે છે, જે મજબૂત R&D ક્ષમતાઓ અને વધી રહેલા ઈકો ફ્રેન્ડલી ઉત્પાદન પોર્ટફોલિયો દ્વારા સમર્થિત છે. પ્લાસ્ટઈન્ડિયા ખાતે, કોસ્મો ફર્સ્ટ તેના ચાર મુખ્ય વ્યવસાયોમાંથી નવીનતાઓને એકસાથે લાવીને પ્લાસ્ટિક અને પેકેજિંગ વેલ્યુ ચેઈનમાં તેની એન્ડ-ટુ-એન્ડ ક્ષમતાઓનું પ્રદર્શન કરશે.

### વૈશ્વિક માહિતી શેરિંગ સિસ્ટમ અને નવી નીતિ

## ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન અને ભારત હવે વૈશ્વિક ડેટા શેર કરશે



અમદાવાદ: ભારત હવે ક્રિપ્ટોકરન્સીના વ્યવહારો પર, ખાસ કરીને વિદેશી પ્લેટફોર્મ્સ દ્વારા થતા સોદાઓ પર લોખંડી પકડ મજબૂત કરવા જઈ રહ્યું છે. સરકાર ૧ એપ્રિલ, ૨૦૨૭થી આંતરરાષ્ટ્રીય ટેક્સ સંગઠનો સાથે મળીને ક્રોસ-બોર્ડર ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન અને ભારત વચ્ચેના ડેટાનું આદાન-પ્રદાન શરૂ કરવા સંમત થઈ છે. આ વૈશ્વિક માહિતી-શેરિંગ સિસ્ટમ અમલમાં આવતાની સાથે જ ભારતીય યુઝર્સ દ્વારા વિદેશી એક્સચેન્જો પર કરવામાં આવતા છૂપા રોકાણોની વિગતો પણ આવકવેરા વિભાગને આપમેળે મળતી થશે. આ પગલું ડિજિટલ એસેટ્સના નામે થતી કરચોરી અને ગેરકાયદેસર નાણાકીય હેરાફેરી રોકવા માટે ગેમ-ચેન્જર સાબિત થશે.ક્રિપ્ટો-એસેટ રિપોર્ટિંગ ફ્રેમવર્ક (સીએઆરએફ) અંતર્ગત આ ડેટા શેરિંગ કરવામાં આવશે, જેનું સંચાલન ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ દ્વારા કરવામાં આવે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જે રીતે હાલ બેંકિંગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માહિતીની આપ-લે થાય છે, તેવી જ રીતે ક્રિપ્ટો વ્યવહારોની માહિતી પણ સત્તાધીશોને મળશે. ટેકનિકલ ફોર્મેટ પર અત્યારે કામ ચાલી રહ્યું છે અને આગામી થોડા જ મહિનામાં તેની વિધિવત જાહેરાત કરવામાં આવશે. આ પ્રણાલી લાગુ થવાથી ભારતીય રોકાણકારો માટે વિદેશી એસેટ્સ છુપાવવી અશક્ય બની જશે.કેન્દ્ર સરકારે અગાઉ અનેકવાર ચિંતા વ્યક્ત કરી હતી કે ભારતીય યુઝર્સ મોટાભાગનું ટ્રેડિંગ વિદેશી પ્લેટફોર્મ પર કરે છે, જેના પર સ્થાનિક દેખરેખ રાખવી અત્યંત મુશ્કેલ હતી. મીડિયા અહેવાલ મુજબ, આનાથી કરચોરી અને ગેરકાયદેસર નાણાકીય પ્રવાહનું જોખમ સતત વધી રહ્યું હતું. ભારતનું આ નવું પગલું ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની ભલામણોને પણ અનુરૂપ છે. આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા હવે દરેક ટ્રાન્ઝેક્શનને અસરકારક રીતે ટ્રેક કરી શકાશે.

### આધુનિક રોમાંસની ઉજવણી

## કેન્ડેર્સ વેલેન્ટાઇન ડે કલેક્શન

મુંબઈ : આ વેલેન્ટાઈન ડે પર, કેન્ડેર બાય કલ્યાણ જ્વેલર્સ પ્રેમની ઉજવણી, સ્વાભાવિક અને અતિશય વ્યક્તિગત લાગે તે રીતે કરે છે. સુંદરતા જેટલું જ મહત્વ મૂલ્યને આપનારા આધુનિક રોમેન્ટિક્સ માટે બનાવવામાં આવેલ નેકપીસ અને ઈયરિંગ્સનું વેલેન્ટાઈન ડે કલેક્શન કન્ટેમ્પરરી લેન્સ દ્વારા ક્લાસિક હાર્ટ મોટિફને વધુ સુંદર બનાવે છે. વોર્મ ગોલ્ડથી બનાવેલ અને હીરા, કોમળ ગુલાબી રત્નો અને સુંદર સિલુએટ્સ ધરાવતો દરેક પીસ વિચારીને બનાવવામાં આવેલ છે, જેની સાથે જોડાવવું સરળ લાગે છે. ડિઝાઈનમાં સૌમ્ય નરમાઈ છે - વધારે પડતી ચમકદાર કે અપ્રિય નહીં - ફક્ત ઘરેણાં જે રોજિંદા જીવનમાં સરળતાથી ભળી જાય છે અને નાના ક્ષણો અને અર્થપૂર્ણ ઉજવણીઓ, બંનેનો ભાગ બને છે. વેલેન્ટાઈન્સમાં અપાતી સામાન્ય ભેટથી આગળ વધીને, આ કલેક્શન આજે અનુભવવામાં આવતા પ્રેમને કેદ કરે - જે છે સૌમ્ય, સૂક્ષ્મ અને ભાવનાત્મક રીતે સમૃદ્ધ. તે સાથે વિતાવેલા ક્ષણો, વ્યક્ત ન કરેલી સમજણ અને નાના, અર્થપૂર્ણ હાવભાવ દ્વારા આકાર પામેલા બંધનોને પ્રતિબિંબિત કરે છે, જેમાં એવા પીસ છે જે ફક્ત એક દિવસ માટે જ નહીં, પરંતુ વારંવાર પહેરવા અને સમય જતાં મૂલ્યવાન બનવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

### એમેઝોન, ફ્લિપકાર્ટ, મેઈનલાઈન રિટેલ આઉટલેટ્સ અને ઓપ્પો ઇ-સ્ટોર પર ખરીદી માટે ઉપલબ્ધ થશે

## OPPOએ Reno15c સાથે Reno15 સિરીઝનું વિસ્તરણ કર્યું, સિગ્નેચર રેનો અનુભવ વધુ વપરાશકર્તાઓ સુધી પહોંચાડ્યો

નવી દિલ્હી : ઓપ્પો ઈન્ડિયાએ OPPO Reno15cના લોન્ચ સાથે તેની Reno15 સિરીઝનું વિસ્તરણ કરી રહ્યું છે, જેને કોર રેનો એક્સપિરીયંસને ટ્રાવેલર્સ, ક્રિએટર્સ અને ફોટોગ્રાફી પ્રેમીઓના વિશાળ વર્ગ માટે વધુ સુલભ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે. રિફાઈન ડિઝાઈન, લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા અને ઈન્ટેલિજેન્ટ એઆઈ ફિચર્સનું સંયોજન એવો Reno15c રેનો સિરીઝની મુખ્ય ખૂબીઓને વધુ સુલભ પેકેજમાં રજૂ કરે છે. Reno15c ભારતમાં 5 ફેબ્રુઆરી 2026થી આફ્ટરગ્લો પિંક અને ટ્વાઈલાઈટ બ્લુ રંગમાં ખરીદી માટે ઉપલબ્ધ થશે.Reno15cના હાર્દમાં 80W SUPERVOOCTM ફાસ્ટ ચાર્જિંગ સાથે 7000mAhની શક્તિશાળી બેટરી છે, જે ઈમર્સિવ AMOLED ડિસ્પ્લે, વિશ્વસનીય પરફોર્મેંસ અને ટકાઉપણું, તેમજ ColorOS




16 સાથે પણ જોડાયેલી છે, જેથી તે સતત મુસાફરી કરતા યુઝર્સ માટે એક વિશ્વસનીય રોજિંદા સાથી બની જાય છે.Reno15cમાં ઓપ્પોનું ઈન્ડસ્ટ્રી-લીડિંગ કોરલ ફ્લીસ જેવી સ્કિન-ફ્રેન્ડલી વેલ્વેટ ટેક્સચર પેનલ છે, જે સોફ્ટ મેટ ફિનિશ આપે છે જે હાથમાં સ્મૂદ લાગે છે અને ફિંગરપ્રિન્ટ્સના નિશાન પણ આવવા દેતી નથી. આને પૂરક બનાવે છે ઓપ્પોની ડાયનેમિક સ્ટેલર રિંગ ડિઝાઈન, જ્યાં સ્કવેર-રિંગ કેમેરા લેઆઉટ સપાટી પર લાઈટ પડવા પર એક હળવી હેલો ઈફેક્ટ બનાવે છે, જે ફોનને એક રિફાઈન છતાં એક વિશિષ્ટ લૂક આપે છે.8.14એમએમ અને 195ગ્રામ વજનવાળા સ્લિમ અને લાઈટવેટ, Reno15cમાં 6.57-ઈંચનુ ફ્લેટ AMOLED ડિસ્પ્લે છે જેમાં 1.67એમએમ બેઝલ્સ, એચએચડી+ રિઝોલ્યુશન, 10-બીટ કલર અને ઈમર્સિવ વ્યુઈંગ એક્સપીરિયંસ માટે 92.8% સ્ક્રીન-ટુ-બોડી રેશિયો છે. ઈંટેલિજેન્ટ બ્રાઈટનેસ એડજસ્ટમેન્ટ વિવિધ વાતાવરણમાં આરામ સુનિશ્ચિત કરે છે, જેમાં ડિફોલ્ટ બ્રાઈટનેસ 600 નિટ્સ અને પીક બ્રાઈટનેસ 1400 નિટ્સ સુધી હોય છે.ટ્વીલાઈટ બ્લુ વેરિઅન્ટ રાત્રિની શરૂઆત અને ગેલેક્ષીમાંથી પ્રેરણા લે છે.


### નાણાકીય પરિણામો | વાર્ષિક ધોરણે આવક 13% વધીને રૂપિયા 1,621 કરોડ

## JSW સિમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ 2026 માટેના નાણાકીય પરિણામો જાહેર કર્યા

મુંબઈ : JSW સિમેન્ટ લિમિટેડે ('કંપની') 31 ડિસેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે તેના સંયુક્ત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરની મુખ્ય હાઈલાઈટ્સ: * નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં વેચાણનું કુલ વોલ્યુમ વધીને 3.56 મિલિયન ટન થયું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરના 3.12 મિલિયન ટનની સરખામણીમાં વાર્ષિક ધોરણે 14% વધુ છે.* આવક: નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં રૂપિયા 1,621 કરોડ, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરની રૂપિયા 1,433 કરોડની તુલનામાં વાર્ષિક ધોરણે 13% વધુ છે.* ઓપરેટિંગ EBITDA: વાર્ષિક ધોરણે 32% વધીને રૂપિયા 285.1 કરોડ, 17.6%ના ઓપટેરિંગ EBITDA માર્જિન સાથે * કરવેરા પછીનો નફો: રૂપિયા 130.6 કરોડ * ચોખ્ખું દેવું: 31 ડિસેમ્બર, 2025ના રોજ સુધી રૂપિયા 3,557 કરોડ. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટર દરમિયાન, CRISIL દ્વારા કંપનીનું લાંબા ગાળાનું ક્રેડિટ રેટિંગ A+/સ્થિરથી અપગ્રેડ કરીને AA-/સ્થિર કરવામાં આવ્યું હતું. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટર માટે કોન્સોલિડેટેડ કાર્યકારી અને નાણાકીય કામગીરી: આ ત્રિમાસિક ગાળા દરમિયાન, વેચાણનું કુલ વોલ્યુમ વાર્ષિક ધોરણે 14% વધીને 3.56 મિલિયન ટન થયું હતું. જેમાંથી સિમેન્ટના વેચાણનું વોલ્યુમ 1.89 મિલિયન ટન હતું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરના 1.77 મિલિયન ટન સામે વાર્ષિક ધોરણે 7%વધુ છે. ગ્રાઉન્ડ ગ્રેન્યુલેટેડ બ્લાસ્ટ ફર્નેસ સ્લેગનું ('GGBS') વેચાણ વોલ્યુમ 1.53 મિલિયન ટન હતું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરના 1.31 મિલિયન ટનની સરખામણીમાં વાર્ષિક ધોરણે 17%નો વધારો દર્શાવે છે. કામગીરીની આવક વાર્ષિક ધોરણે 13% વધીને રૂપિયા




1621 કરોડ થઈ છે, જ્યારે ઓપરેટિંગ EBITDA વાર્ષિક ધોરણે 32% વધીને રૂપિયા 285.1 કરોડ થયો છે. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં પ્રતિ ટન ઓપરેટિંગ EBITDA રૂપિયા 802 હતું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરમાં રૂપિયા 694 હતું. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં ઓપરેટિંગ EBITDA માર્જિન 17.6% હતું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરમાં 15.1% હતું. નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ક્વાર્ટરમાં કુલ EBITDA (અન્ય આવક સહિત) રૂપિયા 371.2 કરોડ હતું, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ક્વાર્ટરના રૂપિયા 245.2 કરોડની સરખામણીમાં 51% નો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ 2026ના 9 મહિના માટે કોન્સોલિડેટેડ કાર્યકારી અને નાણાકીય કામગીરી: નાણાકીય વર્ષ 2026ના 9 મહિના દરમિયાન, કુલ વેચાણ વોલ્યુમ વાર્ષિક ધોરણે 12% વધીને 9.98 મિલિયન ટન થયું છે. તેમાંથી, સિમેન્ટનું વેચાણ વોલ્યુમ 5.38 મિલિયન ટન હતું, જે વાર્ષિક ધોરણે 8%નો વધારો દર્શાવે છે જ્યારે GGBSનું વેચાણ વોલ્યુમ 4.21



## દિશા પટાણી સાથેના સંબંધના સમાચારો પર તલવિંદરની પ્રતિક્રિયા

### અફવાઓને અફવા જ રહેવા દો, હાલ એકબીજાને સમજી રહ્યા છીએ

(એજન્સી) મુંબઇ | તા.06

બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટાણી અને પંજાબી સિંગર તલવિંદર આ દિવસોમાં તેના કથિત સંબંધોને લઈને ચર્ચામાં છે. બંનેને મુંબઈમાં થયેલા એક કોન્સર્ટમાં હાથમાં હાથ નાખીને જોવામાં આવ્યા હતા, જેના પછી તેના ડેટિંગના સમાચાર આવવા લાગ્યા. હવે આ સમાચારો પર તલવિંદરે મૌન તોડ્યું છે.

હોલિવૂડ રિપોર્ટર ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં તલવિંદરે કહ્યું, અમારી મુલાકાત લગ્ન પહેલાં જ થઈ હતી અને અચાનક મળેલી આટલી બધી ચર્ચાએ અમને આશ્ચર્યચકિત કરી દીધા. અમે ન તો કોઈ દબાણમાં આવવા માંગીએ છીએ અને ન તો અફવાઓ પર ધ્યાન આપવા માંગીએ છીએ. અમે હજી પોતાને સમજવાની અને એકબીજાને જાણવાની પ્રક્રિયામાં છીએ. હું બસ એટલું જ કહેવા માંગીશ કે જો લોકો અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરશે તો હું તેમને અફવા જ રહેવા દઈશ.

જ્યારે તલવિંદરને પૂછવામાં આવ્યું કે શું તે પ્રેમ અને સંબંધો વિશે વિચારે છે, તો તેણે જવાબ આપ્યો, હું દરરોજ પ્રેમમાં પડી જાઉં છું. હું હજી પણ પ્રેમમાં પડી રહ્યો છું.

નોંધનીય છે કે લોલાપાલૂઝા ઈન્ડિયા 2026 મ્યુઝિક ફેસ્ટિવલમાં દિશા પાટની અને તલવિંદરને એકસાથે જોવામાં આવ્યા હતા. બંનેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેમાં તેઓ ઈવેન્ટ દરમિયાન એકબીજાનો હાથ પકડેલા જોવા મળ્યા હતા.

આ ઉપરાંત, બંને તાજેતરમાં ઉદયપુરમાં ક્રિતિ સેનનની બહેન નૂપુર સેનન અને સિંગર સ્ટેબિન બેનના ડેસ્ટિનેશન વેડિંગમાં પણ હાજરી આપી હતી. આ લગ્નમાં દિશા તેની બેસ્ટ ફ્રેન્ડ મૌની રોય અને તેના પતિ સાથે પહોંચી હતી.

પ્રી-વેડિંગ ફંક્શનનો એક વીડિયો પણ ઈન્ટરનેટ પર વાઈરલ થયો હતો, જેમાં દિશા અને તલવિંદર સાથે હસતા અને વાતચીત કરતા જોવા મળ્યા હતા. આ દરમિયાન પણ બંને એકબીજાનો હાથ પકડેલા જોવા મળ્યા હતા.

## એન્ટી-એક્સટોર્શન સેલે વધુ એક આરોપીની ધરપકડ કરી, તેણે શૂટરને હથિયાર પૂરા પાડ્યા હતા; મુખ્ય આરોપી હજુ પણ ફરાર

(એજન્સી) મુંબઇ | તા.06

મુંબઈમાં ફિલ્મ નિર્દેશક રોહિત શેટ્ટીના ઘરની બહાર શનિવારે મોડી રાત્રે ચાર રાઉન્ડ ફાયરિંગ થયું હતું. આ મામલે હવે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એન્ટી-એક્સટોર્શન સેલે કાર્યવાહી કરી છે. ટીમે વધુ એક વ્યક્તિની ધરપકડ કરી છે, જેના પછી આ મામલે કુલ 5 આરોપીઓ પોલીસની પકડમાં છે. જોકે, રોહિતના ઘર પર ફાયરિંગ કરનાર મુખ્ય આરોપી હજુ પણ ફરાર છે.


એન્ટી-એક્સટોર્શન સેલે જે આરોપીની ધરપકડ કરી છે, તેણે તે જ હથિયાર સપ્લાય કર્યું હતું જેનો ઉપયોગ રોહિત શેટ્ટીના ઘર પર ફાયરિંગમાં કરવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ આજે આરોપીને મુંબઈના કિલ્લા કોર્ટમાં રજૂ કરશે અને તેની પોલીસ કસ્ટડીની માંગ કરશે.

આ કેસમાં 2 ફેબ્રુઆરીએ ધરપકડ કરાયેલા ચાર આરોપીઓની ઓળખ થઈ ગઈ હતી. ધરપકડ કરાયેલા આરોપીઓ પુણેના રહેવાસી છે. તેમના નામ આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકવાડ (19 વર્ષ), સિદ્ધાર્થ દીપક યેનપુરે (20 વર્ષ), સમર્થ શિવશરણ પોમાજી (18 વર્ષ) અને સ્વપ્નિલ બંડુ સકટ (23 વર્ષ) છે. તમામ આરોપીઓ વિરુદ્ધ કલમ 109 અને 61(2) સાથે શસ્ત્ર અધિનિયમની કલમ 3 અને 25 અને ભારતીય ન્યાય સંહિતાની કલમ 37(1), 37(2) અને 135 હેઠળ કેસ નોંધીને તેમને 5 ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓની ભૂમિકા ઘટના માટે વાહન ઉપલબ્ધ કરાવવા અને ષડયંત્ર રચવા સાથે સંકળાયેલી છે. જ્યારે, આરોપી શુભમ લોનકરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે, જેની શોધખોળ ચાલુ છે.

પોલીસ તપાસ મુજબ, ધરપકડ કરાયેલા આરોપીઓએ શુભમ લોનકરના સંપર્કમાં રહીને રોહિત શેટ્ટીના ઘરે ફાયરિંગ કરનાર મુખ્ય આરોપીને દરેક પ્રકારની મદદ પૂરી પાડી હતી. એવું કહેવાય છે કે શિવશરણ પોમાજીએ શુભમ લોનકર સાથે મળીને આખા ષડયંત્રને અંજામ આપવાની યોજના બનાવી હતી.

જ્યારે, ધરપકડ કરાયેલા આરોપી આદિત્ય જ્ઞાનેશ્વર ગાયકવાડની સલાહ પર હોન્ડા ડિયો સ્કૂટર સહિત અન્ય સંસાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી હુમલાખોરને ઘટનાને અંજામ આપવામાં સરળતા રહે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે શુભમ લોનકર પાસેથી મળેલી આર્થિક સહાય દ્વારા જ મુખ્ય આરોપી માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી.



### શનિવારે મોડી રાત્રે ફાયરિંગ થયું હતું

પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલી નવ માળની ઈમારતના પહેલા માળે રાત્રે લગભગ 12:45 વાગ્યે ફાયરિંગ કર્યું હતું. તેણે જણાવ્યું હતું કે ઓછામાં ઓછા પાંચ રાઉન્ડ ગોળીઓ ચલાવવામાં આવી હતી, જેમાંથી એક ગોળી ઈમારતમાં બનેલા જીમના કાચ સાથે અથડાઈ હતી.

તે જ સમયે, ઈન્ડિયા ટુડેએ તેના રિપોર્ટમાં એક સ્ક્રીનશોટ શેર કરીને દાવો કર્યો હતો કે લોરેન્સ ગેંગે હુમલાની જવાબદારી લીધી છે. આ સ્ક્રીનશોટ શુભમ લોંકર આરઝુ બિશ્નોઈ નામના એકાઉન્ટની ફેસબુક પોસ્ટનો છે.

### 'હવે ગોળી સીધી છાતી પર વાગશે'

આ પોસ્ટમાં લખવામાં આવ્યું હતું, 'આજે જે આ મુંબઈમાં (શેટ્ટી ટાવર) ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરે ફાયરિંગ થયું છે, તેની જવાબદારી શુભમ લોનકર, આરઝુ બિશ્નોઈ, હરિ બોક્સર, હરમન સંધુ અમે લઈએ છીએ. અમે તેને ઘણી વાર મેસેજ કર્યો કે અમારા કામમાં દખલ ન આપે, પરંતુ તેને સમજાયું નહીં. આ તેને એક નાનું ટ્રેલર આપ્યું છે. જો તેણે આગળ ફરી અમારી વાત ન સમજી અને અમારી વાત ન માની, તો હવે ઘરની બહાર નહીં, અંદર તેના બેડરૂમમાં ગોળી ચાલશે, તેની છાતી પર.'

આ જ પોસ્ટમાં આગળ લખ્યું હતું, 'અને આગળ બોલિવૂડને ચેતવણી છે કે સમયસર સુધરી જાઓ, નહીં તો ખૂબ ખરાબ હાલત થશે. તમારી બાબા સિદ્દીકી કરતાં પણ ખરાબ હાલત કરીશું. અમે જે-જે લોકોને ફોન કર્યો છે, કાં તો સમયસર લાઈન પર આવી જાઓ, નહીં તો છુપાવવા માટે જગ્યા ઓછી પડશે. અને જેટલા પણ અમારા દુશ્મનો છે, તૈયાર રહો, જલ્દી જ મુલાકાત થશે તમારી સાથે. નોંધ- એક જ હતો, એક જ છે અને એક જ રહેશે લોરેન્સ બિશ્નોઈ ગેંગ.'

### કોણ છે શુભમ લોનકર અને આરઝુ બિશ્નોઈ?

શુભમ લોનકર લોરેન્સ ગેંગનો એક મુખ્ય 'કી ઓપરેટિવ' માનવામાં આવે છે. શુભમ એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા (ઓક્ટોબર 2024)નો મુખ્ય શંકાસ્પદ અને ષડયંત્રકારી છે. તેણે ફેસબુક પર તે હત્યાની જવાબદારી પણ લીધી હતી.

બીજી તરફ, આરઝુ બિશ્નોઈને ગેંગનો એક સક્રિય સભ્ય ગણાવવામાં આવી રહ્યો છે, જે સોશિયલ મીડિયા અને ધમકીઓ દ્વારા ગેંગની ગતિવિધિઓને સંચાલિત કરવામાં મદદ કરે છે.



**765 ગ્રામ વજન અને 3.5 મહિના સુધી NICUમાં સંઘર્ષ, પ્રિયંકાની દીકરીએ મોતને મ્હાત આપી; કિસ્સો કહેતા સમયે પિતા નિકની આંખો છલકાઈ**

## 'જન્મ સમયે મારી નાનકડી જાન જિંદગી માટે લડી'

(એજન્સી) મુંબઇ | તા.06

એક્ટ્રેસ પ્રિયંકા ચોપરાના પતિ અને સિંગર નિક જોનસે તાજેતરમાં તેની પુત્રી માલતી મેરી ચોપરા જોનસના જન્મ સાથે સંકળાયેલા મુશ્કેલ સમય વિશે વાત કરી અને આ દરમિયાન તે ભાવુક થઈ ગયો.

જય શેટ્ટીના પોડકાસ્ટમાં નિકે જણાવ્યું કે- તેની પુત્રી માલતીનો જન્મ ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં થયો હતો. સિંગરે જણાવ્યું કે તે આશા રાખી રહ્યો હતો કે માલતીનો જન્મ એપ્રિલ 2022માં થશે, પરંતુ અચાનક હોસ્પિટલમાંથી ફોન આવ્યો કે ડિલિવરી વહેલી કરવી પડશે. આ પછી તે અને પ્રિયંકા સમય ગુમાવ્યા વિના હોસ્પિટલ પહોંચ્યાં.

નિકે એ પણ જણાવ્યું કે માલતીનો જન્મ સરોગસી દ્વારા થયો હતો. જ્યારે તે જન્મી ત્યારે તેનું વજન માત્ર 765 ગ્રામ હતું. તેણે કહ્યું કે તે સમયે બાળકીનો રંગ જાંબલી થઈ ગયો હતો, જેનાથી પરિસ્થિતિની ગંભીરતા સ્પષ્ટ દેખાઈ રહી હતી.

જન્મના તરત જ માલતીને NICU એટલે કે નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટમાં લઈ જવામાં આવી. નિકના જણાવ્યા અનુસાર, ત્યાં હાજર નર્સો અને ડોકટરોએ તરત જ બાળકીને સંભાળી. તેણે જણાવ્યું કે NICU સ્ટાફે વિલંબ કર્યા વિના સારવાર શરૂ કરી, બાળકીને શ્વાસ લેવા માટે જરૂરી સપોર્ટ આપવામાં આવ્યો અને તમામ જરૂરી મેડિકલ પ્રક્રિયાઓ તરત જ કરવામાં આવી.

આ સમય કોવિડ-19નો હતો, જેના કારણે પરિસ્થિતિઓ વધુ મુશ્કેલ બની ગઈ હતી. નિકે જણાવ્યું કે તે અને તેની પત્ની પ્રિયંકા લગભગ સાડા ત્રણ મહિના સુધી હોસ્પિટલમાં રહ્યા. બંનેએ હોસ્પિટલમાં 12-12 કલાકની શિફ્ટમાં સમય વિતાવ્યો, જેથી દરેક ક્ષણે પોતાની પુત્રી સાથે રહી શકે.

તેણે જણાવ્યું કે હોસ્પિટલની એક ખાસ ગંધ અને વાતાવરણ આજે પણ તેમને યાદ છે. તેણે કહ્યું કે રોજ ત્યાં રહેવું એક તરફ શાંતિ આપતું હતું, તો બીજી તરફ ડર પણ પેદા કરતું હતું. ત્યાં બીજા ઘણા પરિવારો પણ હતા, જે આવી જ પરિસ્થિતિઓમાંથી પસાર થઈ રહ્યા હતા.

નિકના મતે, માલતીએ દરરોજ જીવન માટે લડાઈ લડી. ધીમે ધીમે તેનું વજન વધવા લાગ્યું. આ દરમિયાન તેને છ વખત લોહી ચઢાવવામાં આવ્યું. આ પછી તેના સ્વાસ્થ્યમાં સતત સુધારો આવતો ગયો.

**ત્રણ મહિના પછી ડોકટરોએ ઘરે લઈ જવાની પરવાનગી આપી** લગભગ સાડા ત્રણ મહિના પછી ડોકટરોએ માલતીને ઘરે લઈ જવાની પરવાનગી આપી. નિકે કહ્યું કે તે દિવસ તેના માટે ખૂબ જ ખાસ હતો અને તે તેને ક્યારેય ભૂલી શકશે નહીં. તેણે જણાવ્યું કે તેને લાગે છે કે તેની પુત્રીને એ અહેસાસ છે કે તેણે જીવનની શરૂઆત કઈ પરિસ્થિતિઓમાં કરી. નિકે જણાવ્યું કે માલતીના વર્તનમાં એક અલગ પ્રકારની ઊર્જા અને ખુશી દેખાય છે. તેણે એમ પણ કહ્યું કે ભલે માલતીને આ બધું યાદ ન હોય, પરંતુ તેને વિશ્વાસ છે કે તેનામાં જીવન પ્રત્યે એક પ્રકારની સમજ અને સકારાત્મક વિચારસરણી મોજૂદ છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, નિક જોનાસ ટૂંક સમયમાં પોલ રડ સાથે ફિલ્મ પાવર બેલાડમાં જોવા મળશે. જ્હોન કાર્નીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 5 જૂને રિલીઝ થવાની છે. બીજી તરફ, પ્રિયંકા ચોપરા ભારતીય સિનેમામાં વાપસીની તૈયારી કરી રહી છે. તે એસ.એસ. રાજામૌલીની આગામી ફિલ્મ 'વારાણસી'માં મહેશ બાબુ સાથે જોવા મળશે.

## 'ભાગમ ભાગ 2'માંથી ગોવિંદાનું પત્તું કપાયું...

(એજન્સી) મુંબઇ | તા.06

બોલિવૂડમાં એક સમયે 'હીરો નંબર 1' તરીકે ઓળખાતા ગોવિંદાના સિતારા હાલમાં કંઈક ખાસ ચમકી રહ્યા નથી. વર્ષ 2019માં આવેલી ફિલ્મ 'રંગીલા રાજા' ફ્લોપ થયા બાદ તે મોટા પડદા પરથી ગાયબ છે અને હાલમાં માત્ર રિયાલિટી શૉ, ઈવેન્ટ્સ કે લગ્ન પ્રસંગોમાં પરફોર્મન્સ આપીને જ કામ ચલાવે છે. ગોવિંદાના ચાહકો લાંબા સમયથી તેના ગ્રાન્ડ કમબેકની રાહ જોઈ રહ્યો છે, પરંતુ તાજેતરમાં સામે આવેલા એક અહેવાલે તેને ચોંકાવી દીધો છે. વર્ષ 2006ની સુપરહિટ કોમેડી ફિલ્મ 'ભાગમ ભાગ'ની સીક્વલ બનવા જઈ રહી છે, પરંતુ સમાચાર છે કે આ સીક્વલમાંથી ગોવિંદાને બહાર કરી દેવામાં આવ્યો છે. ચર્ચા એવી છે કે ગોવિંદાની જગ્યાએ હવે મનોજ બાજપેયીની એન્ટ્રી થઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, 'ભાગમ ભાગ 2'ના મેકર્સ મનોજ બાજપેયીને એક મહત્ત્વના રોલ માટે પસંદ કરી ચૂક્યા છે. આ ફિલ્મ નવી સ્ટોરીલાઈન સાથે તૈયાર કરવામાં આવશે, જેનું નિર્દેશન રાજ શાંડિલ્ય કરશે. ફિલ્મમાં અક્ષય કુમારની જોડી મીનાક્ષી ચૌધરી સાથે જામશે, પરંતુ મનોજ બાજપેયીની સામે હજુ કોઈ હિરોઈન ફાઈનલ કરવામાં આવી નથી. ફિલ્મનું શૂટિંગ આવતા મહિનાથી મુંબઈમાં શરૂ થવાની શક્યતા છે.

## 'મૈ હું ના'નો બીજો ભાગ આવશે, શાહરૂખ ડબલ રોલમાં હશે





મુંબઈ : શાહરુખ ખાનની 'મૈ હું ના' ફિલ્મનો ૨૨ વર્ષ પછી બીજો ભાગ બનશે. મૂળ ફિલ્મ ૨૦૦૪માં રજૂ થઈ હતી. હવે ફરાહ ખાન 'મૈ હું ના ટુ' બનાવવાનો પ્લાન કરી રહી છે.

આ ફિલ્મમાં શાહરુખ ખાનનો ડબલ રોલ હશે તેમ કહેવાય છે. શાહરુખ હાલ તેની હોમ પ્રોડક્શનની ફિલ્મ 'કિંગ'માં વ્યસ્ત છે. ત્યારબાદ તે આ ફિલ્મનું શૂટિંગ શરુ કરે તેવી ધારણા છે.

શાહરુખ અને ફરાહ ખાન આશરે ૧૨ વર્ષ બાદ ફરી કોલબરેશન કરી રહ્યાં છે. છેલ્લે ફરાહ ખાનની 'હેપ્પી ન્યૂ યર'માં શાહરુખે કામ કર્યું હતું. કહેવાય છે કે શાહરુખે જ ફરહાને આ ફિલ્મ માટે સ્ટોરી આઈડિયા આપ્યો હતો અને તેના પરથી તેણે સ્ક્રિપ્ટ ડેવલપ કરી છે. ફિલ્મમાં મોટાભાગની કાસ્ટ પણ રીપિટ થઈ શકે છે તેમ મનાય છે.

## શું એલ્વિશ યાદવ અને જિયા શંકરે સગાઈ કરી લીધી...?

(એજન્સી) મુંબઇ | તા.06

સોશિયલ મીડિયા પર ઈન્ફ્લુએન્સર એલ્વિશ યાદવ અને એક્ટ્રેસ જિયા શંકરની સગાઈની ચર્ચા થઈ રહી છે. આ અટકળો ગુરુવારે એલ્વિશની એક ક્રિપ્ટિક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પછી શરૂ થઈ, જેમાં તેણે જિયાને ડાયમંડ રિંગ સાથે ટેગ કરી હતી. ખરેખર, એલ્વિશે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્લોઝ-અપ ફોટો શેર કર્યો, જેમાં તે એક મહિલાનો હાથ પકડેલો જોવા મળી રહ્યો છે. તસવીરમાં મહિલાની આંગળીમાં ડાયમંડ રિંગ સ્પષ્ટ દેખાઈ રહી હતી.

કેપ્શનમાં એલ્વિશે લખ્યું, "મેં પ્રેમને વધુ એક તક આપી અને મને મારો પ્રેમ મળી ગયો" . આ સાથે તેણે જિયા શંકરને ટેગ કરી. આ સ્ટોરીને જિયા શંકરે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર રીશેર કરી અને એક હાર્ટ ઈમોજી ઉમેર્યું. જોકે, ન તો એલ્વિશ કે ન તો જિયા તરફથી અત્યાર સુધી કોઈ પણ પ્રકારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. બંનેએ જાહેરમાં એવું નથી કહ્યું કે તેઓ કોઈ સંબંધમાં છે કે સગાઈ કરી ચૂક્યા છે.

ટાઈમ્સ નાઉના રિપોર્ટ અનુસાર, આ કોઈ આવનારા પ્રોજેક્ટ સાથે જોડાયેલ પ્રમોશનલ સ્ટંટ પણ હોઈ શકે છે, કારણ કે સેલિબ્રિટી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અવારનવાર આવા સંકેતો આપીને ચર્ચા અને ઉત્સુકતા જગાવે છે. જિયા શંકરનું નામ આ પહેલા અભિષેક મલ્હાન સાથે જોડાયું હતું, પરંતુ ગયા વર્ષે બંનેની ટીમે સગાઈની અફવાઓને નકારી કાઢી હતી. જિયાએ ત્યારે કહ્યું હતું કે તે પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, જિયા મરાઠી ફિલ્મ વેદમાં પોતાની પરફોર્મન્સ માટે ચર્ચામાં હતી અને તેણે કલર્સ ટીવીના સુપરનેચરલ શો પિશાચિનીમાં લીડ રોલ ભજવ્યો હતો. તેણે બિગ બોસ OTT 2 માં પણ ભાગ લીધો હતો, જેના પાર્ટ એલ્વિશ યાદવ પણ હતા.



એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ


## ટાઈગર્સ ઓફ કોલકાતા ISPL ફાઈનલ ૨૦૨૬ માં પ્રવેશ

**● આઈએસપીએલ ક્વોલિફાયર ૨ પરિણામ જાહેર**



સુરત | ગુજરાતના સુરત ખાતે રમાયેલી ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) ની હાઈ-વોલ્ટેજ ક્વોલિફાયર ૨ મેચમાં ટાઈગર્સ ઓફ કોલકાતાએ યજમાન અમદાવાદની ટીમને હરાવીને ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ કર્યો છે. લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં કોલકાતાએ દબાણ હેઠળ સર્વોચ્ચ દેખાવ કરીને સાબિત કરી દીધું કે તેઓ કેમ આ ટૂર્નામેન્ટના પ્રબળ દાવેદાર છે. અમદાવાદના સમર્થકોથી ભરેલા સ્ટેડિયમમાં કોલકાતાના ખેલાડીઓએ શાંત ચિત્તે રમતનું પ્રદર્શન કરી ફાઈનલની ટિકિટ મેળવી લીધી છે. વિવેક શેલારની જાદુઈ સ્પેલ અને 'મેન ઓફ ધ મેચ' સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ટાઈગર્સ ઓફ કોલકાતાએ પ્રથમ બોલિંગ કરતા અમદાવાદને માત્ર ૧૦ ઓવરમાં ૭૨ રનના નજીવા સ્કોર પર રોકી દીધું હતું. આ સફળતામાં ફાસ્ટ બોલર વિવેક શેલારની ભૂમિકા અત્યંત મહત્વની રહી હતી. હાઈ-સ્ટેક્સ વાળી '૫૦:૫૦' ઓવરમાં, જેમાં અમદાવાદને ૧૦ રનની જરૂર હતી, ત્યાં શેલારે માત્ર ૨ રન આપીને ૩ મહત્વની વિકેટો ઝડપી હતી. ભિવંડીના નાનકડા ગામમાંથી આવતા ૨૫ વર્ષીય શેલારે પોતાની ઈજા અને ફિટનેસના સવાલોનો જડબાતોડ જવાબ આપીને શાનદાર પુનરાગમન કર્યું છે.

## બેન સ્ટોક્સ ઈજા સમાચાર 2026: ચહેરો ઓળખવો મુશ્કેલ



લંડન | ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમના કેપ્ટન અને દિગ્ગજ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ માટે સમય અત્યંત કઠિન ચાલી રહ્યો છે. એક ટ્રેનિંગ સેશન દરમિયાન નેટ્સમાં પ્રેક્ટિસ કરતી વખતે બોલ સીધો ચહેરા પર વાગવાને કારણે સ્ટોક્સ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. આ ઈજા એટલી ભયાનક છે કે સ્ટોક્સનો ચહેરો ઓળખવો પણ મુશ્કેલ બની ગયો છે. ખુદ ખેલાડીએ સોશિયલ મીડિયા પર પોતાની તસવીરો શેર કરીને ચાહકોને આ આઘાતજનક સમાચાર આપ્યા છે. ચહેરા પર ગંભીર ઈજાના નિશાન સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, સ્ટોક્સે શેર કરેલી તસવીરોમાં તેની જમણી આંખ પાસે ભારે સોજો જોવા મળી રહ્યો છે. તેના ગાલ અને હોઠ પર ઊંડા ઘાના નિશાન છે અને નાક પર પટ્ટી બાંધેલી દેખાય છે. તબીબી નિષ્ણાતોના મતે, આ પ્રકારની ફેસિયલ ઈન્જરીમાંથી સાજા થવા માટે સર્જરીની પણ જરૂર પડી શકે છે, જેના કારણે તે આગામી કેટલાક મહિનાઓ સુધી વ્યાવસાયિક ક્રિકેટથી દૂર રહી શકે છે.

## ઈરફાન પઠાણ પાકિસ્તાન બહિષ્કાર નિવેદન: 'યુ-ટર્ન' નક્કી

નવી દિલ્હી | ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાના પાકિસ્તાનના નિર્ણય પર પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે આકરા પ્રહાર કર્યા છે. પઠાણે દાવો કર્યો છે કે પાકિસ્તાન ગમે ત્યારે આ નિર્ણય પર "યુ-ટર્ન" લઈ શકે છે. કોલંબોમાં ૧૫ ફેબ્રુઆરીએ રમાનારી હાઈ-વોલ્ટેજ મેચ પૂર્વે પાકિસ્તાન સરકારના આ આશ્ચર્યજનક નિર્ણયથી ક્રિકેટ જગતમાં હોબાળો મચ્યો છે, પરંતુ પઠાણનું માનવું છે કે પાકિસ્તાન ભારતને પડકાર આપવાની સ્થિતિમાં જ નથી. ભારતનું સંપૂર્ણ વર્ચસ્વ અને પાકિસ્તાની લાચારી પોતાની યુટ્યુબ ચેનલ પર બોલતા ઈરફાન પઠાણે જણાવ્યું કે, "ગ્રૂપ સ્ટેજમાં કોઈ મોટો પડકાર જોવા મળશે નહીં. પાકિસ્તાને ભલે બહિષ્કારનો નિર્ણય લીધો હોય, પણ તેઓ ગમે ત્યારે ફરી શકે છે. પરંતુ મોટો સવાલ એ છે કે શું તેઓ ભારતને ટક્કર આપી શકશે? ૨૦૨૫ ના એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને ત્રણ વખત હરાવ્યું છે. પાછલા કેટલાક વર્ષોના આંકડા જોતા સ્પષ્ટ થાય છે કે ટીમ ઈન્ડિયાનું પાકિસ્તાન પર સંપૂર્ણ વર્ચસ્વ છે." સરકારી દખલગીરી અને આઈસીસીનો કડક વલણ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે તેમની ટીમ ભારત સામે મેદાનમાં નહીં ઉતરે. આ નિર્ણય પાછળ કોઈ સ્પષ્ટ કારણ આપવામાં આવ્યું નથી. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ આ મામલે કડક વલણ અપનાવતા કહ્યું છે કે વૈશ્વિક સ્પર્ધામાં "પસંદગીગીરીની ભાગીદારી" સ્વીકાર્ય નથી. આઈસીસીએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને આ મામલાનો ઉકેલ લાવવા તાકીદ કરી છે.

### ભારતીય મહિલા ટીમે 12 અને પુરુષોએ 7 મેડલ સુરક્ષિત કર્યા

# BOXAM એલિટ 20: ભારતે 19 મેડલ કર્યા પાકા

(એજન્સી) મે ડ્રિડ (સ્પેન) । તા. 06




સ્પેનના મેડ્રિડમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત 'BOXAM એલિટ ઈન્ટરનેશનલ ૨૦૨૬' બોક્સિંગ ટૂર્નામેન્ટમાં ભારતીય મુક્કાબાજોએ પોતાનો વિજયી સિલસિલો યથાવત રાખ્યો છે. ટૂર્નામેન્ટના ત્રીજા દિવસે નીતુ અને પ્રીતિ એ પોતપોતાની બાઉટ જીતીને સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ ભારત માટે કુલ ૧૯ મેડલ પાકા થઈ ગયા છે. નવા હેડ કોચ સેન્ટિયાગો નિએવાના માર્ગદર્શન હેઠળ ભારતીય મહિલા ટીમે ૧૨ અને પુરુષ ટીમે ૭ મેડલ સુનિશ્ચિત કર્યા છે. મહિલા મુક્કાબાજોનો વિસ્ફોટક દેખાવ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, નીતુએ કેનેડાની મેકેન્ઝી રાઈટને ૫:૦ થી હરાવીને એકતરફી વિજય મેળવ્યો હતો. પ્રીતિએ સ્પેનની મારિયા ગોન્ઝાલેઝ સામે એટલો જોરદાર દબદબો બનાવ્યો હતો કે ત્રીજા રાઉન્ડમાં રેફરીએ મેચ અટકાવી દેવી પડી હતી આ ઉપરાંત પૂનમ એ થાઈલેન્ડની નન્તિચાને ૫:૦ થી, પ્રિયા એ સ્પેનની લૌરાને અને પ્રાંજલ એ ચેક રિપબ્લિકની મુક્કાબાજને સર્વાનુમતે હરાવી હતી. કાજલ એ પણ કઝાકિસ્તાનની અકબર ઈકશાનોવા સામે ૪:૧ થી રસાકસીભરી જીત મેળવી હતી.

પુરુષોની શ્રેણીમાં જદુમણી અને હુસામુદ્દીન ચમક્યા મીડિયા અહેવાલ મુજબ, પુરુષોની ૫૫ કિગ્રા શ્રેણીમાં જદુમણી સિંહે ચાઈનીઝ તાઈપેઈના પેંગ ચિયા-ફેંગને ૫:૦ થી હરાવીને પોતાનું ફોર્મ જાળવી રાખ્યું છે. અનુભવી મોહમ્મદ હુસામુદ્દીન (૬૦ કિગ્રા) એ યુક્રેનના અલી દહલી સામે આક્રમક રમત બતાવી ૫:૦ થી જીત મેળવી હતી. સચિન (૬૦ કિગ્રા) એ યુક્રેનના આઈડર અબ્દુરાઈમોવ સામે ૩:૨ થી સંઘર્ષપૂર્ણ જીત મેળવી સેમીફાઈનલમાં સ્થાન પાકું કર્યું હતું. આકાશ (૭૫ કિગ્રા) એ પણ સ્પેનના સ્થાનિક બોક્સરને ૪:૧ થી પછાડ્યો હતો.

પવન બાર્તવાલ, અભિનાશ જમવાલ અને હર્ષ ચૌધરી જેવા કેટલાક ભારતીય બોક્સરોએ હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ભારતે અત્યાર સુધીમાં જે રીતે ૧૯ મેડલ પાકા કર્યા છે તે ટૂર્નામેન્ટમાં ભારતની પ્રબળ સ્થિતિ દર્શાવે છે.

# હિસાર હીરોઝ વિરુદ્ધ ભિવાની બુલ્સ સેમીફાઈનલનો જંગ, આશુ મલિક અને દેવાંક દલાલ વચ્ચે ખરાખરીનો જંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

કબડ્ડી ચેમ્પિયન્સ લીગ (KCL) હવે તેના સૌથી રોમાંચક તબક્કે પહોંચી ગઈ છે. આજે એટલે કે ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સાંજે ૭:૦૦ કલાકે પ્રથમ સેમીફાઈનલમાં હિસાર હીરોઝ અને ભિવાની બુલ્સ સામસામે ટકરાશે. ફાઈનલની ટિકિટ મેળવવા માટે રમાનારી આ મેચમાં બંને ટીમો પોતાની તમામ શક્તિ મેદાન પર લગાવી દેશે. આ એક એવો મુકાબલો છે જે માત્ર શારીરિક તાકાત જ નહીં, પરંતુ રણનીતિક ચાતુર્યની પણ કસોટી કરશે.

સ્ટાર રેડર્સ વચ્ચેનું મહાયુદ્ધ હિસાર હીરોઝની ટીમ તેમના સ્ટાર રેડર આશુ મલિકના ભરોસે મેદાનમાં ઉતરશે. આશુ મલિકે સમગ્ર ટૂર્નામેન્ટમાં સાતત્યપૂર્ણ દેખાવ કર્યો છે અને તે મેચની ગતિ બદલવામાં માહિર છે. બીજી તરફ, ભિવાની બુલ્સ પાસે દેવાંક દલાલ જેવો નીડર રેડર છે, જે પોતાની આક્રમક શૈલી માટે જાણીતો છે. દેવાંક દલાલના મતે, સેમીફાઈનલ જેવી મોટી મેચોમાં માનસિક મજબૂતી સૌથી વધુ મહત્વની હોય છે અને તેની ટીમ અંતિમ રેડ સુધી લડવા માટે તૈયાર છે.

છેલ્લી મેચના પરિણામો અને બોધપાઠ હિસાર હીરોઝ માટે છેલ્લી લીગ મેચ આંચકા સમાન રહી હતી, જ્યાં ગુરુગ્રામ ગુરુસે તેમને ૪૧-૨૮ થી પરાજય આપ્યો હતો. જોકે, તે મેચમાં પણ આશુ મલિકે શાનદાર પ્રદર્શન કરીને 'રેડર ઓફ ધ મેચ' નો ખિતાબ મેળવ્યો હતો. હીરોઝની ટીમે તેમની ડિફેન્સ લાઈનને વધુ મજબૂત બનાવવી પડશે, કારણ કે ભિવાની બુલ્સના આક્રમણને રોકવું તેમના માટે મોટો પડકાર હશે. ભિવાની બુલ્સ પણ જીતના જોશ સાથે ફાઈનલમાં સ્થાન પાકું કરવા માટે આતુર છે.

ક્યાં જોઈ શકાશે આ મહામુકાબલો? કબડ્ડીના ચાહકો આ હાઈ-વોલ્ટેજ ડ્રામા જી ચેનલ્સ, ડીડી સ્પોર્ટ્સ અને વેવ ઓટીટી પ્લેટફોર્મ પર લાઈવ નિહાળી શકશે. દેશભરના કબડ્ડી પ્રેમીઓની નજર આ મેચ પર ટકેલી છે, કારણ કે આ મેચમાંથી લીગની પ્રથમ ફાઈનલિસ્ટ ટીમ નક્કી થશે. બંને કેપ્ટનોએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે, પરંતુ મેદાન પર કોનું પલડું ભારે રહેશે તે જોવું રસપ્રદ રહેશે.

# સોફી ડિવાઈન બની સીઝનની મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર

(એજન્સી)વડોદરા। તા. 06



મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ના શાનદાર સમાપન બાદ વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત જાયન્ટ્સની અનુભવી ખેલાડી સોફી ડિવાઈને આ સીઝનમાં પોતાના ઓલરાઉન્ડ પ્રદર્શનથી 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' (MVP) નો પ્રતિષ્ઠિત ખિતાબ જીતી લીધો છે. બીજી તરફ, રનર્સ-અપ રહેલી દિલ્હી કેપિટલ્સની યુવા ઝડપી બોલર નંદની શર્માને 'ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સીઝન' તરીકે પસંદ કરવામાં આવી છે. જોકે રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ટાઈટલ જીત્યું છે, પરંતુ આ વ્યક્તિગત એવોર્ડ્સે ગુજરાત અને દિલ્હીના ચાહકોમાં પણ ઉત્સાહ જગાડ્યો છે.

ન્યુઝીલેન્ડની ૩૬ વર્ષીય અનુભવી ખેલાડી સોફી ડિવાઈને બેટ અને બોલ બંને વડે મેદાન ગજવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, તેણે ૯ મેચોમાં ૩૦.૩૭ની સરેરાશ અને ૧૪૮થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે ૨૪૩ રન ફટકાર્યા હતા, જેમાં બે અડધી સદીનો સમાવેશ થાય છે. માત્ર બેટિંગ જ નહીં, પરંતુ બોલિંગમાં પણ તેણે કમાલ કરતા ૧૭ વિકેટ ઝડપી હતી. આ શાનદાર પ્રદર્શનને કારણે તેને સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી તરીકે 'પર્પલ કેપ' પણ એનાયત કરવામાં આવી છે. ૧૬.૦૦ની સરેરાશ સાથે તેની બોલિંગે વિરોધી ટીમોને મુશ્કેલીમાં મૂકી દીધી હતી.

### નંદની શર્માનું શાનદાર આગમન અને હેટ્રિક

દિલ્હી કેપિટલ્સની ૨૪ વર્ષીય પ્રતિભાશાળી બોલર નંદની શર્મા આ સીઝનની શોધ સાબિત થઈ છે. તેણે ટૂર્નામેન્ટમાં ૧૭ વિકેટ ઝડપીને સોફી ડિવાઈન સાથે બરાબરી કરી હતી, જોકે સરેરાશના મામલે સોફી તેનાથી આગળ રહી હતી. નંદનીએ ગુજરાત જાયન્ટ્સ સામે રમાયેલી એક મેચમાં ૩૩ રન આપીને ૫ વિકેટ લેવાની સિદ્ધિ હાંસલ કરી હતી, જેમાં એક શાનદાર હેટ્રિકનો પણ સમાવેશ થાય છે. તેની આ ઘાતક બોલિંગે તેને ભવિષ્યની મોટી સ્ટાર તરીકે સ્થાપિત કરી દીધી છે અને તેને યોગ્ય રીતે 'ઈમર્જિંગ પ્લેયર'ના સન્માનથી નવાજવામાં આવી છે.

### ફાઈનલની રોમાંચકતા અને પ્લેયર ઓફ ધ મેચ

વડોદરા ખાતે રમાયેલી આ ટૂર્નામેન્ટની અંતિમ મેચમાં બેંગલોરે ૨૦૪ રનનો વિક્રમી લક્ષ્યાંક હાંસલ કરીને દિલ્હીને હાર આપી હતી. દિલ્હી તરફથી કેપ્ટન જેમિમા રોડ્રિગ્સે ૫૭ રનની લડાયક ઈનિંગ રમી હતી, પરંતુ સ્મૃતિ મંધાનાના ૮૭ રન દિલ્હી પર ભારે પડ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કેપ્ટન સ્મૃતિ મંધાનાને તેની મેચ વિનિંગ ઈનિંગ બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવી હતી. આ સીઝનમાં મહિલા ક્રિકેટના વધતા સ્તર અને યુવા ખેલાડીઓના જુસ્સાએ સાબિત કરી દીધું છે કે ભારતમાં આ રમતનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે.



# હર્ષિત રાણા ટી-20 વર્લ્ડ કપ 2026 માંથી બહાર થયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

આઈસીસી મેન્સ ટી-20 વર્લ્ડ કપ 2026 ના પ્રારંભ પૂર્વે જ વર્તમાન ચેમ્પિયન ભારતીય ટીમને મોટો આંચકો લાગ્યો છે. યુવા ઓલરાઉન્ડર હર્ષિત રાણા ઈજાના કારણે સમગ્ર ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હોવાના અહેવાલ સૂત્રો દ્વારા મળ્યા છે. બુધવારે દક્ષિણ આફ્રિકા સામેની વોર્મ-અપ મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે રાણાને ગંભીર ઈજા થઈ હતી. શનિવારે અમેરિકા સામેની પ્રથમ મેચ પૂર્વે કેપ્ટન સૂર્યકુમાર યાદવે આ બાબતે ગંભીર સંકેતો આપ્યા હતા.

વોર્મ-અપ મેચમાં સર્જાઈ દુર્ઘટના દક્ષિણ આફ્રિકા સામેની પ્રેક્ટિસ મેચમાં હર્ષિત રાણા માત્ર એક જ ઓવર ફેંકી શક્યો હતો, જેમાં તેણે ૧૬ રન આપ્યા હતા. ત્યારબાદ તે મેદાન પર પરત ફરી શક્યો નહોતો. કેપ્ટન સૂર્યકુમાર યાદવે પ્રી-મેચ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, "વોર્મ-અપ મેચ પછી હર્ષિતની સ્થિતિ સારી જણાતી નહોતી. ટીમ ફિઝિયો તેની ઈજાનું નિરીક્ષણ કરી રહ્યા છે." ૨૪ વર્ષીય દિલ્હીના આ ફાસ્ટ બોલરે અત્યાર સુધી ૯ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ૯ વિકેટ ઝડપી છે અને તે ટીમના મહત્વના સભ્ય તરીકે ઉભરી રહ્યો હતો.

ભારતીય ખેમામાં ચિંતાના વાદળો હર્ષિત રાણાની ગેરહાજરી ભારત માટે બેવડી મુસીબત સમાન છે, કારણ કે સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરની ફિટનેસ પર પણ સવાલો ઉભા થઈ રહ્યા છે. ટૂર્નામેન્ટની શરૂઆત પહેલા જ બે મુખ્ય ઓલરાઉન્ડરોની ઈજાએ ટીમની રણનીતિને અસર કરી છે. ટીમ મેનેજમેન્ટ હવે હર્ષિત રાણાના સ્થાને કોને ટીમમાં સામેલ કરવા તે અંગે ગંભીર વિચારણા કરી રહ્યું છે. જોકે, ટીમ ઈન્ડિયાએ વોર્મ-અપ મેચમાં ઈશાન કિશનની વિસ્ફોટક ૫૩ રનની ઈનિંગની મદદથી ૩૦ રને શાનદાર જીત મેળવી હતી.

આગામી પડકાર અને રણનીતિ ભારતીય ટીમ શનિવારે અમેરિકા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. હર્ષિત રાણાની વિદાય બાદ અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહ પર પેસ એટેકની જવાબદારી વધશે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને શિવમ દુબેએ પણ બોલિંગમાં વધુ યોગદાન આપવું પડશે. મીડિયા અહેવાલ મુજબ, ટૂંક સમયમાં બીસીસીઆઈ (BCCI) દ્વારા હર્ષિત રાણાના સત્તાવાર રિપ્લેસમેન્ટની જાહેરાત કરવામાં આવશે. ચાહકો હવે આશા રાખી રહ્યા છે કે અન્ય ખેલાડીઓ ફિટ રહે અને ભારત પોતાનું ટાઈટલ જાળવી રાખવા માટે મજબૂત દેખાવ કરે.



# વૈભવ સૂર્યવંશી અંડર-19 વર્લ્ડ કપ ફાઈનલ 2026માં ઈતિહાસ

### 12 ચોગ્ગા અને 13 છગ્ગા સાથે ઈંગ્લેન્ડના બોલરો લાચાર

(એજન્સી) હરારે (ઝિમ્બાબ્વે) । તા. 06

ભારતના ૧૪ વર્ષીય બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીએ આજે હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે રનનું વાવાઝોડું ફૂંક્યું છે. ફાઈનલ જેવી દબાણવાળી મેચમાં વૈભવે માત્ર ૭૧ બોલમાં ૧૫૦ રનનો આંકડો વટાવીને ક્રિકેટ જગતને સ્તબ્ધ કરી દીધું છે. તેની આક્રમક ઈનિંગમાં ૧૨ આકર્ષક ચોગ્ગા અને ૧૩ ગગનચુંબી છગ્ગાનો સમાવેશ થાય છે.

રેકોર્ડબ્રેક બેટિંગ અને સદીનો વરસાદ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, વૈભવે માત્ર ૫૫ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી, જે અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઈનલના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે ફટકારેલી સદી છે. આ સાથે જ તેણે ટૂર્નામેન્ટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો ડેવાલ્ડ બ્રેવિસનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. વૈભવની બેટિંગ એટલી આક્રમક હતી કે ઈંગ્લેન્ડના કેપ્ટન થોમસ ર્યુ અને તેના બોલરો પાસે તેની તોફાની બેટિંગનો કોઈ જવાબ નહોતો. કેપ્ટન આયુષ મ્હાત્રે સાથે મજબૂત ભાગીદારી મેચની વિગત મુજબ, ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, ઓપનર એરોન જ્યોર્જ (૯ રન) વહેલો આઉટ થઈ ગયો હતો, પરંતુ ત્યારબાદ વૈભવ અને કેપ્ટન આયુષ મ્હાત્રેએ મોરચો સંભાળ્યો હતો. આયુષે પણ પચાસી (૫૩ રન) ફટકારીને વૈભવને યોગ્ય સાથ આપ્યો હતો. બંને વચ્ચે બીજી વિકેટ માટે ૧૪૨ રનની મહત્વની ભાગીદારી થઈ હતી, જેના કારણે ભારત એક વિશાળ સ્કોર તરફ આગળ વધી રહ્યું છે. ભારત ૧૦મી વખત ફાઈનલમાં અને છઠ્ઠા ટાઈટલની નજીક નોંધનીય છે કે ભારતીય અંડર-૧૯ ટીમ સતત છઠ્ઠી અને કુલ ૧૦મી વખત વર્લ્ડ કપની ફાઈનલમાં રમી રહી છે.

વૂમન ક્રિકેટ // મહિલા પ્રીમિયર લીગમાં બેંગલોરનો દબદબો, સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં રચાયો નવો ઈતિહાસ

# રોયલ ચેલેન્જર્સ બેંગલોર બીજીવાર ચેમ્પિયન

(એજન્સી) નવી દિલ્હી । તા. 06



WPL૨૦૨૬ની રોમાંચક ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર (RCB) એ ઈતિહાસ રચી દીધો છે. સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં બેંગલોરની ટીમે દિલ્હી કેપિટલ્સને ૬ વિકેટે પરાજય આપીને બીજી વખત આ પ્રતિષ્ઠિત ખિતાબ પોતાના નામે કર્યો છે. ૨૦૪ રનનો વિશાળ અને વિક્રમી લક્ષ્યાંક માત્ર બે બોલ બાકી હતા ત્યારે પૂર્ણ કરીને બેંગલોરે સાબિત કરી દીધું કે તેઓ કેમ આ ટૂર્નામેન્ટના અસલી દાવેદાર છે. આ જીત બાદ સમગ્ર ક્રિકેટ જગતમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને સોશિયલ મીડિયા પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે. આ ફાઈનલ મેચ માત્ર એક રમત નહીં પણ રેકોર્ડ્સનો ખજાનો સાબિત થઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતા ૨૦૩ રનનો પહાડ જેવો સ્કોર ઉભો કર્યો હતો, જે આ લીગની ફાઈનલનો સર્વોચ્ચ સ્કોર હતો. જોકે, બેંગલોર તરફથી કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૮૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જ્યારે જ્યોર્જિયા વોલે ૭૯ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. બંને વચ્ચેની ૧૬૫ રનની ભાગીદારીએ દિલ્હીની જીતની આશા પર પાણી ફેરવી દીધું હતું. રસપ્રદ વાત એ છે કે, આ ૨૦૪ રનનો રનચેઝ માત્ર મહિલા લીગ જ નહીં પણ આઈપીએલ (પુરુષ) ના ઈતિહાસમાં પણ ફાઈનલનો સૌથી મોટો સફળ રનચેઝ બની ગયો છે.

આ ઐતિહાસિક વિજય બાદ દિનેશ કાર્તિકે એક્સ (X) પર પોસ્ટ કરીને આરસીબીના પ્રદર્શનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે મહિલા ક્રિકેટનું સ્તર હવે આસમાને પહોંચ્યું છે. પૂર્વ ભારતીય કેપ્ટન મિતાલી રાજે પણ સ્મૃતિ મંધાનાની આગેવાનીને બિરદાવતા કહ્યું કે 'મોટા પ્રસંગોએ મોટા લીડરો જ કામ આવે છે'. આ ઉપરાંત કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામીએ પણ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### સ્મૃતિ મંધાના: 103 ડિગ્રી તાવ છતાં રમી ઐતિહાસિક ઈનિંગ



રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ વુમન્સ પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૬ ની ફાઈનલમાં દિલ્હી કેપિટલ્સને હરાવીને બીજી વખત ટ્રોફી પોતાના નામે કરી છે. આ ઐતિહાસિક જીત પાછળ કેપ્ટન સ્મૃતિ મંધાનાનું અદભૂત યોગદાન રહ્યું છે. જોકે, આ જીત પાછળ એક એવી વાર્તા છુપાયેલી છે જેણે લાખો ક્રિકેટ ચાહકોના દિલ જીતી લીધા છે. RCB ના કોચ માલોલન રંગરાજને ખુલાસો કર્યો છે કે સ્મૃતિ આ મહત્વની મેચ દરમિયાન ભયંકર તાવ (Massive Flu) અને ૧૦૩ ડિગ્રી તાપમાન સામે લડી રહી હતી. બીમારી સામે લડીને ફટકારી તોફાની સદી જેવી ઈનિંગ ગુરુવારે રમાયેલી ફાઈનલમાં દિલ્હી કેપિટલ્સે ૨૦૩ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. આ લક્ષ્યાંકનો પીછો કરતા સ્મૃતિ મંધાનાએ માત્ર ૪૧ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૮૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી.

ઓસ્ટ્રેલિયા ટીમ ઈજા અપડેટથી હલચલ

# જોશ હેઝલવુડ ટી-20 વર્લ્ડ કપ 2026 માંથી બહાર



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત આઈસીસી મેન્સ ટી-20 વર્લ્ડ કપ 2026 ના પ્રારંભના માત્ર એક દિવસ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમને મોટો આંચકો લાગ્યો છે. દિગ્ગજ ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ હેમસ્ટ્રિંગની ઈજાના કારણે સમગ્ર ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. ઓસ્ટ્રેલિયન પસંદગીકાર ટોની ડોડેમેડે શુક્રવારે આ સમાચારની પુષ્ટિ કરી હતી. હેઝલવુડની વિદાયથી ઓસ્ટ્રેલિયાનું પેસ એટેક નબળું પડ્યું છે, કારણ કે નિયમિત કેપ્ટન અને ફાસ્ટ બોલર પેટ કમિન્સ પણ પહેલેથી જ ઈજાના કારણે બહાર છે. સુપર-8 પૂર્વે ફિટ થવાની આશા ઠગારી નીવડી સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયન મેનેજમેન્ટને આશા હતી કે ૩૫ વર્ષીય હેઝલવુડ સુપર-8 રાઉન્ડ સુધીમાં મેચ ફિટનેસ મેળવી લેશે. જોકે, લેટેસ્ટ મેડિકલ રિપોર્ટ્સ સૂચવે છે કે તેને સાજા થવામાં હજુ વધુ સમય લાગશે. ડોડેમેડે જણાવ્યું કે, "જોશના રિકવરી પ્રોગ્રામને ઉતાવળમાં પૂરો કરવો જોખમી હોત. અમે હાલમાં કોઈ તાત્કાલિક રિપ્લેસમેન્ટની જાહેરાત નહીં કરીએ, કારણ કે પ્રારંભિક મેચો માટે અમારી પાસે પૂરતા વિકલ્પો છે."

બોલિંગ આક્રમણમાં અનુભવની અછત મીડિયા અહેવાલ મુજબ, મિશેલ માર્શની આગેવાની હેઠળની આ ટીમમાં હવે અનુભવી ફાસ્ટ બોલરોની તીવ્ર અછત વર્તાઈ રહી છે. અત્યારે ઝેવિયર બાર્ટલેટ અને બેન દ્વારશુઈસ માત્ર બે જ સંપૂર્ણ ફિટ ફ્રન્ટલાઈન ફાસ્ટ બોલરો છે.

### 314 યુદ્ધકેદીઓ ટૂંક સમયમાં થશે આઝાદ, શાંતિ વાટાઘાટોમાં મળી મોટી સફળતા

# રશિયા અને યુક્રેન વચ્ચે ઐતિહાસિક સમજૂતી

(એજન્સી) અબુ ધાબી । તા. 06

વિશ્વભરની નજર અત્યારે અબુ ધાબીમાં ચાલી રહેલી હાઈ-પ્રોફાઈલ શાંતિ વાટાઘાટો પર ટકેલી છે, જ્યાં વર્ષોથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધને રોકવા માટે એક નિર્ણાયક વળાંક આવ્યો છે. અમેરિકાની મધ્યસ્થી હેઠળ યોજાયેલી આ બેઠકમાં બંને દેશો વચ્ચે કુલ ૩૧૪ યુદ્ધકેદીઓની અદલાબદલી કરવા પર સહમતિ સધાઈ છે. છેલ્લા પાંચ મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે શાંતિ સ્થાપવા માટે આટલો મોટો નિર્ણય લેવામાં આવ્યો હોય. અમેરિકાના શાંતિ દૂત દ્વારા આ બાબતની પુષ્ટિ કરવામાં આવી છે અને તેને આ ભયાનક જંગના અંતની શરૂઆત માનવામાં આવી રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સમજૂતી માત્ર કેદીઓની મુક્તિ પૂરતી મર્યાદિત નથી. આ બેઠકમાં ઝાપોરિઝ્ઝિયા પરમાણુ પ્લાન્ટ જેવી સંવેદનશીલ મિલકતોની સુરક્ષા અને ભવિષ્યની ગેરંટી બાબતે પણ ગહન ચર્ચા ચાલી રહી છે. આ પરમાણુ પ્લાન્ટને 'તટસ્થ ઝોન' જાહેર કરવાના પ્રસ્તાવ પર કામ કરવામાં આવી રહ્યું છે, જેથી તેને આંતરરાષ્ટ્રીય દેખરેખ હેઠળ લાવી શકાય. જોકે, બીજી તરફ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ પોતાનું વલણ કડક રાખ્યું છે અને સ્પષ્ટ કર્યું છે કે તેઓ પોતાની જમીન કે સાર્વભૌમત્વના ભોગે રશિયાને કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવા તૈયાર નથી.

એક બાજુ અબુ ધાબીમાં રાજદ્વારીઓ શાંતિ સ્થાપવા માટે ટેબલ પર ચર્ચાઓ કરી રહ્યા છે, તો બીજી બાજુ યુદ્ધના મેદાનમાં સ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. મીડિયા



અહેવાલ મુજબ, બંને દેશો દ્વારા એકબીજાના સૈન્ય મથકો પર ભીષણ ડ્રોન હુમલા ચાલુ રાખવામાં આવ્યા છે. અમેરિકન વિદેશ મંત્રીએ આ જટિલ પરિસ્થિતિમાં સંયમ જાળવવાની અપીલ કરી છે. રશિયાની કડક શરતો અને યુક્રેનની આઝાદી વચ્ચેનો આ સંઘર્ષ હાલમાં મધ્યસ્થીઓ માટે સૌથી મોટો પડકાર બની રહ્યો છે, છતાં કેદીઓની અદલાબદલીનો આ નિર્ણય આશાનું કિરણ જન્માવે છે.

**ભવિષ્યનો એક્શન પ્લાન અને નાટોનો પ્રશ્ન**

આગામી દિવસોમાં આ શાંતિ પ્રયાસો પાંચ મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત રહેશે. રશિયાની મુખ્ય માંગ એવી છે કે યુક્રેન ક્યારેય 'નાટો' સંગઠનમાં સામેલ ન થાય. તેના બદલામાં અમેરિકા યુક્રેનને દ્વિપક્ષીય સુરક્ષાની ખાતરી આપી શકે છે. આ ઉપરાંત, યુદ્ધને 'ફ્રીઝ' કરવા એટલે કે સેનાઓ અત્યારે જે સ્થાને છે ત્યાં જ લડાઈ થંભાવી દેવા અને રશિયા પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોને ક્રમશઃ હટાવવા જેવા મહત્વના પાસાઓ પર ચર્ચા તેજ બની છે. જો આ વાટાઘાટો સફળ રહેશે, તો યુરોપમાં શાંતિનો નવો યુગ શરૂ થઈ શકે છે.

પાકિસ્તાની સૈન્ય દાવાઓનો છેદ ઉડાવતી બીએલએ

## બલુચિસ્તાન ઓપરેશન હેરોફ-૨ થી પાક સેના બેકફૂટ પર

(એજન્સી) ક્વેટા । તા. 06

પાકિસ્તાનના સૌથી અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં સ્થિતિ દિનપ્રતિદિન વધુ સ્ફોટક બની રહી છે. બલૂચ લિબરેશન આર્મી (BLA) દ્વારા શરૂ કરાયેલું 'ઓપરેશન હેરોફ-૨' આજે સતત છઠ્ઠા દિવસે પણ ચાલુ હોવાના અહેવાલ છે. બીએલએના પ્રવક્તા જીયંદ બલૂચે પાકિસ્તાની સેનાના મીડિયા વિંગ (ISPR) દ્વારા કરવામાં આવેલા ઓપરેશન પૂરું થયાના દાવાઓને સદંતર ફગાવી દીધા છે. સંગઠને આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાની સેના મેદાનમાં મળેલી હાર છુપાવવા માટે ખોટા પ્રચારનો આશરો લઈ રહી છે.

પાકિસ્તાની સૈન્યના દાવાઓ સામે સવાલ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, પાકિસ્તાની સત્તાવાળાઓએ ઓપરેશનના પ્રથમ દિવસે જ તમામ હુમલાખોરોને ખતમ કરી દીધા હોવાનો દાવો કર્યો હતો. જોકે, બીએલએનું કહેવું છે કે આ દાવો છેલ્લા છ દિવસથી દરરોજ પુનરાવર્તિત કરવામાં આવે છે, જે સાબિત કરે છે કે ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ કંઈક અલગ જ છે. બીએલએના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી સંગઠન પોતે ઓપરેશન પૂર્ણ થયાની જાહેરાત ન કરે ત્યાં સુધી સત્તાવાર નિવેદનોને માત્ર પ્રોપેગન્ડા માનવા જોઈએ.

યુદ્ધના મેદાનમાં આંકડાકીય માયાવી જાળ મીડિયા અહેવાલ મુજબ, પાકિસ્તાની સેનાએ અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ બલૂચ લડવૈયાઓને માર્યા હોવાનો દાવો કર્યો છે.

**યુક્રેન વાર્ષિક 40 લાખ સસ્તા ડ્રોન બનાવે છે**

રશિયા સામે યુદ્ધ દરમિયાન યુક્રેને પોતાની તકનિકી પ્રગતિથી વિશ્વને ચોંકાવ્યું છે. યુદ્ધની શરૂઆતમાં યુક્રેનના ડ્રોન દ્વારા રશિયાની 10 હજાર ટેન્કોને નષ્ટ કરાઈ હતી. સાથે જ યુક્રેને 20 હજાર વાહનોને પણ નષ્ટ કર્યાં હતાં. રશિયાની પોતાની ટેન્ક બ્રિગેડને મોરચા પરથી હટાવવી પડી હતી.

## ન્યૂઝ બ્રીફ

**બ્રાઝિલ કોફી ઉત્પાદન રેકોર્ડ ૨૦૨૬ તમામ આંકડા તૂટશે**




બ્રાઝિલિયા | વિશ્વના સૌથી મોટા કોફી ઉત્પાદક દેશ બ્રાઝિલમાંથી કૃષિ ક્ષેત્રે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ સપ્લાય કંપની (Conab) ના પ્રથમ સત્તાવાર અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬ માં બ્રાઝિલ ૬૬.૨ મિલિયન થેલી (પ્રત્યેક ૬૦ કિલો) કોફીનું ઉત્પાદન કરીને નવો ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. આ ઉત્પાદન ૨૦૨૫ ના લણણી વર્ષ કરતા ૧૭.૧ ટકા વધુ છે. જો આ અંદાજ સાચો ઠરશે, તો બ્રાઝિલના અત્યાર સુધીના કોફી ઉત્પાદન ઇતિહાસનો આ સૌથી મોટો આંકડો હશે, જેણે ૨૦૨૦ ના ૬૩.૧ મિલિયન થેલીના અગાઉના રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે.

**યુકેપીએનપી પાકિસ્તાન વિરોધ પ્રદર્શનથી બ્રિટન ગજવ્યું**

બ્રેડફોર્ડ | પાકિસ્તાન દ્વારા ઉજવવામાં આવતા કહેવાતા "કાશ્મીર એકતા દિવસ" ની પોલ વિદેશી ધરતી પર જ ખૂલી ગઈ છે. બ્રિટનના બ્રેડફોર્ડ શહેરમાં પાકિસ્તાની કોન્સ્યુલેટની બહાર યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી (UKPNP) દ્વારા વિશાળ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ પાકિસ્તાનના આ દિવસને 'છેતરપિંડી અને મજાક' ગણાવીને ફગાવી દીધો હતો. પાકિસ્તાન હસ્તકના જમ્મુ-કાશ્મીર (PoJK) ના રહેવાસીઓએ આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાન એક બાજુ એકતાની વાત કરે છે અને બીજી બાજુ કાશ્મીરીઓના માનવાધિકારોનું દમન કરી રહ્યું છે. નકલી એકતાના એજન્ડાનો પર્દાફાશ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, બ્રેડફોર્ડમાં ભેગા થયેલા દેખાવકારોએ "અમારી નદીઓ અમારી છે, અતિક્રમણ અસ્વીકાર્ય છે" અને "રાજ્ય પ્રાયોજિત આતંકવાદ બંધ કરો" જેવા ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

**બ્રિટનમાં બેટરીથી ચાલતી ટ્રેન શરૂ થઈ, માત્ર 3.5 મિનિટમાં થશે ફુલ ચાર્જ**



લંડન । વૈશ્વિક સ્તરે પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ મુક્ત પરિવહન ક્ષેત્રે બ્રિટને એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. યુનાઈટેડ કિંગડમમાં દેશની સર્વપ્રથમ સંપૂર્ણપણે બેટરીથી ચાલતી પેસેન્જર ટ્રેનનું સંચાલન સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યું છે. ગ્રેટ વેસ્ટર્ન રેલવે દ્વારા સંચાલિત આ ટ્રેન લંડનના વેસ્ટ ઈલિંગ અને ગ્રીનફોર્ડ વચ્ચેના અંદાજે ૯ કિમીના વ્યસ્ત રૂટ પર દોડશે. અગાઉ આ રૂટ પર ડીઝલ એન્જિનવાળી ટ્રેનો દોડતી હતી, જે હવે ઈતિહાસ બની જશે. આ નવી ટેકનોલોજી પર્યાવરણ માટે વરદાન સાબિત થશે તેવું નિષ્ણાતોનું માનવું છે.

### ૨૦૦૦ કિમી દૂર સુધી સચોટ પ્રહાર, ખતરનાક મિસાઈલ સિટી તૈયાર થઈ

# ખોર્રમશહર-4 મિસાઈલ ઈરાનની અત્યંત ઘાતક તાકાત

(એજન્સી) તેહરાન । તા. 06

વિશ્વભરમાં વધી રહેલા યુદ્ધના સંકટ વચ્ચે ઈરાને પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન કરીને દુનિયાને ચોંકાવી દીધી છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા અત્યંત આધુનિક અને વિનાશક બેલેસ્ટિક મિસાઈલ ખોર્રમશહર-૪ ને સંપૂર્ણપણે કાર્યરત કરી દેવામાં આવી છે. આ ઘાતક મિસાઈલ ૨૦૦૦ કિલોમીટર સુધીના અંતરે પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે ઈઝરાયેલ સહિત અનેક યુરોપિયન શહેરો હવે ઈરાનના નિશાના હેઠળ આવી ગયા છે. આ મિસાઈલ માત્ર ગતિમાં જ તેજ નથી, પરંતુ તે ૧૫૦૦ કિલોગ્રામ જેટલો ભારે દારૂગોળો વહન કરીને દુશ્મનના મજબૂત બંકરોને તોડી પાડવામાં પણ સક્ષમ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

**અદ્રશ્ય મિસાઈલ સિટી અને અન્ડરગ્રાઉન્ડ બેઝ**

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, ઈરાને માત્ર મિસાઈલ જ નહીં, પરંતુ એક વિશાળ ભૂગર્ભ 'મિસાઈલ સિટી' પણ તૈયાર કરી છે. આ એક એવી સુરક્ષિત જગ્યા છે જે જમીનથી સેંકડો ફૂટ નીચે આવેલી છે, જ્યાં મિસાઈલોનું નિર્માણ, સંગ્રહ અને લોન્ચિંગ કરવાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ગુપ્ત મિસાઈલ સિટી દુશ્મન દેશોના હવાઈ હુમલાઓથી સંપૂર્ણપણે સુરક્ષિત છે. ઈરાન પાસે મધ્ય પૂર્વમાં સૌથી મોટો મિસાઈલ ભંડાર હોવાનું મનાય છે, જેમાં અંદાજે ૨૦૦૦ થી ૩૦૦૦ બેલેસ્ટિક મિસાઈલોનો સમાવેશ થાય છે. આ નવી સુવિધા ઈરાનને યુદ્ધની સ્થિતિમાં વળતો અને અત્યંત ઝડપી હુમલો કરવાની ક્ષમતા પ્રદાન કરે છે.

**દુશ્મનની રક્ષણ પ્રણાલીને ચકમો આપવાની તાકાત**

ખોર્રમશહર-૪ મિસાઈલની સૌથી મોટી વિશેષતા તેની હાઈપરસોનિક ઝડપ અને હવામાં



દિશા બદલવાની ક્ષમતા છે. નિષ્ણાતોના મતે, આ ટેકનોલોજીને કારણે ઈઝરાયેલની અત્યંત આધુનિક ગણાતી આયર્ન ડોમ જેવી ડિફેન્સ સિસ્ટમ માટે પણ આ મિસાઈલને રોકવી લગભગ અશક્ય બની જશે. આ મિસાઈલમાં પ્રવાહી ઈંધણનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેની સચોટતા એટલી છે કે તે ૩૦ મીટરના ટૂંકા અંતરમાં પોતાના લક્ષ્યને વિંધી શકે છે. ઈરાને તેને 'એક્ટિવ ડિટરેન્સ' એટલે કે સક્રિય પ્રતિરોધનું નામ આપ્યું છે, જેનો સ્પષ્ટ સંકેત છે કે તે હવે માત્ર સંરક્ષણ નહીં પરંતુ આક્રમક વ્યૂહરચના પર ધ્યાન આપી રહ્યું છે.

**વૈશ્વિક તણાવમાં વધારો અને ભવિષ્યનો ખતરો**

આ નવા શસ્ત્રના આગમનથી મધ્ય પૂર્વમાં સત્તાનું સંતુલન ખોરવાઈ શકે છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના આ પગલાને ભારે ઉશ્કેરણીજનક ગણાવ્યું છે. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા પાડોશી દેશો પણ આ નવી સૈન્ય હિલચાલને કારણે પોતાની સંરક્ષણ નીતિમાં ફેરફાર કરવા મજબૂર બન્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, મધ્ય પૂર્વમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો પણ હવે સીધી રીતે આ મિસાઈલની મર્યાદામાં આવી ગયા છે, જે આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ચિંતાનો વિષય છે. આગામી સમયમાં આ ક્ષેત્રમાં તણાવ વધવાની પૂરેપૂરી શક્યતા છે.

**અમેરિકા ઈરાન એડવાઈઝરી ૨૦૨૬ થી સર્જાયો ભારે ફફડાટ**

વોશિંગ્ટન/તેહરાન: પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળાઓ પ્રજ્વલિત થવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકાના વિદેશ વિભાગે એક અત્યંત કડક અને તાકીદની એડવાઈઝરી જાહેર કરીને ઈરાનમાં વસતા તમામ અમેરિકી નાગરિકોને કોઈપણ વિલંબ વગર દેશ છોડી દેવા આદેશ આપ્યો છે. અમેરિકાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે નાગરિકો સરકારના ભરોસે બેસી રહેવાને બદલે જમીન, સમુદ્ર કે હવાઈ માર્ગે જે રીતે શક્ય હોય તે રીતે ઈરાનની સરહદો બહાર નીકળી જાય. આ એડવાઈઝરી બાદ વૈશ્વિક સ્તરે એરલાઈન્સે પોતાની ફ્લાઈટ્સ રદ કરવાનું શરૂ કરી દીધું છે. બગડતી પરિસ્થિતિ અને આંતરિક અશાંતિ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ઈરાનમાં ૨૮ ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા સત્તા વિરોધી આંદોલનોએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ઈરાન સરકારે દેશના મોટાભાગના વિસ્તારોમાં ઈન્ટરનેટ અને મોબાઈલ નેટવર્ક પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે, જેનાથી ૯ કરોડથી વધુ લોકો દુનિયાથી કપાઈ ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં હજારો પ્રદર્શનકારીઓના મોત થયા હોવાની આશંકા છે.

ગ્રીસ ભારત સૈન્ય સહયોગ ૨૦૨૬ નો પ્રારંભ

## ભારત-યુરોપ મુક્ત વ્યાપાર સમજૂતી બાદ મહત્વનો પ્રવાસ



(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) પર હસ્તાક્ષર થયાના ગણતરીના દિવસોમાં જ, ગ્રીસના સંરક્ષણ મંત્રી નિકોસ ડેન્ડિયાસ શુક્રવારે ભારતની ચાર દિવસીય સત્તાવાર મુલાકાતે આવી પહોંચ્યા છે. ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના આમંત્રણ પર આવેલા ડેન્ડિયાસ ૯ ફેબ્રુઆરી સુધી ભારતમાં રહેશે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જશે અને ભૂમધ્ય સમુદ્રથી લઈને હિંદ મહાસાગર સુધીના સુરક્ષા સમીકરણો પર ઊંડી અસર પાડશે.

સંરક્ષણ અને સુરક્ષા પર હાઈ-લેવલ બેઠકો પોતાના દિલ્હી રોકાણ દરમિયાન, ગ્રીક મંત્રી તેમના સમકક્ષ રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. આ બેઠકોમાં મુખ્યત્વે સંરક્ષણ સહયોગ વધારવા અને પ્રાદેશિક સુરક્ષાના પડકારો પર ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીને આધુનિક શસ્ત્રોનું ઉત્પાદન અને સંયુક્ત સૈન્ય અભ્યાસ જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહેશે. આ ઉપરાંત, ડેન્ડિયાસ 'ભારત-યુરોપિયન યુનિયન ફોરમ'માં પણ ભાગ લેશે, જ્યાં તેઓ આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને બદલાતી જતી વૈશ્વિક પરિસ્થિતિઓ પર પોતાના વિચારો રજૂ કરશે.

બેંગલુરુમાં ટેકનોલોજી અને ઉદ્યોગ જગત સાથે મુલાકાત નવી દિલ્હીમાં રાજકીય મંત્રણા પૂર્ણ કર્યા બાદ, નિકોસ ડેન્ડિયાસ ભારતની સિલિકોન વેલી ગણાતા બેંગલુરુની મુલાકાત લેશે. અહીં તેઓ ગ્રીસના સંરક્ષણ ઉદ્યોગ અને ભારતીય ટેકનોલોજી ક્ષેત્ર વચ્ચે નવી તકો શોધવા માટે સ્થાનિક સંરક્ષણ એકમોની મુલાકાત લેશે. ઈનોવેશન અને આધુનિક સંરક્ષણ પ્રણાલીઓના ક્ષેત્રમાં ગ્રીસ અને ભારત વચ્ચે સંયુક્ત સાહસો સ્થાપવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

## બાંગ્લાદેશ ચૂંટણી જમાત-એ-ઈસ્લામીનું મોટું એલાન

(એજન્સી) નવી દિલ્હી/કોલંબો । તા. 06

બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે રાજકીય વાતાવરણ અત્યંત તંગ બની ગયું છે. કટ્ટરપંથી ગણાતી જમાત-એ-ઈસ્લામી પાર્ટીએ દેશના બંધારણીય માળખાને બદલીને ધાર્મિક કાયદો લાગુ કરવાની ખુલ્લી જાહેરાત કરી છે. રાજશાહીમાં આયોજિત એક વિશાળ રેલી દરમિયાન પાર્ટીના નાયબ-એ-અમીર પ્રોફેસર મુજીબુર રહેમાને જણાવ્યું કે હવે બાંગ્લાદેશમાં માનવ-નિર્મિત કાયદાઓનો અંત આવશે અને માત્ર કુરાન તથા સુન્નત પર આધારિત શાસન ચાલશે. આ નિવેદને પાડોશી દેશો સહિત વૈશ્વિક સ્તરે ચિંતા જન્માવી છે.

ધર્મના નામે મતોનું ધ્રુવીકરણ પદ્મા નદીના કિનારે મદ્રેસા મેદાનમાં હજારોની મેદનીને સંબોધતા મુજીબુર રહેમાને સ્પષ્ટ કર્યું કે તેમની સંસદ અલ્લાહના કાયદા મુજબ જ કામ કરશે.



તેમણે મતદારોને ૧૧ પક્ષોના ગઠબંધનને જીતાડવા હાકલ કરતા કહ્યું કે, જો દેશમાં સાચું ઈસ્લામિક શાસન લાવવું હોય તો આ એકમાત્ર માર્ગ છે. લોકશાહી ઢબે યોજાનારી ચૂંટણીમાં આ પ્રકારની કટ્ટરપંથી ભાષા એ સંકેત આપે છે કે જમાત-એ-ઈસ્લામી દેશને ફરી એકવાર મધ્યયુગીન કટ્ટરતા તરફ ધકેલવા માંગે છે.

## અમેરિકા આર્જેન્ટિના વ્યાપાર કરાર 2026થી મોટી રાહત

વોશિંગ્ટન ડીસી | અમેરિકા અને આર્જેન્ટિનાએ ગુરુવારે એક ઐતિહાસિક 'પરસ્પર વ્યાપાર અને રોકાણ સમજૂતી' પર હસ્તાક્ષર કર્યા છે, જે બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં એક નવો અધ્યાય લખશે. અમેરિકી વ્યાપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર અને આર્જેન્ટિનાના વિદેશ મંત્રી પાબ્લો ક્વિર્નોએ આ મહત્વપૂર્ણ દસ્તાવેજ પર મહોર લગાવી છે. આ કરાર હેઠળ દવાથી લઈને મોટર વાહનો, મશીનરી અને કૃષિ પેદાશો સુધીના વિશાળ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે, જેનાથી અમેરિકી ખેડૂતો અને પશુપાલકો માટે લાલ ફીતાશાહીનો અંત આવશે. બજાર પ્રવેશ અને ટેરિફમાં ઘટાડો સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યાપારિક અવરોધોને દૂર કરવાનો છે. આર્જેન્ટિનાએ અમેરિકાના સુરક્ષા અને નિયમનકારી ધોરણોને સ્વીકારવાની તૈયારી દર્શાવી છે.

## ભારતીય સેના ઓપરેશન સાગરબંધુ 2026 શ્રીલંકા મદદે

**આઈએનએસ ઘરિયાલ બ્રિજ ટ્રાન્સપોર્ટ સફળ**

(એજન્સી) નવી દિલ્હી/કોલંબો । તા. 06

પડોશી દેશો પ્રત્યેની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિને સાર્થક કરતા, ભારત સરકારે ચક્રવાત 'ડિટવાહ' થી પ્રભાવિત શ્રીલંકાના પુનઃનિર્માણ માટે મદદનો હાથ લંબાવ્યો છે. ભારતીય સેના અને નૌકાદળ દ્વારા સંયુક્ત રીતે 'ઓપરેશન સાગરબંધુ' હેઠળ ૧૦ વધારાના અત્યંત પહોળા 'બેઈલી બ્રિજ' શ્રીલંકા મોકલવામાં આવ્યા છે. આઈ.એન.એસ. ઘરિયાલ યુદ્ધ જહાજ દ્વારા આ પુલોને શ્રીલંકા પહોંચાડવામાં આવ્યા છે, જે કુદરતી આફતને કારણે તૂટી ગયેલા પરિવહન માર્ગોને ફરીથી જોડવામાં પાયાની ભૂમિકા ભજવશે. સૈન્ય અને નાગરિક સમન્વયનું ઉત્તમ ઉદાહરણ સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ, ભારતીય સેનાના એન્જિનિયરો અને ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ (GRSE) ના સહયોગથી આ ખાસ પ્રકારના પુલો તૈયાર કરવામાં આવ્યા છે. ગત વર્ષે આવેલા વિનાશક ચક્રવાત ડિટવાહને કારણે શ્રીલંકાના સેન્ટ્રલ, ઉવા અને સબરગામુવા પ્રાંતોમાં ભારે પૂર અને ભૂસ્ખલન થયું હતું, જેમાં અનેક મહત્વના પુલો ધોવાઈ ગયા હતા. ભારતીય સેનાના એન્જિનિયરો હાલમાં શ્રીલંકાના રોડ ડેવલપમેન્ટ ઓથોરિટી સાથે મળીને ક્ષતિગ્રસ્ત સાત મુખ્ય સ્થળોનું નિરીક્ષણ કરી રહ્યા છે જેથી વહેલી તકે કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરી શકાય. પરિવહન ક્ષેત્રે ભારતની મહત્વની સફળતા મીડિયા અહેવાલ મુજબ, જાન્યુઆરી મહિનામાં જ ભારતીય સેનાના એન્જિનિયર ટાસ્ક ફોર્સે ૧૨૦ ફૂટ લાંબો ત્રીજો બેઈલી બ્રિજ સફળતાપૂર્વક સ્થાપિત કર્યો હતો. આ પુલ કાંડી અને નુવારા એલિયા જિલ્લાઓને જોડતા બી-૪૯૨ હાઈવે પર બનાવવામાં આવ્યો છે.

**ચોરી** | ખાલિસ્તાની તત્વો દ્વારા તોડફોડની શંકા, કાંસાની મૂર્તિના કટકા કરી કરી ચોરી

# મેલબોર્નમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાની ચોરી

(એજન્સી) મેલબોર્ન । તા. 06

ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાને નિશાન બનાવવાની એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. મેલબોર્નના રોવવિલે વિસ્તારમાં આવેલા ઓસ્ટ્રેલિયન-ઈન્ડિયન કમ્યુનિટી સેન્ટર ખાતે સ્થાપિત ગાંધીજીની ૪૨૬ કિલોગ્રામ વજનની કાંસાની મૂર્તિને અજાણ્યા તત્વો ગ્રાઈન્ડર મશીનથી કાપીને ચોરી ગયા છે. આ ઘટના બાદ સમગ્ર ઓસ્ટ્રેલિયામાં વસતા ભારતીય સમુદાયમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ કાયરતાપૂર્ણ કૃત્ય પાછળ ખાલિસ્તાની સમર્થકોનો હાથ હોવાની પ્રબળ શંકા સેવવામાં આવી રહી છે, કારણ કે અગાઉ પણ આ પ્રતિમાને નુકસાન પહોંચાડવાના પ્રયાસો થયા હતા.

મીડિયા અહેવાલ મુજબ, ચોરોએ ૧૨મી જાન્યુઆરીની વહેલી સવારે આ ચોરીને અંજામ આપ્યો હતો. આ પ્રતિમાને આખેઆખી ઉઠાવવાને બદલે શક્તિશાળી કટર મશીનનો ઉપયોગ કરીને તેને નીચેથી કાપી નાખવામાં આવી હતી. હાલમાં ઘટનાસ્થળે



ગાંધીજીની પ્રતિમાના માત્ર પગની પાની જેટલો જ ભાગ બચ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ગાઢ સંબંધોના પ્રતીક સમાન આ પ્રતિમા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ કલ્ચરલ રિસર્ચ દ્વારા ભેટ આપવામાં આવી હતી, જેનું ઉદઘાટન વર્ષ ૨૦૨૧માં તત્કાલીન વડાપ્રધાન સ્કોટ મોરિસને કર્યું હતું.

નવી દિલ્હી ખાતે ભારતીય વિદેશ મંત્રાલયે આ ઘટનાની ગંભીર નોંધ લીધી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, મહાત્મા ગાંધી જેવી વૈશ્વિક વિભૂતિની પ્રતિમા સાથેની આ છેડછાડને સાંખી લેવામાં આવશે નહીં. ભારતે ઓસ્ટ્રેલિયન સત્તાવાળાઓ સમક્ષ આ મુદ્દો આક્રમક રીતે ઉઠાવ્યો છે અને ગુનેગારોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૧માં જ્યારે આ મૂર્તિનું અનાવરણ થયું હતું, ત્યારે પણ ખાલિસ્તાની તત્વોએ તોડફોડ કરીને વિવાદ સર્જ્યો હતો, જે હવે ગંભીર ચોરીમાં પરિણમ્યો છે.

ગાંધીજીની પ્રતિમા પરના હુમલાની આ કોઈ પ્રથમ ઘટના નથી. ગયા વર્ષે લંડનના ટેવિસ્ટોક ચોક ખાતે પણ ગાંધી જયંતિ પૂર્વે જ પ્રતિમાને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. વિદેશી ધરતી પર વારંવાર ભારતીય સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રતીકોને નિશાન બનાવવામાં આવતા હોવાથી સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે. ઓસ્ટ્રેલિયન પોલીસ હાલમાં આ મામલે તપાસ કરી રહી છે અને સીસીટીવી ફૂટેજના આધારે શંકાસ્પદોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## વર્લ્ડ ડિફેન્સ શો 2026 ભારતની સૈન્ય શક્તિનો ડંકો

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

વૈશ્વિક સંરક્ષણ બજારમાં ભારત પોતાની તાકાત બતાવવા માટે સજ્જ છે. આગામી ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન સાઉદી અરેબિયામાં યોજાનારા ત્રીજા 'વર્લ્ડ ડિફેન્સ શો' (WDS) ૨૦૨૬ માં ભારત એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ મોકલી રહ્યું છે. રક્ષારાજ્ય મંત્રી સંજય સેઠ આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. સંરક્ષણ મંત્રાલયના સત્તાવાર નિવેદન અનુસાર, આ મુલાકાત ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેના વિસ્તરતા સૈન્ય સહયોગ અને વૈશ્વિક મંચ પર ભારતની વધતી સ્વીકાર્યતાને રેખાંકિત કરે છે. પ્રથમવાર 'ઈન્ડિયા પેવેલિયન' આકર્ષણનું કેન્દ્ર આ વર્ષના પ્રદર્શનની સૌથી મહત્વની બાબત એ છે કે ભારત પ્રથમ વખત અહીં પોતાનું સ્વતંત્ર 'ઈન્ડિયા પેવેલિયન' શરૂ કરી રહ્યું છે. ૪૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ પેવેલિયનમાં ભારતની સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાનું વ્યાપક પ્રદર્શન કરવામાં આવશે. 'આત્મનિર્ભર ભારત' અભિયાન હેઠળ વિકસાવવામાં આવેલા આધુનિક હથિયારો અને ટેકનોલોજી વિશ્વભરના ૭૦૦ થી વધુ પ્રદર્શનકારીઓ અને ૪૦૦ સત્તાવાર પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. સ્વદેશી હથિયારોનું ભવ્ય પ્રદર્શન ઈન્ડિયા પેવેલિયનમાં ભારતની અગ્રણી સંરક્ષણ જાહેર ક્ષેત્રની કંપનીઓ ભાગ લઈ રહી છે. જેમાં આર્મર્ડ વ્હીકલ નિગમ લિમિટેડ, મ્યુનિશન્સ ઈન્ડિયા લિમિટેડ, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ જેવી દિગ્ગજ કંપનીઓનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનમાં ભારતીય ટેન્કો, આર્ટિલરી ગન સિસ્ટમ્સ, મિસાઈલો, રડાર અને અદ્યતન ઓપ્ટિકલ સાધનો રજૂ કરવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ઉત્પાદન ક્ષમતાની ઝલક આપશે.

## અજિત પવારના નિધન બાદ NCP ના વિલય અને નેતૃત્વ પર સંકટ

# મહારાષ્ટ્રના રાજકારણમાં પવાર પરિવારની ભૂમિકા



(એજન્સી) બારામતી | તા.06

મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અજિત પવારના આકસ્મિક અવસાન બાદ હવે પક્ષ અને પરિવારમાં નેતૃત્વને લઈને નવી ચર્ચા શરૂ થઈ છે. રોહિત પવારે તાજેતરમાં આપેલા એક નિવેદને રાજકીય ગરમાવો વધારી દીધો છે. રોહિત પવારના જણાવ્યા મુજબ, અજિત પવાર અને NCP ના તમામ ધારાસભ્યો તેમજ કાર્યકરોની ઈચ્છા છે કે હવે સુનેત્રા પવાર પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળે. બારામતીમાં મીડિયા સાથે વાતચીત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે પરિવાર અને પક્ષ હાલ શોકમાં છે, પરંતુ ૯ ફેબ્રુઆરી પછી સુનેત્રા પવાર પોતે વિલય અને ભવિષ્યની રણનીતિ અંગે જાહેરમાં વાત કરશે.રોહિત પવારે દાવો કર્યો છે કે અજિત દાદાની અંતિમ ઈચ્છા બંને NCP જૂથોના વિલયની હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અજિત પવાર ઈચ્છતા હતા કે પક્ષ ફરીથી એક થાય અને તેના માટે તેમણે પૂર્વ તૈયારીઓ પણ કરી લીધી હતી. શરદ પવારના જૂથના નેતાઓએ પણ આ વાતને ટેકો આપ્યો છે કે ૧૨ ફેબ્રુઆરીએ વિલયની સત્તાવાર જાહેરાત થવાની હતી, પરંતુ તે પહેલા જ ૨૮ જાન્યુઆરીએ વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું નિધન થયું. હવે પરિવારના સભ્યો વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે અને એકતાના સંકેતો મળી રહ્યા છે.

### વિમાન દુર્ઘટના અંગે DGCA પાસે તપાસની માંગ

અજિત પવારના નિધન પાછળના કારણો અંગે હજુ પણ શંકાના વાદળો ઘેરાયેલા છે. રોહિત પવારે જણાવ્યું કે તેઓ DGCA (Directorate General of Civil Aviation) પાસેથી આ દુર્ઘટના અંગે વધુ વિગતો માંગી રહ્યા છે. તેમની પાસે કેટલીક આંતરિક માહિતી છે જે તેઓ ૯ ફેબ્રુઆરી પછી જાહેર કરશે. તેમણે આ ઘટનામાં કોઈ ષડયંત્ર હોવાની આશંકાઓને સંપૂર્ણપણે નકારી નથી. હાલમાં બ્લેક બોક્સની તપાસ ચાલી રહી છે અને પ્રાથમિક રિપોર્ટમાં ખરાબ હવામાન અને ઓછી વિઝિબિલિટીને કારણ ગણવામાં આવ્યું છે.

અજિત પવારના ૪૦ વર્ષના જાહેર જીવનની યાદમાં બારામતીમાં એક ભવ્ય સંગ્રહાલય અને સ્મારક બનાવવાની યોજના છે. વિદ્યા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીઓ આ અંગે નિર્ણય લેશે. રોહિત પવારે કાર્યકરોને અપીલ કરી છે કે આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં મતદાન કરીને અજિત દાદાને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરે. બીજી તરફ, સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રી તરીકે પણ જોવામાં આવી રહ્યા છે, જે પક્ષમાં તેમની મજબૂત પકડ દર્શાવે છે.

## માનનીય મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા શર્માએ

### આસામને AI-સંચાલિત હોસ્પિટલોમાં લીપ લગાવી, લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝને વ્યૂહાત્મક ભાગીદાર તરીકે સ્થાપિત કર્યા



આસામ : ભારતના જાહેર આરોગ્યસંભાળ માળખાને ફરીથી વ્યાખ્યાયિત કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ પગલામાં, લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આજે ગૌહાટી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (GMCH) ખાતે વિશ્વની પ્રથમ AI-આધારિત, સંપર્ક રહિત રિમોટ દર્દી મોનિટરિંગ સિસ્ટમના સફળ સ્થાપનની જાહેરાત કરી. નવા ઉદ્ઘાટન કરાયેલ મેડિકલ કોલેજ સંકુલના ભાગ રૂપે, આ અદ્યતન સિસ્ટમ સ્ટેપ-ડાઉન ICU વોર્ડમાં તૈનાત કરવામાં આવી છે.આ સુવિધાનું ઔપચારિક ઉદ્ઘાટન આસામના માનનીય મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું, જે રાજ્યની આરોગ્યસંભાળ યાત્રામાં એક નિર્ણાયક ક્ષણ છે અને ભારતમાં AI-સક્ષમ ક્લિનિકલ સંભાળમાં આસામને મોખરે રાખે છે.આ પહેલ માનનીય મુખ્યમંત્રીના સક્રિય નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે, જેમણે આસામના જાહેર આરોગ્યસંભાળ માળખાને વિશ્વ કક્ષાના ધોરણો સુધી પહોંચાડવા માટે સ્પષ્ટ અને ઈરાદાપૂર્વકનું પગલું ભર્યું છે. લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે ભાગીદારીમાં અદ્યતન AI-સંચાલિત ક્લિનિકલ તકનીકોને અપનાવીને, રાજ્ય ખાતરી કરી રહ્યું છે કે તેના નાગરિકોને વધુ સચોટ નિદાન, ઝડપી ક્લિનિકલ માર્ગદર્શન અને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક કરેલ સંભાળના ધોરણો મળે જે આસામને ભવિષ્ય માટે તૈયાર આરોગ્યસંભાળ વિતરણમાં રાષ્ટ્રીય નેતા તરીકે અલગ પાડે છે.આ જમાવટ સાથે, આસામ જાહેર આરોગ્યસંભાળ પ્રણાલીમાં AI-સંચાલિત હોસ્પિટલ મોડેલ કાર્યરત કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે, જે પ્રારંભિક જોખમ શોધ, વાસ્તવિક સમયની ક્લિનિકલ આંતરદૃષ્ટિ અને ઝડપી, વધુ સચોટ તબીબી નિર્ણય લેવા માટે સતત, બિન-ઘુસણખોરી દર્દી દેખરેખનો લાભ ઉઠાવે છે. આ સિસ્ટમ શારીરિક સંપર્કને દૂર કરે છે અને સાથે સાથે ચોવીસ કલાક મહત્વપૂર્ણ પરિમાણોને ટ્રેક કરે છે, દર્દીની સલામતી, ચેપ નિયંત્રણ અને ક્લિનિકલ કાર્યક્ષમતામાં વધારો કરે છે, ખાસ કરીને ઉચ્ચ-નિર્ભરતા સંભાળ સેટિંગ્સમાં.આ વિકાસ પર ટિપ્પણી કરતા, લોર્ડ્સ માર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. સચ્ચિદાનંદ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, "ભારતની આરોગ્યસંભાળ પ્રણાલી એક મહત્વપૂર્ણ વળાંક પર છે જ્યાં ટેકનોલોજીએ પાયલોટ પ્રોજેક્ટ્સથી આગળ વધીને મુખ્ય ક્લિનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનવું જોઈએ.

## News Brief

### ઉત્તર ભારતમાં હવામાનમાં પલટો અને નવીનતમ ચેતવણી

નવી દિલ્હી: ભારતીય હવામાન વિભાગ (IMD) એ ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યો માટે હવામાનમાં મોટા ફેરફારની ચેતવણી જારી કરી છે. IMD ની આગાહી અને વરસાદ મુજબ, દિલ્હી-NCR, ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશમાં આગામી ૨૪ કલાક દરમિયાન ગાઢ ધુમ્મસ અને શીતલહેરનો પ્રભાવ જોવા મળશે. પશ્ચિમી વિક્ષોભ (Western Disturbance) સક્રિય થવાને કારણે પહાડી વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે, જેના કારણે ઠંડીના પારામાં વધુ ઘટાડો નોંધાઈ શકે છે.ધુમ્મસના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો અને ટ્રાફિક પર અસર

હવામાન વિભાગના તાજા અપડેટ અનુસાર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને બિહારના અનેક વિસ્તારોમાં સવારના સમયે દૃશ્યતા ખૂબ જ ઓછી રહી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હિમાચલ પ્રદેશમાં ૭ ફેબ્રુઆરીએ સવારે અને રાત્રે ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે. આ ગાઢ ધુમ્મસ અને હવામાનની પ્રતિકૂળ સ્થિતિને કારણે માર્ગ વ્યવહાર, રેલવે અને હવાઈ ટ્રાફિકમાં વિલંબ થવાની પૂરેપૂરી સંભાવના છે. વાહનચાલકોને ફોગ લાઈટનો ઉપયોગ કરવા અને ઝડપ મર્યાદિત રાખવા સલાહ આપવામાં આવી છે.પર્વતીય રાજ્યોમાં પશ્ચિમ વિક્ષોભના પ્રભાવને કારણે ભારે હિમવર્ષા અને વરસાદની આગાહી કરવામાં આવી છે. તેની અસર મેદાની વિસ્તારોમાં પણ વાદળછાયા વાતાવરણ તરીકે જોવા મળશે.ઉત્તર ભારતમાં હજુ પણ ઠંડીનો ચમકારો યથાવત રહેશે.

## જાલંધર હત્યાકાંડ અને ફાયરિંગની ઘટનાથી સ્થાનિકોમાં ફફડાટ

# પંજાબમાં કથળતી કાયદો અને વ્યવસ્થા વચ્ચે સનસનાટી

(એજન્સી) જાલંધર | તા.06

પંજાબના જાલંધર શહેરમાં શુક્રવારે રક્તરંજિત ઘટના સામે આવી છે, જેમાં આમ આદમી પાર્ટીના સક્રિય નેતાની સરાજાહેર હત્યા કરી દેવામાં આવી છે. મોડેલ ટાઉન વિસ્તારમાં આવેલા ગુરુદ્વારા સાહિબની બહાર લકી ઓબેરોય અને આપ નેતા પર અજાણ્યા હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. ધોળા દિવસે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની ગંભીરતાને જોતા સમગ્ર શહેરમાં નાકાબંધી કરી દેવામાં આવી છે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ આખી ઘટના ત્યારે બની જ્યારે લકી ઓબેરોય ગુરુદ્વારાની બહાર પોતાની કાર પાર્ક કરી રહ્યા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, બે બાઈક સવાર હુમલાખોરો અચાનક ધસી આવ્યા હતા અને કોઈ કશું સમજે તે પહેલાં જ ઓબેરોય પર ધડાધડ ગોળીઓ ચલાવવાનું શરૂ કર્યું હતું.





તેમને કુલ પાંચ ગોળીઓ વાગી હતી. ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલો એટલી ઝડપથી થયો કે કોઈને પ્રતિકાર કરવાનો સમય જ ન મળ્યો.લકી ઓબેરોયની રાજકીય પૃષ્ઠભૂમિની વાત કરીએ તો, તેઓ કેન્ટ મતવિસ્તારના ઈન્ચાર્જ રાજવિંદર કૌર થિયાડાના અત્યંત વિશ્વાસુ અને નજીકના નેતા માનવામાં આવતા હતા. અગાઉ તેમની પત્નીએ પણ આમ આદમી પાર્ટીની ટિકિટ પર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડી હતી. પોલીસ હાલમાં આ હત્યા પાછળ રાજકીય અદાવત છે કે કેમ તે દિશામાં તપાસ કરી રહી છે. અધિકારીઓએ ઘટનાસ્થળની આસપાસના તમામ સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે જેથી હુમલાખોરોની ઓળખ થઈ શકે.આ હત્યા બાદ પંજાબમાં વિરોધ પક્ષોએ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મુદ્દે સરકારને ઘેરવાનું શરૂ કર્યું છે. ગુરુદ્વારા જેવા પવિત્ર સ્થળની બહાર થયેલા આ ફાયરિંગે સુરક્ષા એજન્સીઓ સામે અનેક સવાલો ઊભા કર્યા છે. જાલંધર પોલીસ કમિશનરે જણાવ્યું છે કે તપાસ માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે અને ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે. પંજાબમાં અગાઉ પણ અનેક નેતાઓ પર હુમલાની ઘટનાઓ બની છે, જે હવે ચિંતાનો વિષય બની છે.

### મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં એન્કાઉન્ટર: 25 લાખનું ઈનામી નક્સલી નેતા પ્રભાકર સહિત 7 માઓવાદીઓ ઠાર

ગઢચિરોલી | મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત ગઢચિરોલી જિલ્લામાં સુરક્ષા દળોએ એક મોટી સફળતા મળી છે. પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં તેલંગાણાનો કુખ્યાત નક્સલી નેતા પ્રભાકર ઉર્ફે લોકેટી ચંદર રાવને ઠાર માર્યો છે. પ્રભાકર પર સરકારે 25 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ સમગ્ર ઓપરેશનમાં કુલ સાત નક્સલવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે, જેમાં ત્રણ મહિલા નક્સલીઓનો પણ સમાવેશ થાય છે. આ ઓપરેશન છેલ્લા ત્રણ દિવસથી નારાયણપુર-ગઢચિરોલી સરહદ પર આવેલા ફોડેવાડા ગામ પાસેના જંગલોમાં ચાલી રહ્યું હતું. ગઢચિરોલી પોલીસની સ્પેશિયલ નક્સલ વિરોધી યુનિટ 'C-60' ની 14 ટુકડીઓએ ગુપ્ત માહિતીના આધારે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન જંગલમાં છુપાયેલા નક્સલીઓએ સુરક્ષા દળો પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કર્યું હતું, જેના જવાબમાં પોલીસે વળતી કાર્યવાહી કરતા સાત માઓવાદીઓને ઠાર કર્યા હતા. ઘટનાસ્થળેથી ત્રણ એકે-47 રાઈફલ, એક એસએલઆર અને એકે.303 રાઈફલ સહિતનો હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જોકે, આ ભીષણ અથડામણમાં સુરક્ષા દળોએ એક બહાદુર જવાન ગુમાવ્યો છે. C-60ના 38 વર્ષીય જવાન દીપક ચિન્ના મદાવી સારવાર દરમિયાન શહીદ થયા છે, જ્યારે અન્ય એક જવાન જોગા મદાવી ઘાયલ થયા છે, જેમને સારવાર માટે એરલિફ્ટ કરવામાં આવ્યા હતા અને હાલ તેમની સ્થિતિ જોખમ બહાર હોવાનું કહેવાય છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રભાકર જેવા ટોચના કેડરના નેતાના મોતથી આ વિસ્તારમાં નક્સલી પ્રવૃત્તિઓને મોટો ફટકો પડશે. હાલમાં પણ આસપાસના જંગલોમાં અન્ય નક્સલીઓ છુપાયા હોવાની આશંકાએ સઘન સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું છે.

### ભારતની સરહદ નજીક નેપાળમાં ભયાનક અકસ્માત બસ ખીણમાં ખાબકતા 13 મોત

નેપાળ : ભારતીય સરહદ નજીક નેપાળમાં ભયાનક અકસ્માત થયો છે, જેમાં જાનૈયાઓ ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકતા 13ના મોત અને 34ને ઈજા થઈ છે. આ બસ બેતડીથી બજાંગ જિલ્લા જઈ રહી હતી. પોલીસે જણાવ્યું કે, ખીણમાંથી તમામને બહાર કાઢવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલીક હોસ્પિટલમાં ખસેડાયા છે, જેમાં કેટલાકની હાલત ગંભીર છે.

**પશ્ચિમ રેલ્વે**

**TADKના સીટ પર એટેન્ડન્ટ્સની ભરતી**

સહાયક ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ૪૦૦ ૦૦૮ દ્વારા ટેન્ડર સૂચના નં. 8125A_BCT_Hiring_TADK ભરતી ટેડર સૂચના આમંત્રિત કરવામાં આવી છે. તારીખ: ૩૦.૦૧.૨૦૨૬, ૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ખુલશે. કાર્ય અને સ્થાન: TADKના સીટ પર એટેન્ડન્ટ્સની ભરતી પશ્ચિમ રેલ્વે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન અને આરઆરબી-મુંબઈમાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કાર્યરત અધિકારીઓ માટે ૨૪ મહિનાના સમયગાળા માટે ટેડરની જગ્યાએ એટેન્ડન્ટ્સની ભરતી. અંદાજિત કાર્ય કિંમત: ૩,૧૬,૧૮,૪૩૭/- EMD: ૨૫,૦૦૦/- સબમિશન માટેની તારીખ અને સમય: ૦૫.૦૩.૨૦૨૬ સુધી, ૧૧:૦૦ કલાક. ખુલવાની તારીખ અને સમય: ૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટની મુલાકાત લો: www.ireps.gov.in 1081

અમને ફોલો કરો : X.com/WesternRly

## સાવધાન! કેબ હડતાલ અને ઓલા ઉબર સેવાઓ બંધ રહેશે



નવી દિલ્હી: જો તમે શનિવારની રજામાં ક્યાંય બહાર ફરવા જવાનું કે ઓફિસ જવા માટે ઓલા (Ola), ઉબર (Uber) અથવા રેપિડો (Rapido) જેવી એપ-આધારિત ટેક્સી સેવાઓ પર નિર્ભર હોવ, તો તમારે સાવધ થવાની જરૂર છે. આવતીકાલે એટલે કે 7 ફેબ્રુઆરી, શનિવારના રોજ, દેશભરના કેબ અને બાઈક ટેક્સી ડ્રાઈવરોએ એક સાથે હડતાલ પર ઉતરવાનો નિર્ણય લીધો છે. કેબ હડતાલ અને ઓલા ઉબર યુનિયનોએ આ આંદોલનને 'ઓલ ઈન્ડિયા બ્રેકડાઉન' નામ આપ્યું છે, જેના કારણે મેટ્રો શહેરોમાં પરિવહન વ્યવસ્થા ખોરવાય તેવી ભીતિ છે. ડ્રાઈવર યુનિયનોની આ હડતાલ સામાન્ય વિરોધ પ્રદર્શન કરતા અલગ છે. ડ્રાઈવરો રસ્તા પર વિરોધ કરવાની સાથે-સાથે પોતાની મોબાઈલ એપ્લિકેશન પણ બંધ રાખશે. આનો અર્થ એ થયો કે જ્યારે તમે રાઈડ બુક કરવાનો પ્રયાસ કરશો, ત્યારે તમને 'No Cabs Available' મેસેજ જોવા મળશે. જે ડ્રાઈવરો એપ ચાલુ રાખશે તેઓ પણ 'સર્જ પ્રાઈસિંગ' (Surge Pricing) ના કારણે સામાન્ય કરતા બે થી ત્રણ ગણું ભાડું વસૂલી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એરપોર્ટ અને રેલવે સ્ટેશન જનારા મુસાફરોને સૌથી વધુ હાલાકી ભોગવવી પડી શકે છે.

### ડ્રાઈવરોની મુખ્ય માંગણીઓ

- કેબ હડતાલ અને ઓલા ઉબર ચાલકો લાંબા સમયથી કેટલીક મૂળભૂત માંગણીઓ કરી રહ્યા છે:
- કમિશનમાં ઘટાડો: કંપનીઓ રાઈડના ભાડામાંથી ૨૫ થી ૩૦ ટકા કમિશન કાપી લે છે, જે ઘટાડવાની માંગ છે.
- લઘુત્તમ ભાડું: પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા કિલોમીટર દીઠ લઘુત્તમ ભાડામાં વધારો કરવાની માંગ.
- સામાજિક સુરક્ષા: ડ્રાઈવરો અને તેમના પરિવાર માટે વીમા કવચની જોગવાઈ.
- આઈડી બ્લોકિંગ: ગ્રાહકોના રેટિંગના આધારે ડ્રાઈવરના આઈડી બ્લોક કરવાની પદ્ધતિમાં સુધારો.

## યુપી સરકાર અને રજિસ્ટ્રી વિભાગનો કડક નિર્ણય

લખનૌ: ઉત્તર પ્રદેશમાં જમીન કે મકાન ખરીદનારાઓ માટે મોટા સમાચાર છે. યોગી આદિત્યનાથ સરકારે મિલકત ખરીદી અને વેચાણની પ્રક્રિયાને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે એક મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. હવે રાજ્યમાં કોઈપણ સ્થાવર મિલકતની રજિસ્ટ્રી માટે મિલકત ખરીદી અને પાન કાર્ડને એકબીજા સાથે જોડવું ફરજિયાત બન્યું છે. નવા નિયમ મુજબ, પાન કાર્ડ વગર મિલકતની નોંધણીની પ્રક્રિયા આગળ વધશે નહીં. આ નિર્ણયનો હેતુ બેનામી મિલકતો અને શંકાસ્પદ નાણાકીય વ્યવહારો પર રોક લગાવવાનો છે.રાજ્યના રજિસ્ટ્રી વિભાગે તમામ જિલ્લા કચેરીઓને આદેશ જારી કર્યો છે કે ઓનલાઈન મિલકત નોંધણી અરજી વખતે ખરીદનાર અને વેચનાર બંનેના પાન (PAN) નંબર દાખલ કરવા અનિવાર્ય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વિભાગના સોફ્ટવેરમાં પણ સુધારા કરવામાં આવ્યા છે



જેથી પાન કાર્ડની તાત્કાલિક ઓનલાઈન ચકાસણી થઈ શકે. જો પાન નંબર ખોટો હશે, તો સિસ્ટમ નોંધણીની પ્રક્રિયા આપમેળે અટકાવી દેશે. આનાથી નકલી દસ્તાવેજોના આધારે થતી છેતરપિંડી પર મોટી લગામ આવશે.સરકારના આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ કાળા નાણાંનો ઉપયોગ અટકાવવાનું છે. ખાસ કરીને ભારત-પાળ સરહદી વિસ્તારોમાં વિદેશી ભંડોળ દ્વારા થતી જમીન ખરીદીના શંકાસ્પદ કિસ્સાઓ સામે આવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

## ભારતીય સેનાને આકાશ તીર સિસ્ટમ સાથે સંપૂર્ણપણે સંકલિત 30 નવા હળવા વજનના રડાર મળશે



(એજન્સી) નવી દિલ્હી | તા.06

સંરક્ષણ મંત્રાલયે સેના માટે 30 સુધારેલા લો-લેવલ લાઈટવેઈટ રડાર (LLLR-I) અને બે ક્લાસરૂમ વેરિઅન્ટ રડાર માટે ખરીદી પ્રક્રિયા શરૂ કરી છે. આ રડાર સેનાના આકાશ તીર કમાન્ડ અને રિપોર્ટિંગ (C&R) સિસ્ટમ સાથે સંપૂર્ણપણે સંકલિત કરવામાં આવશે.સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેનાની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. મંત્રાલયે 30 સુધારેલા લો-લેવલ લાઈટવેઈટ રડાર (LLLR-I) અને બે ક્લાસરૂમ વેરિઅન્ટ રડાર (CRV) ની ખરીદી માટે RFP (પ્રસ્તાવ માટે વિનંતી) જારી કરી છે. આ ખરીદીનો અંદાજિત ખર્ચ આશરે 725 કરોડ છે.આ રડાર ફાસ્ટ-ટ્રેક/ઈમરજન્સી ખરીદી પ્રક્રિયા હેઠળ ખરીદવામાં આવશે. રડારને પર્વતીય ભૂપ્રદેશ, ઊંચાઈવાળા વિસ્તારો, મેદાનો, અર્ધ-રણ વિસ્તારો, રણ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સરળતાથી તૈનાત કરવા માટે ડિઝાઈન કરવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ રડાર આર્મીના આકાશ તીર કમાન્ડ એન્ડ રિપોર્ટિંગ (C&R) સિસ્ટમ સાથે સંપૂર્ણપણે સંકલિત હશે.

બેંક ઑફ બડૌદા
Bank of Baroda

**થેરડી કાંચીપુરમ શાખા**
નંબર: 74, વિલક્કાડી કોવિલ સ્ટ્રીટ, કાંચીપુરમ-631501. ફોન: 044-27222764/27231577

**ઋણધારકને નોટિસ**
**(સરફેસી (SARFAESI) એક્ટ, 2002ની કલમ 13ની પેટા-કલમ (2) હેઠળ)**

**મેસર્સ બાલાજી વુડ્સ,** નંબર 256 1A2 અરક્કોનમ રોડ, એરિવાક્કમ ગામ, કાંચીપુરમ, પિન 631501. **1. શ્રી દિનેશ કુમાર પટેલ,** પિતા: દેવજીભાઈ પટેલ (ભાગીદાર/જામીનદાર), 99 E વિવેકાનંદ સ્ટ્રીટ, ઈ.બી. એવન્યુ, સિરુકાવેરીપક્કમ, કાંચીપુરમ, તમિલનાડુ પિન-631502. **2. શ્રી પંકજ કુમાર પટેલ,** પિતા: શ્રી દેવજીભાઈ પટેલ (ભાગીદાર/જામીનદાર), **3. શ્રી દેવજીભાઈ પટેલ,** પિતા: વાલાજીભાઈ પટેલ (ભાગીદાર/જામીનદાર), **4. શ્રીમતી દમયંતીબેન ડી. પટેલ,** પતિ: દેવજીભાઈ વી. પટેલ (ભાગીદાર/જામીનદાર), **(ક્રમ 2 થી 4 નું સરનામું)** 34 નેતાજી સ્ટ્રીટ, ઈ.બી. એવન્યુ, નેત્તેરી, કાંચીપુરમ, તમિલનાડુ પિન-631502.

**વિષય: અમારી થેરડી કાંચીપુરમ શાખા સાથેની ધિરાણ સુવિધાઓ બાબતે,**

1. અમે અમારા પત્ર નંબર - તારીખ 23.10.2024નો સંદર્ભ લઈએ છીએ, જેમાં વિવિધ ધિરાણ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવવામાં આવી હતી. ઉપરોક્ત મંજૂરીના અનુસંધાને, તમે નીચે મુજબની સુરક્ષા (સિક્યુરિટી) પૂરી પાડ્યા બાદ ધિરાણ સુવિધાઓ મેળવી છે અને તેનો ઉપયોગ શરૂ કર્યો છે. વિવિધ લોન/ધિરાણ ખાતાઓમાં હાલની બાકી રકમ અને આવી જવાબદારી માટે ઊભી કરવામાં આવેલી સુરક્ષા અસ્કયામતોની વિગત નીચે મુજબ છે: ક્રમસુવિધાનો પ્રકારમર્યાદા (રૂપિયામાં)વ્યાજ દર 18.01.2026 સુધીની કુલ બાકી રકમ (વ્યાજ સહિત)

| ક્રમ | સુવિધાનો પ્રકાર | મર્યાદા (રૂપિયામાં) | વ્યાજ દર | 18.01.2026 સુધીની કુલ બાકી રકમ (વ્યાજ સહિત) |
|---|---|---|---|---|
| 1 | કેશ ક્રેડિટ 69610500000969 | Rs. 25,00,000/- | 10.50% | Rs. 25,62,209.56/- |

**સુરક્ષા કરાર અને જામીનગીરીઓનું સંક્ષિપ્ત વર્ણન:**

જમીનનો એ તમામ ટુકડો અને રહેણાંક મકાન, ગ્રામ પંચાયત ઘર નંબર 4803 જે સર્વે નંબર 128 તરીકે ઓળખાય છે, ફ્લેટ નંબર-103, પ્રથમ માળ, સંસ્કૃત કો. ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, વાઘેશ્વરી મંદિરની સામે, નવસારી-ગ્રીડ રોડ, મોજે કાબિલપોર, નવસારી - જિલ્લો નવસારી. જેનું ક્ષેત્રફળ 1000 ચોરસ ફૂટ એટલે કે 92.93 ચોરસ મીટર છે, તેની સાથે મૂળ જમીન પર 17.27 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો છે. **જેની સીમાઓ - ઉત્તર:** નવસારી ગ્રીડ રોડ, **દક્ષિણ:** પેસેજ (રસ્તો), **પૂર્વ:** ફ્લેટ નંબર-104, **પશ્ચિમ:** ફ્લેટ નંબર-102. માલિકનું નામ: **દેવજીભાઈ વાલાજીભાઈ પટેલ.**

2. તારીખ 23.10.2024 ના દેવા સ્વીકાર પત્રમાં, તમે સ્વીકાર્યું છે કે તારીખ **23.10.2024**ના રોજ બેંક પ્રત્યે તમારી જવાબદારી **Rs. 24,91,667.02** હતી. ઉપર જણાવેલ બાકી રકમમાં તારીખ **18.01.2026** સુધીના ઉપાડ અને વ્યાજનો સમાવેશ થાય છે.
3. તમે જાણો છો તેમ, તમે **13.01.2026**ના રોજ પૂરા થતા સમયગાળા માટે ઉપરોક્ત લોન/બાકી રકમ પર વ્યાજ ચૂકવવામાં કસૂર કરી છે. તમે ટર્મ લોન/ડિમાન્ડ લોનના હપ્તાની ચુકવણીમાં પણ કસૂર કરી છે જે **13.01.2026** અને ત્યારબાદ ચુકવણી માટે બાકી નીકળતા હતા.
4. તમારા દ્વારા કરવામાં આવેલી ચુકવણીની કસૂરના પરિણામે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો અને માર્ગદર્શિકા મુજબ તમારા લોન ખાતાને **13.01.2026**ના રોજ 'નોન-પરફોર્મિંગ એસેટ' (NPA) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. અમારી વારંવારની વિનંતીઓ અને માંગણીઓ છતાં, તમે વ્યાજ સહિતની બાકી લોન પરત કરી નથી.
5. ઉપરોક્ત ફકરા 1 માં જણાવેલ વિવિધ જામીનગીરીઓ દ્વારા સુરક્ષિત ધિરાણ સુવિધાઓના સંદર્ભમાં તમારી જવાબદારીઓ પૂરી કરવામાં તમારી અક્ષમતા અને તમારા ખાતાને NPA તરીકે વર્ગીકૃત કરવાને ધ્યાનમાં રાખીને, અમે તમને આથી સિક્યુરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ની કલમ 13 ની પેટા-કલમ (2) હેઠળ નોટિસ આપીએ છીએ અને ફકરા 1 માં જણાવ્યા મુજબ કુલ **Rs. 25,62,209.56 (અંકરે રૂપિયા પચ્ચીસ લાખ બાસઠ હજાર બસો નવ અને છપ્પન પૈસા પૂરા)**ની તમારી જવાબદારી આ નોટિસની તારીખથી 60 દિવસની અંદર સંપૂર્ણ રીતે ચૂકવવા અને મુક્ત કરવા માટે જણાવીએ છીએ. અમે તમને વધુમાં નોટિસ આપીએ છીએ કે ચુકવણીની તારીખ સુધીના વ્યાજ સાથે ઉપરોક્ત રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જશો તો, અમે ઉક્ત કાયદાની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળના તમામ અથવા કોઈપણ અધિકારોનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર રહીશું, જેની કૃપા કરીને નોંધ લેવી.
6. કૃપા કરીને નોંધ લેશો કે, સંપૂર્ણ ચુકવણી ન થાય ત્યાં સુધી દરેક ધિરાણ સુવિધા માટે ફકરા 1 માં નિર્દિષ્ટ દરે વ્યાજ મળવાનું ચાલુ રહેશે.
7. અમે તમારું ધ્યાન ઉક્ત કાયદાની પેટા-કલમ 13(13) તરફ દોરીએ છીએ, જેની શરતો મુજબ તમે અમારી પૂર્વ લેખિત સંમતિ મેળવ્યા વિના ફકરા 1 માં ઉલ્લેખિત કોઈપણ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ, લીઝ અથવા અન્યથા (વ્યાપારના સામાન્ય માર્ગ સિવાય) ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધિત છો. અમે ઉમેરી શકીએ છીએ કે ઉક્ત કાયદાની કલમ 13(13) માં સમાવિષ્ટ ઉપરોક્ત જોગવાઈનું પાલન ન કરવું એ કાયદાની કલમ 29 હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે.
8. અમે વધુમાં તમારું ધ્યાન ઉક્ત કાયદાની કલમ 13 ની પેટા કલમ (8) તરફ દોરીએ છીએ, જેની શરતો મુજબ તમે સુરક્ષિત અસ્કયામતોને છોડાવી શકો છો, જો બેંક દ્વારા કરવામાં આવેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સાથેની લેણી રકમ તમારા દ્વારા જાહેર હરાજી માટે નોટિસના પ્રકાશન/ક્વોટેશન મંગાવવા/ટેન્ડર/ખાનગી કરાર પહેલાં કોઈપણ સમયે ચૂકવવામાં આવે. કૃપા કરીને નોંધ લો કે ઉપર મુજબની નોટિસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત અસ્કયામતોને છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહીં.
9. કૃપા કરીને નોંધ લો કે આ માંગણી નોટિસ અન્ય કોઈપણ અધિકારો અથવા ઉપાયોના પૂર્વગ્રહ વિના છે જે અમારી પાસે હોઈ શકે છે, અને તેને તે અધિકારોના માફી તરીકે ગણવામાં આવશે નહીં, જેમાં મર્યાદા વિના, અમારી પાસે બાકી રહેલી રકમ માટે વધુ માંગણીઓ કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે.

**સ્થળ: થેરડી કાંચીપુરમ** **(અધિકૃત અધિકારી)**
**તારીખ: 19.01.2026** **બાંક ઓફ બરોડા**

# વંદે ભારત સ્લીપર એક્સપ્રેસને મુસાફરોનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે, રેલ મદદ પ્લેટફોર્મ પર સતત ૧૦૦% સમયસર, કોઈ ફરિયાદ નહીં







માલીગાંવ : કામખ્યા-હાવડા રૂટ પર કાર્યરત વંદે ભારત સ્લીપર એક્સપ્રેસને મુસાફરો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે. મુસાફરો આ સેવાનો ઉપયોગ કરતી વખતે અપાર સંતોષ અને ખુશી વ્યક્ત કરી રહ્યા છે. વંદે ભારત સ્લીપર એક્સપ્રેસનું ઉદ્ઘાટન ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ભારતના માનનીય વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું, જે ભારતીય રેલ્વેના આધુનિકીકરણમાં એક ઐતિહાસિક ક્ષણ હતી. મુસાફરોએ આધુનિક ડિઝાઈન, વધેલી આરામ, શ્રેષ્ઠ મુસાફરીનો અનુભવ અને અદ્યતન ઓનબોર્ડ સુવિધાઓની વ્યાપક પ્રશંસા કરી છે, જે તેમની મુસાફરીને વધુ આનંદપ્રદ અને યાદગાર બનાવે છે. લાંબા અંતરની રેલ મુસાફરીને પરિવર્તિત કરવા તરફના એક મુખ્ય પગલા તરીકે રજૂ કરાયેલ, વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ ભારતીય રેલ્વેની વિશ્વ કક્ષાની મુસાફરી સુવિધાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કામાખ્યા અને હાવડા વચ્ચે મુસાફરી કરતા મુસાફરોએ ટ્રેનના સરળ સંચાલન, સ્વચ્છતા, અત્યાધુનિક સલામતી સુવિધાઓ અને સ્લીપર ક્લાસના આરામને તેમના સકારાત્મક મુસાફરી અનુભવમાં ફાળો આપતા મુખ્ય પરિબળો તરીકે ગણાવ્યા છે. મુસાફરોએ ખાસ કરીને આ ટ્રેનમાં પહેલીવાર રજૂ કરાયેલા પ્રીમિયમ બેડ રોલ્સની પ્રશંસા કરી છે. ધાબળા સાંગાનેરી પ્રિન્ટ કવરથી સજ્જ છે, જે આરામદાયક, સ્વચ્છ અને સૌંદર્યલક્ષી રીતે આનંદદાયક છે. મુસાફરોએ ટ્રેનની સમયપાલનની પણ ખૂબ પ્રશંસા કરી છે. નિયમિત કામગીરી શરૂ થયા પછી, ટ્રેન સતત 100% સમયપાલન પ્રાપ્ત કરી છે. ખાસ કરીને નોંધનીય છે કે રેલ મદદ પ્લેટફોર્મ પર છેલ્લા કેટલાક દિવસોથી વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ પર સતત શૂન્ય ફરિયાદો નોંધાઈ છે. શરૂઆતના દિવસોમાં કેટરિંગ સેવાઓ અંગે કેટલીક ફરિયાદો હોવા છતાં, તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા પછી કોઈ નવી ફરિયાદ નોંધાઈ નથી. મુસાફરો હવે બોર્ડ પર પીરસવામાં આવતા ખોરાકની ગુણવત્તા અને સ્વાદમાં સુધારો થવાની ખુલ્લેઆમ પ્રશંસા કરી રહ્યા છે. વધુમાં, વેસ્ટિબ્યુલ શૌચાલયોની સ્વચ્છતાની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. વંદે ભારત સ્લીપર એક્સપ્રેસમાં તૈનાત તમામ આતિથ્ય સ્ટાફને મુસાફરો સાથે નમ્ર અને કાર્યક્ષમ વર્તન સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થિત રીતે તાલીમ આપવામાં આવી રહી છે. આ ઉદ્ઘાટન ભારત સરકારના વિઝનને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે, જેમાં ટકાઉ અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપતા ઝડપી, સલામત અને વધુ આરામદાયક રેલ મુસાફરી પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

સિટી એક્સપ્રેસ

SATURDAY 07 FEBRUARY-2026

AHMEDABAD

## સેવન્થડે સ્કૂલમાં સ્ટુડન્ટના શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખ્યા

અમદાવાદ | અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ ફરી એક વખત વિવાદમાં આવી છે. સ્કૂલમાં ધોરણ 7ના વિદ્યાર્થીને 3 વિદ્યાર્થીએ માર મારી શર્ટના બટન તોડી નાખ્યા છે. વિદ્યાર્થીએ મોનિટર હોવાથી અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું, જેની અદાવત રાખીને ત્રણ વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હતો. મહત્ત્વનું છે કે સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે છતાં આ પ્રકારની ઘટના બની છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ ત્રણ વિદ્યાર્થી સામે ફરિયાદ નોંધાવી છે.

## ‘દેવાયત ખવડ પ્રખ્યાત નહીં, કુખ્યાત અને માથાભારે છે:HC

અમદાવાદ | દેવાયત ખવડે ગુજરાત હાઇકોર્ટમાં વિવિધ અરજીઓ દાખલ કરી છે. જે પૈકી તેની સામે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અને તાલાલા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની પણ એક અરજી છે. આ સંદર્ભે ચાંગોદર પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ રદ કરવાની અરજી ફરિયાદી અને આરોપીની સહમતિથી થઈ છે. હાઇકોર્ટ સમક્ષ રજૂઆત કરાઈ હતી કે દેવાયત ખવડ સામે કુલ 06 ગુના નોંધાયેલા છે. જેમાંથી 03 ગુનામાં તે નિર્દોષ છૂટ્યો છે અને બે ગુનામાં સમાધાન થયું છે. જ્યારે એક બાકી છે.




# અમદાવાદમાં 74મી નેશનલ ટાઉન પ્લાનર્સ કોન્ફરન્સનો પ્રારંભ, અર્બન ડેવલપમેન્ટ માટે નવો રોડમેપ તૈયાર

(એજન્સી) અમદાવાદ | તા.06

અમદાવાદ ખાતે 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા' (ITPI) દ્વારા આયોજિત 74મી નેશનલ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનર્સ કોન્ફરન્સનો ભવ્ય પ્રારંભ થયો છે. ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય શહેરી બાબતોના સચિવ કે. શ્રીનિવાસે ભાર મૂક્યો હતો કે ભારતના શહેરી આયોજનમાં હવે શહેરની સીમાઓથી આગળ વધીને પબ્લિક, પ્રોડક્ટિવિટી અને ક્વોલિટી પર ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય છે. તેમણે જણાવ્યું કે આગામી દાયકાઓમાં ભારતની શહેરી વસ્તીમાં 35 થી 40 કરોડ લોકોનો ઉમેરો થવાની સંભાવના છે, ત્યારે શહેરોને માત્ર કોંક્રિટના જંગલો બનાવવાને બદલે સમયની બચત અને વધુ પ્રોડક્ટિવિટી આપે તેવા હબ તરીકે વિકસાવવા પડશે. આ ત્રણ દિવસીય ઈવેન્ટમાં દેશભરમાંથી 500થી વધુ નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે. કોન્ફરન્સ દરમિયાન નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, કોઈ પણ શહેરનો એકલો વિકાસ શક્ય નથી, તેથી સંતુલિત વિકાસ માટે 'રીજીયોનલ પ્લાનિંગ' (પ્રાદેશિક આયોજન) કેન્દ્ર સ્થાને હોવું જોઈએ. પૂર્વ મ્યુનિસિપલ કમિશનર કેશવ વર્મા અને રાજ્યમંત્રી દર્શના વાઘેલાએ પણ જીવનની ગુણવત્તા, હરિયાળી જગ્યાઓ અને લોકોની ભાગીદારી વધારવા પર ભાર મૂક્યો હતો. કોન્ફરન્સમાં ખાસ કરીને રેપિડ ટ્રાન્ઝિટ કોરિડોર અને મેટ્રો શહેરોના આર્થિક વિકાસ અંગે ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી. બીજા દિવસે આબોહવા સાક્ષરતા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો શહેરી આયોજનમાં ઉપયોગ અને ગુજરાતની 100 વર્ષની ટાઉન પ્લાનિંગ સ્કીમ્સના પાઠ પર સત્રો યોજાશે. આ કોન્ફરન્સના સમાપન સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહી માર્ગદર્શન પૂરું પાડશે.

## ગુજરાત હાઈકોર્ટની સરકારને ફટકાર, કન્ટેમટ પીટીશનમાં સેક્રેટરીને કોર્ટના આકરા સવાલ

(એજન્સી) અમદાવાદ | તા.06

જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે તેવી ઝાટકણી કાઢતા સરકારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગુ કોર્ટે ખાસ કરીને નાણા વિભાગની કાર્યશૈલી પર વેધક સવાલો ઉઠાવતા ફાયનાન્સ સેક્રેટરીને પૂછ્યું હતું કે, ‘શું નાણા વિભાગ હાઈકોર્ટના હુકમની કોઈ કદર કરતું નથી? શું વિભાગ આદેશ છતાં પગાર ચૂકવવાની અનુમતિ આપતું નથી?‘ હાઈકોર્ટે સ્પષ્ટ ચીમકી આપી છે કે અદાલતના આદેશોનું પાલન કરવું એ કોઈ વિકલ્પ નથી પણ ફરજ છે. જો આગામી સમયમાં યોગ્ય અમલવારી નહીં થાય, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે તેવી ઝાટકણી કાઢતા સરકારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. જરાત હાઈકોર્ટે રાજ્ય સરકારના વહીવટી તંત્રની શિથિલતા અને કોર્ટના આદેશોની અવગણના કરવા બદલ સરકારી બાબુઓનો જોરદાર ઉધડો લીધો છે. એક વન કર્મચારીને તેનો બાકી પગાર ચૂકવવા માટે હાઈકોર્ટે અગાઉ સ્પષ્ટ હુકમ કર્યો હતો, તેમ છતાં મહિનાઓ વીતી ગયા છતાં વહીવટી મંજૂરીના બહાને કર્મચારીને નાણાં ચૂકવવામાં આવ્યા નહોતા. આ મામલે થયેલી કન્ટેમટ ઓફ કોર્ટ પીટીશનની સુનાવણી દરમિયાન હાઈકોર્ટ લાલઘૂમ થઈ હતી અને જવાબદાર અધિકારીઓ પાસેથી લેખિત ખુલાસો માંગ્યો છે.

## MLA ક્વાર્ટરમાં નોકરી કરતા કર્મીનું અકસ્માતમાં મોત...

ગાંધીનગર | ગાંધીનગરમાં આજે(6 ફેબ્રુઆરી) સવારે શહેરના વ્યસ્ત ગણાતા ચ-6 સર્કલ નજીક એક બેફામ ડમ્પરે બાઇકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં MLA ક્વાર્ટરમાં નોકરી કરતા બાઇકચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.જ્યારે અન્ય તેમના મિત્રને ઈજાઓ પહોંચી છે. આ અંગે સેકટર 21 પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

બાસણ ગામના રહેવાસી દિનેશજી નાથાજી ઠાકોર MLA ક્વાર્ટરમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતા હતા. આજે સવારે તેઓ પોતાના મિત્ર સાથે બાઇક પર ફરજ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ચ-6 સર્કલ પાસેથી એક ડમ્પર ટર્ન લઈ રહ્યું હતું. આ દરમિયાન બાઇક ડમ્પર સાથે અથડાઈ હતી.

આ ટક્કર એટલી જોરદાર હતી કે દિનેશજી રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓને કારણે તેમનું સ્થળ પર જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. અકસ્માત સર્જાતા જ આસપાસના રાહદારીઓ અને વાહનચાલકો મદદે દોડી આવ્યા હતા. અકસ્માતને પગલે રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ અને ટ્રાફિક બ્રિગેડનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને ટ્રાફિક નિયમન કરાવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. આ અંગે સેકટર 21 પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### અંદાજે 2000 કરોડના બજેટમાં નવા વિસ્તારોને પ્રાધાન્ય મળશે, ટેક્સના બોજ વિના સુવિધાઓનું સ્માર્ટ પેકેજ આવશે

## રોષ ઠારવા મનપાનું 'ડેમેજ કંટ્રોલ બજેટ' રજૂ થશે

ગાંધીનગર | મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આજે મ્યુનિસિપલ કમિશનર દ્વારા વર્ષ 2026 - 27નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવશે. અંદાજે 1900 થી 2000 કરોડના કદ ધરાવતા આ બજેટમાં શહેરના મધ્યમવર્ગીય પરિવારો પર નવા કરવેરાનો બોજ લાદ્યા વિના માત્ર લોકપ્રિય જાહેરાતોનો વરસાદ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. ખાસ કરીને રસ્તા, ગટર, બગીચા અને જળાશયોના સૌંદર્યીકરણ જેવા કામોને પ્રાથમિકતા આપી નારાજ મતદારોને મનાવવા માટે તંત્રએ કમર કસી છે.




ગાંધીનગર મહાનગરપાલિકામાં સત્તાના સૂત્રો જાળવી રાખવા અને આગામી ચૂંટણીમાં મતદારોને રિઝવવા માટે આજે મ્યુનિસિપલ કમિશનર 'લોકપ્રિય' બજેટનો પિટારો ખોલશે. અંદાજે 1900 થી 2000 કરોડના આ ડ્રાફ્ટ બજેટમાં શહેરના ગરીબ અને મધ્યમ વર્ગ પર કોઈ નવો ટેક્સ ઝીંકવાને બદલે પાયાની જરૂરિયાતો જેવી કે રસ્તા, ગટર અને પાણીની સુવિધાઓ માટે માતબર રકમ ફાળવવામાં આવી શકે છે.


પાટનગરના રસ્તાઓની જે રીતે ચણીબોર જેવી હાલત થઈ છે, તેનાથી મતદારોમાં ભારે નારાજગી છે. છેલ્લા ચાર વર્ષથી રસ્તા અને ગટરના પ્રશ્ને પરેશાન નાગરિકોનો રોષ ચૂંટણીમાં ન નડે તે માટે બજેટની જોગવાઈઓમાં સંગઠને સીધી દખલગીરી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ખાસ કરીને જે નગરસેવકોએ લોકોના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું છે તેમને જનતા વચ્ચે મોઢું બતાવવા જેવું કરવા માટે બજેટમાં આકર્ષક પ્રોજેક્ટ્સ અને સ્માર્ટ સિટીના વિસ્તરણની જાહેરાતોનો મારો ચલાવવામાં આવશે.

કોમનવેલ્થના પગલે ગાંધીનગરના બજેટમાં પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ફોકસ રહેશે

અમદાવાદની સાથે ગાંધીનગર પણ કોમન વેલ્થ ગેમ્સ માટે યજમાન બનવા જઈ રહ્યું છે, ત્યારે આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ફોકસ રહેશે. રાયસણ-કુડાસણની જેમ ભાટ-કોબા વિસ્તારમાં રિવરફ્રન્ટને જોડતા નવા આઈકોનિક રોડની જાહેરાત થઈ શકે છે. ભાટ-કોબામાં આઈકોનિક રોડની જાહેરાત પાછળ મનપાનો હેતુ શહેરના ડેવલપમેન્ટને વૈશ્વિક સ્તરે બતાવવાની સાથે આગામી ચૂંટણીમાં માઈલેજ મેળવવાનો રહે તો નવાઈ નહીં. સ્માર્ટ કિઓસ્ક અને હાઈટેક સુવિધાઓના નામે મતદારોને આકર્ષવા માટે બજેટમાં ખાસ પોલિટિકલ ફોક્સ સાથેની જોગવાઈઓ કરવામાં આવી શકે છે.

## નરોડામાં અગરબત્તીના કારખાનામાં વિકરાળ આગ

### ફાયરની 9 જેટલી ગાડીએ 3 કલાકે કાબૂમાં લીધી, માલિકનો કોઈ અત્તોપત્તો નહિ, નજીકમાં 30થી વધુ સોસાયટી



(એજન્સી) અમદાવાદ | તા.06

અમદાવાદના નરોડા વિસ્તારમાં મુક્તિધામ નજીક આવેલા અમરનાથ એસ્ટેટમાં અગરબત્તીના કારખાનામાં મોડીરાત્રે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની 9 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણથી ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આગ એટલી વિકરાળ હતી કે, થોડા સમયમાં જ આખું કારખાનું સળગી ઊઠ્યું હતુ અને આસપાસના રહેવાસીઓમાં પણ ભય ફેલાયો હતો. 6 ફેબ્રુઆરીની વહેલી સવાર સુધી કામગીરી કરવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ પણ જાનહાની થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. મળતી માહિતી મુજબ, નરોડા મુક્તિધામ પાસે અમરનાથ એસ્ટેટ આવેલું છે, જેમાં રાત્રે 11:30 વાગ્યાની આસપાસ આગ લાગી હોવાનો મેસેજ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમને મળ્યો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની નવ જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. ફાયરના જવાનો ત્યાં પહોંચ્યા ત્યારે આગ ખૂબ જ વીકરાળ બની ગઈ હતી. અગરબત્તીનું કારખાનું હોવાના કારણે ઝડપથી આગ ફેલાઈ ગઈ હતી. આગ દૂરથી જોઈ શકાય એટલી વિકરાળ હોવાને લઈ ફાયર બ્રિગેડના જવાનો દ્વારા તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી કરવામાં આવી હતી.

અગરબત્તીનો જથ્થો વધારે હતો અને તેને બુજાવવામાં વાર લાગતી હોવાને લઈ ફાયર બ્રિગેડના જવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. અંદાજિત બેથી ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી અને આગ સંપૂર્ણપણે બૂજાવી દેવામાં આવી હતી. વહેલી સવાર સુધી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કુલિંગની કામગીરી કરવામાં આવી હતી. અગરબત્તીના કારખાનામાં મોડીરાત્રે આગ લાગેલી હતી, તેમ છતાં અગરબત્તીના કારખાનાના માલિક કોણ છે તે અંગે સ્પષ્ટતા થઈ નથી. કેવી રીતે આગ લાગી તે અંગે પણ જાણકારી મળી નથી.

## 'પરીક્ષા પે ચર્ચા'ના માધ્યમથી PMએ વિદ્યાર્થીઓનો પરીક્ષાનો ડર દૂર કર્યો : વિદ્યાર્થીઓએ લાઇવ પ્રસારણ નિહાળ્યું

(એજન્સી) અમદાવાદ | તા.06

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમની 9મી આવૃત્તિ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાનએ દેશભરના વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ જોયું હતું. ત્યારે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ કાર્યક્રમને નિહાળ્યો હતો.

પરીક્ષાના તણાવને કેવી રીતે દૂર કરવો અને સફળતા કેવી રીતે મેળવવી તે અંગેના વડાપ્રધાનના માર્ગદર્શનથી વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહ ભેર આ કાર્યક્રમ નિહાળ્યો હતો. જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરી પણ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં પહોંચી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

વડાપ્રધાન મોદીના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ અંગે પ્રતિસાદ આપતા જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ભય ઘણો ઓછો થયો છે. પ્રધાનમંત્રી દ્વારા 9મી આવૃત્તિ 'પરીક્ષા પે ચર્ચા' હેઠળ આજે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરની પણ તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓએ આ લાઈવ પ્રસારણ નિહાળ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરીક્ષામાં કેવી રીતે સફળ થવું અને ખાસ કરીને તણાવમુક્ત રહીને પરીક્ષા કેવી રીતે આપવી તે માટે વડાપ્રધાને વિવિધ ઉદાહરણો આપી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આ પ્રકારના કાર્યક્રમોથી વિદ્યાર્થીઓનો પરીક્ષાનો તણાવ નહિવત થઈ જાય છે.

## કચરા ગાડીએ બે સગીરાને ફૂટબોલની જેમ 15 ફૂટ ઉછાળી



અમદાવાદ | અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પ્રણામી બંગલોઝ નજીક એક અકસ્માતની ઘટના બની છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની કચરો કલેક્શન કરતી ગાડીએ બે કિશોરીને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં બંને કિશોરી ઘાયલ થઈ હતી, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. અકસ્માતમાં ગાડીએ ટક્કર મારતાં કિશોરી હવામાં ઊછળી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

મળતી માહિતી અનુસાર, ગઈકાલે સાંજે માધવ પાર્કમાં રહેતા રાજસ્થાની પરિવારની બે કિશોરી એક્ટિવા પર જઈ રહી હતી. એ સમયે પાછળથી આવી રહેલી AMCની કચરો લઈ જતી ગાડીએ તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા ચલાવી રહેલી કિશોરી ફંગોળાઈ ગઈ હતી. આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતા જગાવી છે. અકસ્માત બાદ તરત જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક H ડિવિઝનના PI એ.વાય. પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આસપાસના લોકોએ ગાડીના ડ્રાઈવરને પકડીને પોલીસને સોંપ્યો હતો. પોલીસે ડ્રાઈવરની અટકાયત કરી હતી અને અકસ્માતગ્રસ્ત કચરા ગાડીને કબજે કરી હતી.

## યુવક પર 3 શખ્સોએ તલવાર-છરા લઈ તૂટી પડ્યા : એક મિનિટમાં 34 ઘા માર્યાં

અમદાવાદ | અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પ્રેમસંબંધમાં એક યુવક પર ત્રણ શખસે તલવાર અને છરા વડે હુમલો કર્યાના સીસીટીવી સામે આવ્યા છે. બાપુનગરમાં 31મી તારીખે જ્યારે યુવક પોતાની મોટરસાઈકલ બેઠો હતો ત્યારે ધસી આવેલા ત્રણ શખસ તલવાર અને છરા લઈ તૂટી પડ્યા હતા. યુવકને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો. પોલીસે ત્રણેય હુમલાખોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મજુબ, બાપુનગરમાં રહેતા યાસીન મુસ્તફાપઠાણ ટ્રાન્સપોર્ટના ધંધા સાથે સંકળાયેલો છે. તેનો સાળો મોહમ્મદ ઈસ્લામ એક મહિના પહેલાં મોહમ્મદ અંસારની પત્નીને ભગાડી ગયો હતો, જેથી મોહમ્મદ અંસાર દ્વારા યાસીન અને તેના સસરા મુન્નાભાઈને કહ્યું હતું કે તમે બંનેને શોધી આપો, નહીં તો તમારા હાથપગ ભાંગી નાખીશ. યાસીન અને તેના પરિવારે બંનેને શોધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મળ્યો નહિ. 31મી જાન્યુઆરીએ રાત્રિના સમયે યાસીન અને તેના મિત્રો જ્યારે અમદાવાદના અજિત મિલ ચાર રસ્તા પાસે ધંધાના કામે ઊભા હતા.

### કચ્છના શિક્ષણ જગતમાં એક સરાહનીય પહેલ | બાળકોમાં બાળપણથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને જાગૃતિનો બીજારોપણ કરાશે

## શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળામાં ₹2.50 લાખના ખર્ચે બનશે અદ્યતન લાઈબ્રેરી

જગદીશ દવે દેશલપર (ગુંતલી) | તા.06

કચ્છના શિક્ષણ જગતમાં એક સરાહનીય પહેલ કરતા, શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળા ખાતે ભવિષ્યની પેઢીને સજ્જ કરવા માટે એક અત્યાધુનિક લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવનાર છે. આ પ્રકલ્પ KFFFDT સંસ્થા (ભુજ), સેતુ અભિયાન અને સ્થાનિક ગ્રામજનોના સંયુક્ત સહયોગથી આકાર લઈ રહ્યો છે. અંદાજિત ૨,૫૦,૦૦૦/- (અઢી લાખ રૂપિયા) ના ખર્ચે તૈયાર થનારી આ લાઈબ્રેરી માત્ર પુસ્તકોનું સંગ્રહસ્થાન નહીં, પરંતુ જ્ઞાન અને કારકિર્દી ઘડતરનું કેન્દ્ર બનશે.



### લાઈબ્રેરીની મુખ્ય વિશેષતાઓ અને ઉદ્દેશ્યો

- **પાયાથી જ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી--** આ લાઈબ્રેરીનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક ધોરણના બાળકોને નાનપણથી જ તેમના ધ્યેય નક્કી કરવા માટે પ્રેરિત કરવાનો છે. અહીં બાળકોને સરકારી નોકરીઓ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેનું પાયાનું માર્ગદર્શન અને સાહિત્ય પૂરું પાડવામાં આવશે.
- **સામાજિક જાગૃતિ અને કુરિવાજોનો અંત--** સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધા, રૂઢિઓ અને અણસમજને દૂર કરવા માટે આ પુસ્તકાલય જ્ઞાનવર્ધક સાહિત્ય દ્વારા મહત્વની ભૂમિકા ભજવશે.
- **નકારાત્મકતા તરફથી જ્ઞાન તરફ પ્રયાણ--** હાલના સમયમાં આંદોલનો, ધરણા અને વિરોધ પ્રદર્શનોમાં જે માનવ મેદની વ્યર્થ જાય છે, તેને જ્ઞાનના માર્ગે વાળવાનો એક નમ્ર પ્રયાસ છે. જો યુવાધન પુસ્તકાલય તરફ વળશે, તો તે માત્ર પોતાનું ગુજરાન ચલાવવા સક્ષમ નહીં બને, પરંતુ રાષ્ટ્રના વિકાસમાં પણ સક્રિય ફાળો આપી શકશે.
- આ પ્રકલ્પ ગ્રામીણ વિસ્તારના બાળકોને શહેરી વિસ્તારના બાળકોની સમકક્ષ લાવવા માટે એક મોટું પગલું સાબિત થશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...